BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**પ્રથમ વર્ષ BA - અર્થશાસ્ત્ર**
**પેપર - ૨**
**(મુખ્ય તથા ગૌણ)**
**ECOM 102/ ECOS 102**
**ભારતીય અર્થતંત્રનો પરિચય**



# ભારતનાં કૃષિ અને ઉદ્યોગક્ષેત્ર

# 2

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશ અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOU ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયના પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રાને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડીયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ !

**કુલપતિશ્રી**

**ડૉ. અમીબેન ઉપાધ્યાય,**

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,*

*જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.*

| વિષય સમિતિ | |
|---|---|
| ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. ગીતા પંડ્યા | પ્રિન્સિપાલ, સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી એજ્યુકેશન કેમ્પસ, મણિનગર, અમદાવાદ |
| ડૉ. તુષાર હાથી | એસોસિએટ પ્રોફેસર, કુલપતિ (ઇન્ચાર્જ) નિવૃત્ત, કે. એસ. કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ, કચ્છ |
| **લેખન** | |
| ડૉ. રામ વારોતરિયા | યુ.એન.મહેતા આર્ટસ કોલેજ,મોરબી |
| શ્રી જીજ્ઞેશ પુરબિયા | શ્રી એસ.ડી.આર્ટસ એન્ડ ડી.આર કોમર્સ કોલેજ, માણસા |
| **પરામર્શન (વિષય)** | |
| ડૉ. હસમુખ દેસાઈ | પ્રોફેસર અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ. કલ્પના સતીજા | એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, કે. એસ. કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ, કચ્છ |
| ડૉ. મંજુલા લક્ષ્મણ | એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ |
| ડૉ. જી. ડી. ત્રિપાઠી | પ્રિન્સિપાલ, સી. એન. આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડી, મહેસાણા |
| ડૉ. ઈલા જયદેવ | એસોસિએટપ્રોફેસર, એલ. ડી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ |
| પ્રો. ડૉ. પી. જી. મારવાણીયા | પ્રોફેસર અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ડૉ. રોહિત દેસાઈ | ડી. ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે. જે. પટેલ કૉમર્સ કૉલેજ, ખેડબ્રહ્મા |
| **પરામર્શન (ભાષા)** | |
| ડૉ. જાગૃતિ મહેતા | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. જીતલ રાઠોડ | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **સંપાદન** | |
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| શ્રી જીવરાજ ઝાંપડીયા | આસિસ્ટન્ટ પ્રોફેસરઅર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **પ્રકાશક** | |
| ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદી | કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**ISBN : 978-93-89456-05-9**

## : સર્વાધિકાર સુરક્ષિત :

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વ-અધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસક્રમ-સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

This publiation is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0) https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

# ECOM 102/ ECOS 102
# ભારતીય અર્થતંત્રનો પરિચય

વિભાગ

# 2

## ભારતનું કૃષિ અને ઉદ્યોગક્ષેત્ર

એકમ-5 કૃષિક્ષેત્રની વ્યાખ્યા, લક્ષણો, મહત્ત્વ

એકમ-6 કૃષિક્ષેત્ર : ભારતમાં કૃષિ સ્થિતિ, સરકારની નીતિ

એકમ-7 ભારતનુ ઉદ્યોગક્ષેત્ર - I

એકમ-8 ભારતનુ ઉદ્યોગક્ષેત્ર - II

# *વિભાગ પરિચય*

# 2 ભારતનું કૃષિઅને ઉદ્યોગક્ષેત્ર

**એકમ:5** કૃષિક્ષેત્રની વ્યાખ્યા, લક્ષણો, મહત્ત્વ

**એકમ:6** કૃષિક્ષેત્ર : ભારતમાં કૃષિ સ્થિતિ, સરકારની નીતિ

**એકમ:7** ભારતનુ ઉદ્યોગક્ષેત્ર - I

**એકમ:8** ભારતનુ ઉદ્યોગક્ષેત્ર - II

# એકમ 5 કૃષિક્ષેત્ર : વ્યાખ્યા, લક્ષણો, મહત્ત્વ

## : રૂપરેખા :


**5.0 ઉદ્દેશો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 વ્યાખ્યા**

**5.3 લક્ષણો**

**5.4 મહત્ત્વ**

**5.5 સમાપન**

**5.6 ચાવીરૂપ શબ્દો**

**5.7 સંદર્ભ સાહિત્ય**

**5.8 સ્વાધ્યાય**


## 5.0 ઉદ્દેશો

1. વ્યાખ્યા અને લક્ષણો દ્વારા કૃષિક્ષેત્રનો સૈધ્ધાંતિક પરિચય આપવો
2. અર્થતંત્રમાં કૃષિક્ષેત્રનું મહત્ત્વ

## 5.1 પ્રસ્તાવના :

માણસ જાતિનો વિકાસનો ઈતિહાસ ખૂબ જ રસપ્રદ છે. ઈતિહાસની દ્રષ્ટિએ પણ ઐતિહાસિક યુગથી લઈને આજે માણસ બીજા ડિજિટલ યુગમાં પહોંચ્યો છે. આ આખી વિકાસની યાત્રામાં જુદા - જુદા સમયે જુદા - જુદા ક્ષેત્રોનું મહત્ત્વ જોવા મળે છે. એમ કહેવાય છે કે અગ્નિની શોધ થયા પછી માણસ ખોરાક રાંધવા લાગ્યો. એ પહેલાના સમયમાં તે કુદરત જે વનસ્પતિ, વૃક્ષો, ફળ-ફૂલ આપે તેનો જ માણસ ખોરાક અને પોષાક માટે ઉપયોગ કરતો હતો. આજે આપણે એમ કહીએ છીએ કે આપણે ડિજિટલ યુગમાં પ્રવેશ કર્યો છે, પરંતુ આમ છતાં પણ વૃક્ષ અને વનસ્પતિથી આપણે દૂર રહી શકતા નથી તે એમ સૂચવે છે કે માણસના અસ્તિત્ત્વને ટકાવી રાખવામાં અને માણસનો વિકાસ કરવામાં ખેતી આજે પણ અતિ મહત્ત્વ ધરાવે છે.

## 5.2 વ્યાખ્યા

કૃષિક્ષેત્ર એટલે શું ? આવો પ્રશ્ન કરીએ ત્યારે આપણને તેના ઘણા ઉત્તર મળે. કૃષિ એ કુદરત સાથે જોડાયેલ પ્રવૃત્તિ છે જ, પરંતુ વ્યવસાયની રીતે પણ બહુ જ મોટી પ્રવૃત્તિ છે. એમ કહેવામાં આવે છે કે સમાજ જો ખેતીપ્રધાન હોય તો તેના વિકાસમાં પણ એકંદર પછાતપણું જોવા મળે. આ કથાનક અલબત્ત સંપૂર્ણ સાચું નથી. ખેતી એટલે કે કૃષિ આર્થિક પ્રવૃત્તિનો એક પ્રકાર છે. જો રૂઢિગત / પરંપરાગત રીતે કહીએ તો સેંકડો વર્ષો સુધી માણસ અનાજ ઉગાડવાની પ્રવૃત્તિ કેવળ પોતાના ઘર અને કુટુંબ માટે કરતો હતો. એટલે કે એક સમયે ખેતી કરવાનો મૂળ હેતુ જીવન ટકાવવા માટેનો જ હતો. તે કાળમાં ખેતી એક આર્થિક પ્રવૃત્તિ છે તેવી સમજ ભાગ્યે જ હતી. પરંતુ વર્તમાનમાં કૃષિ માત્ર જીવનનિર્વાહ પૂરતી મર્યાદિત નથી.

ખેતી એક આર્થિક પ્રવૃત્તિ છે, ખેતી એક કળા પણ છે અને ખેતી એક વિજ્ઞાન પણ છે. ખેતી કળા એ અર્થમાં છે કે ખેડૂત નવી રીતથી કુદરત પાસેથી પ્રાપ્ય સાધનોને યોગ્ય રીતે વાપરીને પ્રવૃત્તિ કરે છે. સામાન્ય રીતે ખેડૂત વર્ગ પોતે જે વિસ્તારમાં છે તેની વિશેષતા, મર્યાદા ધ્યાનમાં લઈ અને ઉપજ મેળવવા માટે પ્રયત્ન કરે છે. કૃષિ એ કળા છે કારણ કે તેમાં ખેડૂત પોતાની સૂઝ, સમજ અને દ્રષ્ટિનો ઉપયોગ કરે છે.

ખેતી એક વિજ્ઞાન છે એવું પશ્ચિમના દેશોએ સેંકડો વર્ષો અગાઉ સમજાવેલું છે. જેમ વિજ્ઞાનમાં કાર્ય અને કારણનો સંબંધ છે, તેમ ખેતીમાં પણ જુદા - જુદા સાધનોના ઉપયોગ અને તેના પરિણામ માટે ચોક્કસ પ્રકારની પધ્ધતિઓનો વિકાસ થયો છે. આ પધ્ધતિ કૃષિક્ષેત્રને વિજ્ઞાન બનાવે છે. જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ ખેતીના વિજ્ઞાનનું સ્વરૂપ પણ બદલવા લાગ્યું.

એક સમયે ખેતી સંપૂર્ણપણે કુદરત આધારિત હતી. એટલે તે સમયે જરૂરિયાત કરતાં વધારે પ્રમાણમાં પુરવઠો મળી રહેતો હતો. અનુભવે સમજાયું કે જરૂરિયાતની સરખામણીમાં જો આપણે ઉત્પાદન નહીં વધારીએ તો અસ્તિત્ત્વ ટકાવવાના પ્રશ્નો ઉભા થશે. આ જ અનુભવને ધ્યાનમાં લઈ ખેડૂતવર્ગ જરૂરિયાત પ્રમાણે ઉત્પાદન વધારવા માટે વિજ્ઞાનનો ઉપયોગ કરતો થયો. જેમ જેમ વિકાસ અંગેની સમજ વધતી ગઈ તેમ તેમ વિજ્ઞાનની રીતે ખેતી કરવાનો પ્રારંભ થયો. આજે તો 'ખેતીનું વિજ્ઞાન' પણ એક સ્વતંત્ર શાખા છે. ખેતીનું વિજ્ઞાન જળ, જમીન, ખાતર, બિયારણ, દવાઓ, ઉત્પાદનનો સંગ્રહ - તેની વહેંચણી વગેરેમાં વિજ્ઞાનનો પ્રત્યક્ષ દોરી સંચાર જોવા મળે છે. એટલે આજે પણ ખેતીમાં પરંપરાગત કોઠા સૂઝ અને આધુનિક વિજ્ઞાન બંનેનો સમન્વય જોવા મળે છે.

કૃષિ કળા અને વિજ્ઞાન છે, તે ઉપરાંત તે એક આર્થિક પ્રવૃત્તિનો ભાગ છે. સમાજમાં દરેક માણસ પાસે સમાન કૌશલ્ય હોતું નથી અને સમાન દ્રષ્ટિ પણ હોતી નથી. તેથી સામાન્ય રીતે માણસ પોતાનું કૌશલ્ય અને પોતાની દ્રષ્ટિ જાણી, સમજી અને તેના આધારે આર્થિક પ્રવૃત્તિ પસંદ કરે છે. ઈતિહાસમાં જો ડોકિયું કરીએ તો જોવા મળે છે કે ખેતી એ મૂળભૂત આર્થિક પ્રવૃત્તિ હતી. એક કાળે સમાજનો મોટો ભાગ ખેતી આધારિત હતો. ખેતી કેવળ ઘરવપરાશ માટે ન કરતાં વધારે ઉત્પાદન મેળવીને સમાજની જરૂરિયાત માટે આ વધારાની પેદાશ કોઈ નિશ્ચિત મૂલ્ય રૂપે આપવામાં આવે તેવી પધ્ધતિનો વિકાસ થયો. એટલે કે ખેતી એ વેપારનું સ્વરૂપ ધારણ કર્યું. આજે આપણે ખેતીના વેપારને આંતરરાષ્ટ્રિય મહત્ત્વ આપ્યું છે અને સમૃધ્ધિનું એક સાધન બનાવ્યું છે.

સામાન્ય રીતે આપણી સમજ એવી છે કે જે કૃત્રિમ રીતે સાધનો બનાવવામાં આવે છે. જે આપણી જરૂરિયાતો સંતોષે છે તેને આપણે ઉદ્યોગ કહીએ. તે દ્રષ્ટિએ ખેતી પણ આજે એક ઉદ્યોગ બનેલ છે. જેમ ભૌતિક ચીજ વસ્તુનું ઉત્પાદન થાય છે અને તેમાં જુદા-જુદા પ્રકારનો કાચો માલ સાધન તરીકે વપરાય છે, તેમ ખેતીમાં પણ જુદા-જુદા નિયોજકોનો ઉપયોગ થાય છે અને તેના આધારે તેનું ઉત્પાદન પ્રાપ્ત થાય છે. આપણે ત્યાં એક જૂની કહેવતમાં પણ આ જોવા મળે છે કે ''ખેડ, ખાતર ને પાણી અનાજને લાવે તાણી.'' એટલે કે જુદા-જુદા નિયોજકોનો પ્રમાણસર ઉપયોગ કરી અન્ન ઉત્પાદનની જે પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે તેને આજની ભાષામાં કૃષિ અથવા તો ખેતીના એક વિભાગ તરીકે ઓળખવામાં આવે છે. આમ કૃષિક્ષેત્રમાં પ્રકૃતિ અને વિજ્ઞાન બંને અર્થ જોવા મળે છે. કૃષિક્ષેત્ર માણસના જીવનને ટકાવી રાખવામાં અને માણસનો વિકાસ કરવામાં પાયાનું સાધન છે, તો સમયે સમયે માણસની બદલાતી જીવન પ્રણાલિ કૃષિક્ષેત્રને નવું જ આપે છે. આમ કૃષિક્ષેત્ર એ એક એવું ક્ષેત્ર છે કે જેમાં અનેકવિધ બાબતોનો સમાવેશ થાય છે.

કૃષિ અર્થશાસ્ત્ર એટલે સામાન્ય અર્થશાસ્ત્રના જે ખ્યાલો કે સિધ્ધાંતો કૃષિક્ષેત્રમાં ઉપયોગમાં લેવામાં આવે છે તેવું અર્થશાસ્ત્ર. આજે ખેતી વિકાસનું એક મોટું સાધન ગણાય છે એટલું જ એ જટિલ પણ છે. જમીન, જમીનની માલિકી એટલું કાયદાનો વિષય છે. તો જમીનના તત્ત્વો એ રસાયણનો વિષય છે. જળ, સંશાધન, પ્રાપ્યતા, જાળવણીમાં પણ કાયદો અને વિજ્ઞાન બંને સાથે આવે છે, આજે બદલાયેલી જીવનશૈલીમાં કૃષિક્ષેત્ર પણ વ્યાપક રીતે બદલાયેલ છે. જૂના અભિગમમાં જમીનને માતા ગણવામાં આવતી હતી. એટલે કે ધરતીમાતાનો ઉપયોગ વિવેકપૂર્વક કરવાની વાત હતી. વર્તમાનમાં મહત્તમ ઉપયોગથી મહત્તમ ઉત્પાદનનો વિચાર ખેતીમાં જોવા મળે છે. આમ આજે કૃષિક્ષેત્ર એ એક એવી વૈજ્ઞાનિક આર્થિક પ્રવૃત્તિ છે જે સરવાળે માનવ કલ્યાણમાં વધારો લાવે છે.

કૃષિક્ષેત્ર સ્વતંત્ર અને આગવું ક્ષેત્ર છે તેમ તેટલા જ પ્રમાણમાં તે અન્ય ક્ષેત્રો સાથે સંલગ્ન પણ છે કૃષિનો વિચાર આજે અન્ય ક્ષેત્રથી અલગ કરી શકાય તેમ નથી અન્ય ક્ષેત્રોના વિકાસને કૃષિના પાયાના ઘટકો ધ્યાનમાં લેવા પડે તેમ છે.

## 5.3 લક્ષણો

કૃષિક્ષેત્ર કેટલીક આગવી લાક્ષણિક્તાઓ ધરાવે છે. આ એવા લક્ષણો છે જે કોઈકને કોઈક રીતે કૃષિને અન્ય ક્ષેત્રો સાથે અલગ પાડે છે.

### (1) જમીન સાથેનું જોડાણ

ખેતી આજે પણ જમીન સાથે જ જોડાયેલ પ્રવૃત્તિ છે. ખેતીના પ્રકારો ગમે તે હોય પણ ખેતી જમીન વગરની પ્રવૃત્તિ નથી. પર્વતના ઢોળાવો ઉપર થતી ખેતી પણ આખરે જમીનનું તત્ત્વ ધરાવે છે. જમીનના બંધારણમાં જે વિવિધતા હોય છે તે પ્રકારે ખેતીની વિવિધતા જોવા મળે છે. આજે પણ જમીનનું કે જમીનનું વિજ્ઞાન ખેતીનું પાયાનું અંગ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના આધારે ટૂંકી જમીનમાં કે નબળી ગણાતી જમીનમાં પણ આજે ખેતી કરવામાં આવે છે તે દર્શાવે છે કે જમીન એ ખેતીનું પાયાનું અંગ છે.

### (2) માનવમૂડી

પરંપરાગત રીતે ખેતીમાં માનવમૂડીની માંગ જોવા મળે છે. અલબત્ત વિજ્ઞાન અને ટેકનોલોજીના આ સમયમાં ખેતીની પધ્ધતિ જ માણસ ઉપરનું અવલંબન ઓછું થતું ગયું છે, પરંતુ નિર્મૂળ થયું નથી. માણસ એટલે કે માનવમૂડી તેનું કૌશલ્ય, તેની સૂઝ તેમજ તેની પ્રાકૃતિક મર્યાદાઓ ખેતી ક્ષેત્રને અસર કરતું એક બહુ જ મોટું પાસું છે. આજે પણ જ્યાં માનવમૂડી વિકસિત છે, ગતિશીલ છે ત્યાં ખેતીના સ્વરૂપ અને ઉત્પાદનમાં મહત્ત્વનો તફાવત જોવા મળે છે. તેથી ઉલટું જ્યાં પરંપરાગત જીવનશૈલી ધરાવતી માનવ મૂડી છે ત્યાં ખેતીની પધ્ધતિ અને પ્રક્રિયામાં તેની મર્યાદા સ્પષ્ટપણે જોવા મળે છે.

### (3) કુદરત પર અવલંબન

આદિકાળથી આજ સુધી ખેતીનું કુદરત ઉપરનું અવલંબન એક અથવા બીજા સ્વરૂપે સ્પષ્ટપણે જોવા મળ્યું છે. પાણીની અનિયમિતતા, તાપમાનથી થતા ફેરફારો, વાયુમંડળમાં થતા ફેરફારો આ બધી જ કુદરતી ઘટના છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉપયોગના કારણે તેના પ્રભાવની માત્રામાં વધઘટ જોવા મળે છે, પરંતુ ખેતી આજે પણ પ્રકૃતિ સાથે સંપૂર્ણ જોડાણ ધરાવે છે. જ્યાં જ્યાં ખેતીક્ષેત્રનો વિકાસ થતો ગયો છે ત્યાં ત્યાં કુદરતને આધિન પરિવર્તનોએ ખેતીના વિકાસને અવશ્ય અસર કરી છે. કુદરતના ચક્રની વિપરિત અસરોને મર્યાદિત કરવા માટે ખેતીમાં પણ નવપ્રવર્તન થઈ રહ્યાં છે.

### (4) અનિશ્ચિતતા અને જોખમ

ખેતી માટે આજે પણ એમ કહેવાય છે કે ખેતી એ કુદરત સાથે જુગાર છે. તેનું મૂળ કારણ એ છે કે અન્ય મેન્યુફેક્ચરિંગની જેમ ખેતીનું ઉત્પાદન સંપૂર્ણપણે વૈજ્ઞાનિક પરિણામ નથી. ખેતીમાં કુદરતી પરિબળોની હાજરીના કારણે અનિશ્ચિતતા મોટા પ્રમાણમાં જોવા મળે છે. માત્ર એક વરસાદના અભાવે, માત્ર આકસ્મિક હીમવર્ષાના કારણે, આકસ્મિક રોગચાળાને કારણે ખેતપેદાશોને વિપરિત અસર થાય તેવું વ્યાપકપણે જોવા મળ્યું છે. આમ થવાને કારણે ઉત્પાદન અંગે બધી જ ધારણાઓ ખોટી પડતી જોવા મળે છે. ખેતી ટેકનોલોજીના અમલથી અનિશ્ચિતતાનો માહોલ હજી દૂર થઈ શક્યો નથી તે હકીકત છે. ખેતીની આર્થિક પ્રવૃત્તિમાં ખેડૂતોએ હંમેશા પાક ઉત્પાદન લેવામાં, તેના ભાવોની પ્રાપ્તિમાં, કૃષિ કાર્યમાં જોખમ ઉઠાવવું પડે છે.

### (5) અટપટુ અર્થકારણ

એવું માનવામાં આવે છે કે મેન્યુફેક્ચરિંગમાં જોડાયેલ કે વેપારમાં જોડાયેલ નાગરિકની અપેક્ષાએ ખેતીમાં ખેડૂત હિસાબ દ્રષ્ટિ ઓછી રાખે છે. આ સમજ તથ્ય છે. પરંતુ તેનું મુખ્ય કારણ એ છે કે ખેતીનું અર્થકારણ પ્રમાણમાં અટપટુ છે. ખેતીક્ષેત્રમાં પડતરનો હિસાબ કરવો કઠિન છે. ખેતીમાં આકસ્મિક થતા ફેરફાર ખેડૂતના અંદાજપત્રને બગાડે છે અથવા તો ખેતીના હિસાબી

વિજ્ઞાનને જોખમમાં મૂકે છે. ખેતીની પ્રક્રિયા જટિલ છે અને ઉત્પાદક તરીકે ખેડૂત તેટલો ગતિશીલ નથી. સમાજ પણ ખેડૂતના હિસાબ તત્ત્વજ્ઞાનને શંકાથી જુએ છે. જેના કારણે ખેડૂત માટે ખેતીનો હિસાબ કથરો બને છે. વાસ્તવિક્તા એ છે કે ખેતીથી હારેલો થાકેલો વર્ગ આ અટપટા અર્થકારણથી ખેતી છોડતો રહ્યો છે.

**(6) ટેકનોલોજી - નવપ્રવર્તન**

ઉત્પાદનના કોઈપણ ક્ષેત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ પ્રભાવી થતો રહ્યો છે. ખેતી પણ તેમાંથી બાકાત નથી. વર્તમાન ક્ષેત્રે જમીન નવસાધ્ય કરવામાં, જળસંસાધનની જાળવણી કરવામાં, ઉત્પાદનની પ્રક્રિયામાં, વિતરણમાં એક યા બીજી રીતે ટેકનોલોજી નવા નવા સ્વરૂપે જોવા મળે છે, જેને કારણે ખેતી અને ખેડૂત બંનેના ફ્લેવર બદલાતાં રહ્યાં છે, ટેકનોલોજી જો પધ્ધતિસર રીતે અમલમાં આવે અને તેનો મહત્તમ પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો ખેતીના મોટા પ્રશ્ન હલ થઈ શકે તેમ છે.

**(7) પ્રછન્ન બેરોજગારી**

ખેતીની સમગ્ર પ્રક્રિયામાં સંસ્થાકીય પરિબળો વિશેષ કામ કરે છે. જેના કારણે ખેતીક્ષેત્ર રોજગારીમાં તીવ્ર ચઢાવ-ઉતાર જોવા મળે છે. ખાસ કરીને રોજગારીના વૈકલ્પિક સાધનોના અભાવે ગામડાનો યુવાન ખેતીને જીવાદોરી માટે પકડી રાખે છે પરંતુ તેમ કરવાથી તેની સીમાંત ઉત્પાદન ક્ષમતામાં ફરક પડતો નથી. એટલે કે ખેતી ક્ષેત્રે રોકાયેલ માનવશ્રમનું ઉત્પાદક્તા મૂલ્ય નહિવત હોય છે. આમ થવાના કારણે ખેતીક્ષેત્રમાં રોજગારીમાં વ્યાપક અનિયમિતતા જોવા મળે છે. ઉત્પાદન ચક્રની અનિયમિતતા શ્રમની માંગને પણ અસર કરે છે. આ ઉપરાંત કુદરતના થતા ફેરફારો ખેતીની પ્રક્રિયામાં જે ફેરફારો લાવે છે તેના કારણે પણ ખેતીક્ષેત્રે માનવમૂડીની માંગમાં અનિશ્ચિતતા અને અનિયમિતતા જોવા મળે છે.

**(8) નાણાં પ્રબંધ**

કૃષિક્ષેત્રને ઉદ્યોગ ગણવામાં આવે છે પરંતુ ઔદ્યોગિક ક્ષેત્રે મૂડીની માંગ માટે જે અવધારણાઓ, જે અંદાજો અને જે સતર્કતા જોવા મળે છે તેની સરખામણીમાં કૃષિક્ષેત્રની મૂડીની માંગ માટે મહદ્અંશે વૈજ્ઞાનિક્તાનો અભાવ જોવા મળે છે. જેના કારણે કૃષિક્ષેત્રનું નાણાં પ્રબંધ વ્યવહાર જગતમાં ઔદ્યોગિક ક્ષેત્ર જેટલું મહત્ત્વ ધરાવતું નથી. વાસ્તવમાં જેટલા પ્રમાણમાં કૃષિક્ષેત્રે ટેકનોલોજી અને નવપ્રવર્તન આવી રહ્યાં છે તે ધ્યાનમાં લેતાં કૃષિક્ષેત્રની પણ મૂડી ભૂખ વધતી ગઈ છે. પરંતુ કૃષિક્ષેત્રના નાણાં પ્રબંધ માટે વૈજ્ઞાનિક કહી શકાય તેવા અભિગમો ખૂબ ઓછા જોવા મળ્યા છે. જેના કારણે કૃષિક્ષેત્રનો ના તો અસંગઠિત ક્ષેત્રના મૂડી બજાર સાથે વધારે જોવા મળ્યો છે.

**(9) બિનવ્યાવસાયિક અભિગમ**

વિકાસની પ્રક્રિયા દરમિયાન વિવિધ આર્થિક ક્ષેત્રો પૈકી કૃષિ એક માત્ર ક્ષેત્ર એવું છે કે જેમાં આજે પણ વ્યાવસાયિક અભિગમ બહુ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. મેન્યુફેક્ચરિંગ અને સેવાક્ષેત્રમાં બહુ પાખી સંચાલન છે જેમ કે ઉત્પાદન, વેચાણ, માનવસંસાધન વગેરે. જેની સરખામણીમાં ખેતીક્ષેત્રમાં આવો કોઈ અભિગમ જોવા મળતો નથી. ઔદ્યોગિક ક્ષેત્રમાં એકાકી પેઢી પણ તજજ્ઞ સેવાને કામમાં લે છે. જ્યાં કૃષિક્ષેત્રમાં તેનો મોટે ભાગે અભાવ જોવા મળે છે. કૃષિક્ષેત્ર મોટે ભાગે એકમલક્ષી છે, પરંપરાગત છે અને પ્રકૃતિની સાથે વધુ નાતો ધરાવે છે. જેના કારણે કૃષિક્ષેત્રમાં ઉત્પાદન, વેચાણ વર્ગીકરણ વગેરે બધી જ પ્રક્રિયાઓ લગભગ એકહથ્થુ જોવા મળે છે.

**(10) ભાવોમાં અસ્થિરતા**

કૃષિક્ષેત્રે ઉત્પાદિત થતી વસ્તુની માંગ મહદ્અંશે લોકોની પ્રાથમિક જીવન જરૂરિયાતો સાથે સંકળાયેલી છે. જેમ કે ધાન્યો, કઠોળ, શાકભાજી વગેરે. લોકો દ્વારા આવી વસ્તુની માંગ સ્થિર

સ્વરૂપની હોય છે. જ્યારે ખેત ઉત્પાદનનો પુરવઠો સ્થિર રહેતો નથી. એ માટેનું કારણ એ છે કે જો કુદરતી પરિબળો કૃષિ તરફેણમાં રહે તો ઉત્પાદન વધુ થાય છે. તેથી પુરવઠો ઊંચો રહેતાં ભાવોનીચા રહે છે. તેથી ઉલટુ જો કુદરતી પરિબળો વિરૂધ્ધ ભાવો ઊંચા રહે છે. આમ ખેતીક્ષેત્રે ઉત્પાદિત થતી વસ્તુના ભાવોમાં અસ્થિરતા જોવા મળે છે.

કૃષિક્ષેત્રના લક્ષણો તપાસતાં એવું સ્પષ્ટપણે જોવા મળે છે કે તે અર્થતંત્રના અન્ય ક્ષેત્રો કરતાં અલગ પડે છે. ખાસ કરીને કુદરતી બાબતોથી વિશેષ પ્રભાવિત છે. આ ઉપરાંત કૃષિક્ષેત્રમાં અનિશ્ચિતતા, અસ્થિરતા, શિક્ષણ - તાલીમ, કાર્યક્ષમતા પણ નકારાત્મકતા જણાય છે. ઉદ્યોગક્ષેત્રે અને સેવાક્ષેત્ર જેટલુ નિશ્ચિત પણ અહીં જોવા નથી મળતું. આમ છતાં વિશ્વના મોટાભાગના દેશોમાં તેની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે. ખાસ કરીને વિકસતા અને અલ્પવિકસિત અર્થતંત્રોમાં કૃષિક્ષેત્ર મોટા ભાગની વસ્તીને રોજગારી આપે છે.

## 5.4 મહત્ત્વ

સમાજમાં પ્રત્યેક ક્ષેત્ર આગવી લાક્ષણિક્તાઓ ધરાવે છે તેમ કૃષિક્ષેત્ર પણ ભિન્ન ભિન્ન ઘટકતત્ત્વોના સંદર્ભમાં મોટું મહત્ત્વ ધરાવે છે. સામાન્ય રીતે કોઈપણ ક્ષેત્રના મહત્ત્વ દેશના સંદર્ભમાં ઉત્પાદન, આવક, રોજગારી અને વિકાસના સંદર્ભમાં જોવામાં આવે છે. કૃષિક્ષેત્રનું મહત્ત્વ પણ દેશનું કુલ ઉત્પાદન, દેશની કુલ આવક, દેશમાં કુલ રોજગારી, નિકાસ અને બજારના સંદર્ભમાં મહત્ત્વ વધી જાય છે.

### (1) રાષ્ટ્રિય ઉત્પાદનમાં કૃષિક્ષેત્ર

કોઈપણ દેશમાં જે ભૌતિક ચીજવસ્તુઓ અને સેવાઓ ઉત્પાદન થાય છે, તેમાં કૃષિક્ષેત્રનો હિસ્સો સાપેક્ષ મહત્ત્વ ધરાવે છે. વિકાસની વર્તમાન તરેહને જોતાં મોટાભાગના વિકસિત દેશોમાં દેશના કુલ ઉત્પાદનમાં ખેતપેદાશ કે તેને આનુસાંગિક પેદાશોનો હિસ્સો પ્રમાણમાં ઓછો જોવા મળ્યો છે. જ્યારે વિકાસ પામતા અર્થતંત્રમાં કે અલ્પવિકસિત દેશોમાં વિકસિત દેશોની તુલનાએ ખેતપેદાશોનું પલ્લુ ભારી હોય છે. અલબત્ત વિકાસની બદલાતી તરેહના ભાગરૂપે આ તત્ત્વ લગભગ બધા દેશોમાં જોવા મળે છે પણ કૃષિક્ષેત્રમો પ્રભાવ અલ્પવિકસિત દેશોમાં વધારે હોય છે.

ભારત જેવાં દેશમાં ભૌતિક ચીજવસ્તુઓ અને સેવાઓ તુલનાએ કૃષિક્ષેત્રનો હિસ્સો સમય શ્રેણી પ્રમાણે અને તુલનાત્મક રીતે ઘટતો રહ્યો છે. પણ ઘટાડાનું તે પ્રમાણ ઓછું છે.

### (2) બજાર :

મોટેભાગે જીવનશૈલીની તરેહ ખેતપેદાશોનું બજાર મહત્ત્વ નક્કી કરે છે. આજે પણ યુરોપ અને અમેરિકાની તુલનામાં એશિયા દેશોની જીવનશૈલી પરંપરાગત છે. શાકાહારી વસ્તી જ્યાં વિશેષ પ્રમાણમાં છે ત્યાં ખેતપેદાશોની માંગનું પલ્લું વધુ ભારી હોય છે. આવા દેશોમાં ખેતપેદાશ અને તેને આનુષાંગિક પેદાશો માટે ને માંગ વધારે હોય છે. ભારત દુનિયાનો એક એવો દેશ છે કે જે કુલ જનસંખ્યામાં દુનિયાનો વધુ વસ્તી ધરાવતો બીજા નંબરનો દેશ છે. તેથી સ્વાભાવિક રીતે જ ભારત જેવાં શાકાહારી દેશમાં ખેતપેદાશની માંગ અવશ્ય અસરકારક હોય છે. જીવનશૈલીમાં આવતા ફેરફારોથી ખેતપેદાશોની માંગ સ્વરૂપ બદલાય છે પણ મૂળ માંગ યથાવત રહે છે. તેથી એકંદરે ખેતપેદાશોની માંગ વધારે પ્રમાણમાં હોય છે. દા.ત. આજે પરંપરાગત ખોરાકના બદલે પીઝા, બરગર, અન્ય નવા સ્વરૂપની માંગ વધી છે. તેથી ખેતપેદાશોની માંગનું સ્વરૂપ બદલાય છે પરંતુ માંગ ઘટી નથી. ખેતપેદાશનું બજાર સતત જોવા મળે છે, જે આર્થિક રીતે વળતરદાયી બને છે. પશ્ચિમના દેશો ખેતપેદાશોની માંગનુ પલ્લુ ભારત જેટલું ભારે નથી.

### (3) આવક

રાષ્ટ્રની કાચી ગૃહ પેદાશ મુખ્યત્વે કરીને ત્રણ જુદા-જુદા ક્ષેત્રોની કામગીરીનું પરિણામ છે;

પ્રાથમિક ક્ષેત્ર, દ્વિતીય ક્ષેત્ર અને સેવાક્ષેત્ર. કાચાગૃહપેદાશમાં આ ત્રણેય ક્ષેત્રની પેદાશોનું નાણાં મૂલ્યમાં રૂપાંતર કરી અને દેશની કુલ કાચી ગૃહપેદાશ નક્કી કરવામાં આવે છે. વર્તમાનમાં કાચી ગૃહપેદાશમાં ખેતીક્ષેત્રનું મહત્ત્વ ઘટતું જાય છે. ભારતનો અનુભવ ધ્યાનમાં લઈએ તો ભારતમાં પ્રારંભિક તબક્કે રાષ્ટ્રની કાચીગૃહપેદાશમાં કૃષિક્ષેત્ર (પ્રાથમિક ક્ષેત્ર) નો હિસ્સો 55 ટકા હતો જ્યારે સેવાક્ષેત્રનો હિસ્સો સૌથી ઓછો હતો. સમયાંતરે તે ચિત્ર બદલાઈને ઉલટું થયું છે. એટલે કે સેવાક્ષેત્રનું પલ્લુ કાચીગૃહપેદાશમાં સૌથી વધુ છે. જ્યારે પ્રાથમિકક્ષેત્ર સૌથી ઓછું છે.

કૃષિક્ષેત્રનું ક્ષેત્રીય વિભાજન કરવામાં આવે તો મુખ્યત્ત્વે ત્રણ વિભાગ પડે છે. ખેત ઉત્પાદન, પશુપાલન અને મત્સ્ય ઉદ્યોગ. આ આંતરક્ષેત્રીય પ્રવાહો પણ બદલાતા જોવા મળ્યા છે.

**(4) નિકાસ**

કોઈપણ દેશના કુલ વેપારમાં ઘર આંગણાનો વેપાર અને બહારના દેશો સાથેનો વેપાર, બંનેનું મહત્ત્વ હોય છે. વિદેશ વેપારનું મહત્ત્વ હૂંડિયામણની કમાણીના સંદર્ભમાં વધારે જોવા મળે છે. સામાન્ય રીતે જે દેશના વિદેશ વેપારમાં પ્રાથમિકક્ષેત્રનું પ્રમાણ વધુ હોય તે દેશને અન્ય વિકાસોની સરખામણીમાં હૂંડીયામણની કમાણી ઓછી થાય છે, કારણ કે સામાન્ય રીતે ખેતપેદાશના ભાવો ઔદ્યોગિક પેદાશોના ભાવોની સરખામણીમાં ઓછા હોય છે. જો પ્રાથમિકક્ષેત્રની પેદાશો પ્રમાણિત હોય છે. જો પ્રાથમિકક્ષેત્રની પેદાશો પ્રમાણિત હોય, આંતરરાષ્ટ્રિય ગુણવત્તા ધોરણો મુજબની હોય તો તેના બજારભાવ આંતરરાષ્ટ્રિય બજારમાં વધારે જોવા મળતા હોય છે. એટલે કે દેશના કુલ નિકાસ વેપારમાં ખેતપેદાશોની નિકાસનું પ્રમાણ હૂંડિયામણ સંદર્ભ ઓછું વળતરદાયી હોય છે. તેથી ઉલટુ જો કોઈ એક દેશમાં ખેતપેદાશોની આયાતનું પ્રમાણ વધુ હોય અને તેની સરખામણીમાં ઔદ્યોગિક ચીજવસ્તુની નિકાસનું પ્રમાણ હોય તો ખેતપેદાશોને આયાત કરનાર દેશને હૂંડિયામણનો જે ખર્ચ કરવો પડે તેની સરખામણીમાં નિકાસ થકી હૂંડિયામણની કમાણી વધારે હોય છે. આમ કુલ વેપારમાં, નિકાસ વેપારનું પ્રમાણ અને તેનું સ્વરૂપ હૂંડિયામણના સંદર્ભમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**(5) રોજગારી**

કોઈપણ દેશમાં રોજગારીની ઈચ્છા ધરાવતા યુવાનોને દેશના ક્યા ક્ષેત્રમાંથી ક્યા સ્વરૂપે રોજગારી મળે છે? તે તપાસ મહત્ત્વનો મુદ્દો બને છે. સામાન્ય રીતે ખેતીક્ષેત્રમાં એક વર્ગ સાહસિકનો હોય છે. જ્યારે બીજો વર્ગ શ્રમિકોનો હોય છે. મોટા ભાગે સાહસિકો કે જેને આપણે ખેડૂત કહીએ છીએ. તેનું પ્રમાણ સાપેક્ષ રીતે ઘટતું જાય છે. જ્યારે ખેતીક્ષેત્રે રોકાયેલા પ્રમાણ કાં તો જળવાય રહે છે કાં તો વધતું રહે છે. એશિયાઈ દેશો ખાસ કરીને ભારત જેવાં દેશમાં ખેતીક્ષેત્રે રોજગાર ક્ષમતા ઘટતી ગઈ છે. ખેતીક્ષેત્ર કાયમી રોજગારીનું ક્ષેત્ર નથી. ખેતીક્ષેત્રે શ્રમિકોને મળતા વળતરના દૂર મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે સરખામણીમાં ઘણા મર્યાદિત હોય છે. ખેતીક્ષેત્રે પ્રમાણમાં અકુશળ શ્રમિકોને વધારે પ્રમાણમાં રોજગારી આપે છે. પરૂષ અને મહિલા એમ બે વર્ગ કરવામાં આવે તો કૃષિક્ષેત્રે પણ પુરૂષોની સરખામણીમાં મહિલાઓને ચૂકવવામાં આવતા વેતન વચ્ચે ખાસ્સો તફાવત હોય છે. વિકાસની પ્રક્રિયામાં જેમ જેમ ક્ષેત્રીય રૂપાંતર થાય છે તેમ તેમ ખેતીક્ષેત્રે સાપેક્ષ રીતે મજૂરી ઘટતા જાય છે. રોજગારીના સંદર્ભમાં પણ વિકસિત રાષ્ટ્રોની સરખામણીમાં અલ્પવિકસિત રાષ્ટ્રોમાં ખેતીક્ષેત્રે મજૂરોનો પુરવઠો જ્યાં ઓછો છે ત્યાં તેના વેતનદરો પ્રમાણમાં ઊંચા હોય છે. પરંતુ વિકાસશીલ દેશોમાં વિકસિત રાષ્ટ્રોની સરખામણીમાં કૃષિક્ષેત્રે ટેકનોલોજીનો વપરાશ ઓછો હોવાથી તે દેશોમાં ખેતીક્ષેત્રે મજૂરોની માંગ વિશેષ રહે છે. જ્યારે જ્યારે ખેતમજૂરોની માંગ વધુ હોય છે ત્યારે તેના વેતનદરો પ્રમાણમાં ઊંચા જાય છે.

**(6) ઔદ્યોગિ કરણને પૂરક**

વિકસિત રાષ્ટ્રોની વિકાસયાત્રાને જો તપાસવામાં આવે તો તેમાં ઔદ્યોગિક પેદાશો ચાવીરૂપ મહત્ત્વ ધરાવે છે. આ ચાવીરૂપ મહત્ત્વ ધરાવતી ઔદ્યોગિક પેદાશોમાં કેટલીક પેદાશો ખેતીક્ષેત્ર આધારિત છે. એટલે કે એવા ઉદ્યોગો કે જેને કાચાં માલ ખેતીક્ષેત્રમાંથી મળી રહે છે. એટલે કે એવા ઉદ્યોગો કે જેમાં કાચામાલ તરીકે ખેતપેદાશોનો ઉપયોગ થાય છે, ત્યાં ખેતીનું મહત્ત્વ વિશેષ ધ્યાન ખેંચે છે. દા.ત. જ્યાં ખાંડ ઉદ્યોગ વિકાસ પામ્યો છે ત્યાં શેરડીની માંગ નિર્ણાયક પરિબળ બને છે. જો શેરડીનો પુરવઠો પૂરતા પ્રમાણમાં પ્રાપ્ય હોય તો ખાંડની મિલોને કાયમી કામ મળી રહે છે. તેવી જ રીતે જ્યાં ટેક્ષટાઈલ ઉદ્યોગનો વિકાસ વિશેષ પ્રભાવિત છે ત્યાં કપાસ મહત્ત્વનો મુદ્દો બને છે. છેલ્લા 20-30 વરસના ગાળામાં ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ ઝડપથી આકાર પામેલ છે. આ સંજોગોમાં તે વિસ્તારોમાં પણ ખેતપેદાશોની પ્રાપ્યતા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેલિબીયાનું ઉત્પાદન તેલ ઉદ્યોગની વિશેષ ફાયદાકારક બને છે.

**(7) ખોરાક**

જીવન અને ખોરાક એકબીજાના પૂરક છે. માનવજીવનના પ્રાથમિક જરૂરિયાતોમાં ખોરાક સૌથી અગ્રસ્થાને છે. વિશ્વની મોટાભાગની માનવવસ્તીને ખોરાક પૂરો પાડવાનું કામ કૃષિક્ષેત્ર કરે છે. વિશ્વવસ્તીના કુલ ખોરાકમાં  ટકા જેટલો ખોરાક શાકાહારી છે.કૃષિક્ષેત્ર ધાન્યો, કઠોળ, શાકભાજી, મસાલા, ખાંડ-ગોળ, દૂધ વગેરે ખોરાક માટે પૂરું પાડે છે. આમ માનવ સમાજને ખોરાક પૂરો પાડવાની દ્રષ્ટિએ કૃષિક્ષેત્ર મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**(8) કાચોમાલ**

દેશના અર્થતંત્રમાં કૃષિ આધારિત ઉદ્યોગોનું ખાસ મહત્ત્વ હોય છે. વિકાસના પ્રાથમિક તબક્કામાં આવે તે ઉદ્યોગોનું મહત્ત્વ સવિશેષ હોય છે. આ ઉદ્યોગોના વિકાસ બાદ અન્ય ઔદ્યોગિક વિકાસ શક્ય બનતો હોય છે. કૃષિક્ષેત્ર પૂરતા પ્રમાણમાં આવા ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડી પોતાની મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. કૃષિક્ષેત્રે કાપડ ઉદ્યોગ માટે કપાસ, તેલ ઉદ્યોગ માટે મગફળી કપાસિયા, એરંડા, તલ, સરસવ, સોયાબિન વગેરે, ખાંડ-ગોળ ઉદ્યોગ માટે શેરડી, મસાલા ઉદ્યોગ માટે જીરૂં, ધાણા, વરિયાળી વગેરે, ડેરી ઉદ્યોગ માટે દૂધ કાચા માલ તરીકે પૂરૂં પાડી મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**(9) પરિવહન વિકાસ**

કૃષિક્ષેત્રે જે ઉત્પાદન થાય છે તેનું વજન તથા જથ્થાના સંદર્ભે વિશાળ સ્વરૂપ રહેલું છે. કૃષિક્ષેત્રે ઉત્પાદન ખેડૂતના ખેતરમાંથી વેચાણના સ્થળ, વેચાણના સ્થળથી કાચામાલ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે તે ઉદ્યોગ એકમ, મિલ કે અન્ય સ્થળ સુધી સ્થળાંતરિત કરવાનું થાય છે. આ પ્રક્રિયામાં રસ્તા પરના ટ્રક તથા અન્ય વાહનો, રેલ્વે, જહાજ, વિમાની સેવા વગેરેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે. આમ કૃષિ ઉત્પાદનને અન્ય સ્થળે સ્થાળાંતરિત કરવાની પ્રક્રિયા દેશના પરિવહન ઉદ્યોગને વિકાસ તરફ દોરી જાય છે.

**(10) સમગ્ર આર્થિક વિકાસ**

કૃષિક્ષેત્ર દેશના સમગ્ર આર્થિક વિકાસમાં પોતાની મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. કૃષિક્ષેત્રના વિકાસ દ્વારા જીવનજરૂરિયાત માટે ખોરાકના સંદર્ભમાં પૂરતું ઉત્પાદન કર્યા બાદ ઉદ્યોગોના વિકાસ માટે જરૂરી કાચામાલ સ્વરૂપનું ઉત્પાદન કરવામાં આવે છે. ઉદ્યોગોને પૂરતા પ્રમાણમાં કાચો માલ પ્રાપ્ત થતાં તેનો ક્રમશઃ વિકાસ થાય છે. કૃષિવિકાસ અને ઔદ્યોગિક વિકાસના પરિણામ સ્વરૂપ સેવાક્ષેત્રે માંગ વધે છે. જેમ કે ઊર્જા બેકિંગ, સંદેશાવ્યવહાર, વાહનવ્યવહાર, શિક્ષણ - આરોગ્યની માંગ વધતાં તેનો વિકાસ થાય છે. આમ કૃષિક્ષેત્રનો વિકાસ દેશના સમગ્ર આર્થિક વિકાસ માટે પોતાની મહત્ત્વની ભૂમિકા ઉભી કરે છે.

આમ, કૃષિક્ષેત્ર અર્થતંત્રમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વિકાસના પ્રાથમિક તબક્કામાં તેની ભૂમિકા પાયાની બની રહે છે. ત્યારબાદ ઔદ્યોગિક વિકાસ અને સેવાક્ષેત્રના વિકાસમાં પણ ક્રમશઃ કાચોમાલ પૂરો પાડવાની દ્રષ્ટિએ તેનું કાર્ય મહત્ત્વનું બની રહે છે.

## 5.5 સમાપન

ખેતીક્ષેત્રની અન્યક્ષેત્રોની સાથે તપાસવામાં આવે તો બે બાબતો ઊડીને આંખે વળગીને આવે છે. એક એ હકીકત છે કે સમાજમાં એક સમયે એમ કહેવાતું હતું કે ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી. એટલે કે જો માણસ ખેતીક્ષેત્રે પ્રવૃત્ત હોય તો ઉત્તમ સ્થિતિમાં છે અને ચીલાચાલુ નોકરિયાત હોય તો તે તદ્દનનીચેની સ્થિતિમાં છે. જેમ જેમ વિકાસની પ્રક્રિયા આગળ વધતી ગઈ તેમ તેમ ખેતી અને નોકરીમાં ઉલટુ ચિત્ર જોવા મળ્યું એટલે કે ઉત્તમ નોકરી અને કનિષ્ઠ ખેતી ગણાવા લાગી.

બીજું એમ કહેવામાં આવે છે કે ભારત ખેતી પ્રધાન દેશ છે અને દુનિયાના જે દેશો ખેતી પ્રધાન દેશો છે તેમાંના મોટાભાગના દેશો પછાત જોવા મળ્યા છે. વાસ્તવમાં ભારત જેવાં દેશમાં પછાતપણાનું એક કારણ ખેતી નથી પરંતુ પછાત ખેતી છે. એટલે કે ભારત જેવાં ખેતી પ્રધાન દેશમાં ટેકનોલોજીના અભાવે ખેતીક્ષેત્રનો આપણે પૂરતો ફાયદો ઉઠાવી શક્યા નથી. આમ એકંદરે વિકાસની પ્રક્રિયામાં ખેતીનું સ્વીકારવામાં આવે છે પરંતુ ખેતીના વિકાસને અનુરૂપ નીતિ વિષયક નિર્ણયીકરણમાં આપણે તે સમાવી શક્યા નથી.

બદલાતા કુદરતી પ્રવાહો અને બદલાતી આર્થિક નીતિના સંદર્ભમાં ખેતીના માટે યોગ્ય માળખાંકીય માવજતની જરૂરિયાત છે. જો ખેતીમાં સરકાર દ્વારા અને ખાનગીક્ષેત્ર દ્વારા મૂડીકરણ વધારવા આવે તો ખેતીનું બજાર ખુલ્લું થવાની વધુ સંભાવના છે.

## 5.6 ચાવીરૂપ શબ્દો :

**આર્થિક પ્રવૃત્તિ :** વળતરની અપેક્ષાએ કરવામાં આવતું શારિરીક કે માનસિક કાર્ય એટલે આર્થિક પ્રવૃત્તિ

**કાચો માલ :** ઉદ્યોગને ઉત્પાદન કરવા માટે જે પદાર્થની જરૂર પડે છે તેને કાચો માલ કહેવાય.દા.ત. ખાંડ ઉદ્યોગ માટે શેરડી કાચોમાલ છે.

**માનવમૂડી :** લોકોમાં રહેલી કુશળતા અને કાર્યશક્તિ એટલે માનવમૂડી.

**ટેકનોલોજી - નવપ્રવર્તન :** જૂના સાધનો અને જૂની પધ્ધતિની જગ્યાએ આધુનિક સાધનો અને નવી પધ્ધતિનો ઉપયોગ કરવો એટલે નવપ્રવર્તન.

**મેન્યુફેક્ચરિંગ :** કારખાનાઓમાં થતું વસ્તુઓનું ઉત્પાદન એટલે મેન્યુફેક્ચરિંગ.

**અર્થકારણ - અર્થતંત્ર :** દેશમાં થતી તમામ આર્થિક પ્રવૃત્તિઓનો સરવાળો (સમૂહ) એટલે અર્થકારણ.

**રાષ્ટ્રિય ઉત્પાદન :** દેશના સંસાધનો દ્વારા એક વર્ષમાં થતા ચીજવસ્તુ તથા સેવાના કુલ ઉત્પાદનને રાષ્ટ્રિય ઉત્પાદન  કહેવાય. તેનું પ્રમાણ મૂલ્ય નાણાંમાં રજૂ કરવામાં આવતું હોય છે.

**કાચી ગૃહપેદાશ :** કોઈ એક દેશની સરહદ અંદર થતું ચીજવસ્તુ અને સેવાનું કુલ ઉત્પાદન એટલે કાચી ગૃહપેદાશ

## 5.7 સંદર્ભ :


**1.** ડૉ. દિનકરરાય રણછોડજી દેસાઈ તથા અન્યો, કૃષિ અર્થકારણ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય, અમદાવાદ

**2.** ડૉ. ભાસ્કર હ.જોષી, ભારતનુમ કૃષિ ક્ષેત્ર : વિકાસ અને પડકારો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય, અમદાવાદ

3. http://agriculturegoods.com/the-importance-of-agriculture

## 5.8 સ્વાધ્યાય

**(A) નીચેના પ્રશ્નો વિગતે સમજાવો.**

1. કૃષિક્ષેત્રની વ્યાખ્યા વિગતે સમજાવો.
2. કૃષિક્ષેત્રના લક્ષણો જણાવો.
3. કૃષિક્ષેત્રનું અર્થતંત્રમાં મહત્ત્વ વર્ણવો.

**(B) નીચેના પ્રશ્નો ટૂંકમાં સમજાવો.**

1. પ્રછન્ન બેરોજગારી એટલે શું ?
2. ઉદ્યોગ અને ખેતી એકબીજાના પૂરક છે — સમજાવો.
3. કૃષિક્ષેત્રની ધિરાણ વ્યવસ્થા સમજાવો.
4. અર્થતંત્રમાં રોજગારીની દૃષ્ટિએ દષિનું મહત્ત્વ સમજાવો.

**(C) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં - તપાસો.**

1. ભારતીય અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકમાં કૃષિનો ફાળો સૌથી વધુ છે.
2. કૃષિક્ષેત્રે ચીજવસ્તુના ભાવોમાં સ્થિરતા જોવા મળે છે.
3. કુલ રોજગારીમાં કૃષિક્ષેત્રનો ફાળો સૌથી વધુ છે.
4. ઉદ્યોગ અને ખેતી એકબીજાના વિરોધી છે.

**એકમ 6**

# કૃષિક્ષેત્ર : ભારતમાં કૃષિ સ્થિતિ, સરકારની નીતિ

**: રૂપરેખા :**

**6.0 ઉદ્દેશો**

**6.1 પ્રસ્તાવના**

**6.2 કૃષિક્ષેત્રના મહત્ત્વના નિર્દેશકો**

**6.3 કૃષિક્ષેત્રની મહત્ત્વની સમસ્યાઓ**

**6.4 કૃષિ નીતિ - 2016**

**6.5 સમાપન**

**6.6 ચાવીરૂપ શબ્દો**

**6.7 સંદર્ભ સાહિત્ય**

**6.8 સ્વાધ્યાય**

## 6.0 ઉદ્દેશો

1. ભારતીય કૃષિક્ષેત્રની સ્થિતિ જાણવી
2. ભારતીય કૃષિક્ષેત્રની સમસ્યાઓ તપાસવી
3. સરકારની કૃષિ નીતિ જાણવી

## 6.1 પ્રસ્તાવના :

કોઈપણ દેશનું વર્તમાન સમયનું કૃષિક્ષેત્ર એ તે દેશનું ભૂતકાળમાં લાંબા સમય સુધી રહેલી આર્થિક, સામાજીક અને રાજકીય બાબતોની સંયુક્ત આંતર પ્રક્રિયાનું પરિણામ હોય છે. કૃષિક્ષેત્રનું વર્તમાન માળખું, ઉત્પાદન, ઉત્પાદન પધ્ધતિઓ, સંસ્થાકીય પરિસ્થિતિ, વિદેશ વ્યાપાર, દેશના અર્થતંત્રમાં કૃષિક્ષેત્રનું સ્થાન વગેરે પર ઐતિહાસિક પરિબળોની  વિશેષ અસર રહેલી હોય છે. આ અસરને કારણે અને પરિણામે વર્તમાન કૃષિક્ષેત્રનું સ્વરૂપ નક્કી થાય છે.

ભારતીય કૃષિક્ષેત્રનો વિકાસ ઘણો ધીમો રહ્યો છે. આ બાબત એક ગંભીર સમસ્યા ગણાવી શકાય. આ માટે ખેતી પ્રત્યેની સરકારની તથા સમગ્ર સમાજની ઉદાસીનતા જવાબદાર ગણાવી શકાય. આઝાદી બાદથી અત્યાર સુધીમાં આપણે કૃષિ વિકાસ સાધ્યો છે તે સ્પષ્ટ છે, પરંતુ આ વિકાસ લાંબા સમયગાળાને ધ્યાનમાં લેતાં ઘણો જ અપૂરતો કહી શકાય. વિશ્વના બીજા દેશો જેમકે ઈઝરાયલ, ડેન્માર્ક, ન્યુઝિલેન્ડ વગેરેની તુલનાએ ભારતના કૃષિક્ષેત્રનો વિકાસ ઘણો જ મંદ ગતિનો કહી શકાય. અર્થતંત્રના ત્રણ પૈકી એક એવા કૃષિક્ષેત્રની ભૂમિકા ખાસ કરીને રોજગારીના સંદર્ભમાં સવિશેષ રહી છે ત્યારે આ ક્ષેત્ર પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે.

## 6.2 કૃષિક્ષેત્રના મહત્ત્વના નિર્દેશકો

### (1) મુખ્ય પાકો

કૃષિક્ષેત્ર લેવામાં આવતા પાકોને મુખ્યત્ત્વે બે વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે : (1) ખાદ્ય પાકો (અનાજ) માં ધાન્યો (ચોખા, ઘઉં, બાજરી, જુવાર વગેરે) તથા કઠોળ (મગ, ચણા, અડદ, તુવેર વગેરે) નો સમાવેશ થાય છે. (2) વ્યાપારી (રોકડિયા) પાકોમાં કપાસ, મગફળી, શેરડી વગેરેનો સમાવેશ થાય છે. ચોમાસુ મોસમના પાકોને ખરીફ પાકો તરીકે અને શિયાળુ મોસમના પાકોને રવિ પાકો તરીકે ઓળખવામાં આવે છે.

**ટેબલ - 1**

**ભારતમાં મુખ્ય પાકોનો વાવેતર વિસ્તાર, ઉત્પાદન તથા ઉત્પાદક્તા**

**(ત્રિવાર્ષિક સરેરાશ)**

| | 2004-05 to 2006-07 | | | 2014-15 to 2016-17 | | |
|---|---|---|---|---|---|---|
| પાક | વિસ્તાર મિલિયન હેક્ટરમાં | ઉત્પાદન મિલિયન ટનમાં | ઉત્પાદક્તા કિલોગ્રામ / હેક્ટર | વિસ્તાર મિલિયન ટનમાં | ઉત્પાદન મિલિયન હેક્ટર | ઉત્પાદક્તા કિલોગ્રામ / |
| ચોખા | 43.13 | 89.43 | 2072 | 43.51 | 106.68 | 2447 |
| ઘઉં | 26.95 | 71.23 | 2643 | 30.66 | 92.40 | 3041 |
| કુલ ધાન્યો | 99.01 | 194.51 | 1964 | 98.61 | 240.94 | 2443 |
| કુલ કઠોળ | 22.78 | 13.57 | 596 | 25.82 | 18.82 | 726 |
| કુલ અનાજ | 121.79 | 208.08 | 1708 | 124.41 | 259.76 | 2093 |
| મગફળી | 6.33 | 6.54 | 1024 | 4.86 | 7.11 | 1430 |
| સરસવ | 7.13 | 7.72 | 1083 | 5.85 | 7.02 | 1199 |
| સોયાબીન | 7.73 | 8.00 | 1015 | 11.33 | 10.91 | 969 |
| કુલ તેલિબીયાં | 27.30 | 25.54 | 935 | 24.62 | 27.23 | 1077 |
| કપાસ | 8.87 | *19.19 | 367 | 12.07 | *32.63 | 465 |
| શેરડી | 4.34 | 291.26 | 66898 | 4.82 | 339.16 | 70155 |

*** કપાસની 1 ગાંસડી 170 કિલોગ્રામની છે, તેને મિલિયનમાં દર્શાવેલ છે.**

Source : Ministry of Agriculture & Farmers Welfare, Government of India.

ટેબલ - 1 માં ભારતમાં લેવામાં આવતા કેટલાક મુખ્ય પાકોનો વાવેતર વિસ્તાર, ઉત્પાદન તથા ઉત્પાદક્તા દર્શાવેલ છે. કૃષિનું ઉત્પાદન કુદરતી પરિબળો પર આધારિત હોવાથી અનિશ્ચિતતાનું પ્રમાણ વિશેષ રહે છે. આથી ઉત્પાદન અંગે કોઈ એક વર્ષની તુલના અન્ય વર્ષ સાથે કરવાથી સાચું ચિત્ર પ્રાપ્ત ના થાય તેવું પણ બની શકે. આ ખામી નિવારવા માટે કૃષિ ઉત્પાદનના નિર્દેશકને એકથી વધુ વર્ષના સરેરાશ તરીકે લેવો જોઈએ. અહીં આ સંદર્ભે બે અલગ સમયગાળાની તુલના કરવા માટે દરેક તબક્કાની ત્રિવાર્ષિક સરેરાશ લેવામાં આવી છે.

ટેબલમાં જોઇ શકાય છે કે 2004-05 થી 2006-07ની ત્રિવાર્ષિક સરેરાશથી 2014-15 થી 2016-17ની ત્રિવાર્ષિક સરેરાશ એટલે એક દસકા દરમિયાન ચોખાના પાકના વાવેતર વિસ્તારમાં નહિવત્ વૃધ્ધિ થઈ છે, પરંતુ ઉત્પાદન અને ઉત્પાદક્તામાં વધારો થયો છે. ઘઉંનો વાવેતર વિસ્તાર વધ્યો છે તેની સામે ઉત્પાદન અને ઉત્પાદક્તા પણ વધ્યાં છે. કુલ ધાન્ય પાકોનો વાવેતર વિસ્તાર નહિવત્ ઘટ્યો છે. ઉત્પાદન અને ઉત્પાદક્તા વધી છે. કુલ કઠોળ પાકોમાં પણ ત્રણેય ચલો વધવા પામેલ છે. કુલ અનાજના વાવેતર વિસ્તારમાં થોડો જ વધારો થયો છે. જ્યારે ઉત્પાદન - ઉત્પાદક્તા વધ્યાં છે.

આ સમયગાળા દરમિયાન મગફળીના પાકનો વાવેતર વિસ્તાર ઘટવા છતાં ઉત્પાદન વધ્યું છે અને ઉત્પાદક્તા વિશેષ વધી છે. સરસવનો વાવેતર વિસ્તાર ઘટ્યો છે, ઉત્પાદન ઓછું ઘટ્યું છે જ્યારે ઉત્પાદક્તા વધવા પામી છે. સોયાબીન વાવેતર વિસ્તાર સારો એવો વધ્યો છે, તેટલો વધારો ઉત્પાદનમાં જણાતો નથી અને ઉત્પાદક્તા ઘટી છે. કુલ તેલિબીયા પાકોનો વાવેતર વિસ્તાર થોડો ઘટ્યો છે છતાં ઉત્પાદન વધ્યુ છે અને ઉત્પાદક્તા પણ વધી છે. કપાસના પાકનો વાવેતર વિસ્તાર સારા પ્રમાણમાં વધ્યો છે, ઉત્પાદન પણ તે પ્રમાણથી વધુ વધ્યું છે અને ઉત્પાદક્તા પણ વધવા પામેલ છે. શેરડીના

પાકનો વાવેતર વિસ્તાર નજીવો વધ્યો છે. ઉત્પાદન અને ઉત્પાદક્તામાં વધારો થયો છે.

આમ, સોયાબીન સિવાયના પાકોમાં ઉત્પાદક્તા વધવા પામી છે. આ બાબત કૃષિ વિકાસ દર્શાવે છે, પરંતુ તેનાથી સંતોષ માની શકાય તેમ નથી.

### (2) જમીન ઉપયોગિતા અને કૃષિના મહત્ત્વના ઈનપુટ્સ

કૃષિમાં કેટલી જમીન ઉપયોગમાં લેવામાં આવે છે તેના પર એક વર્ષમાં એકથી વધુ પાક લેવાનું પ્રમાણ કેટલું છે? સિંચાઈનું પ્રમાણ કેટલું છે? ખાતર અને જંતુનાશક દવાનો ઉપયોગ કેટલો છે? તે જાણવું ખૂબ મહત્ત્વનું છે.નીચેના ટેબલ દ્વારા તે જાણીએ.

**ટેબલ - 2**

**જમીન ઉપયોગિતા અને કૃષિના મહત્ત્વના ઈનપુટ્સ**

| વર્ષ | ચોખ્ખો વાવેતર વિસ્તાર (મિલિયન હેક્ટર) | કુલ વાવેતર વિસ્તાર (મિલિયન હેક્ટર) | ચોખ્ખો સિંચિત વિસ્તાર મિલિયન હેક્ટર) | કુલ સિંચિત વિસ્તાર (મિલિયન હેક્ટર) | ખાતરનો વપરાશ (લાખ ટન) | જંતુનાશક દવાનો વપરાશ ('000 ટન) |
|---|---|---|---|---|---|---|
| 2011-12 | 140.98 | 195.69 | 65.70 | 91.78 | 277.90 | 52.98 |
| 2013-14 | 141.43 | 200.86 | 68.10 | 95.77 | 244.82 | 60.28 |
| 2015-16 | - | - | - | - | 267.52 | 50.41 |

Source : Ministry of Agriculture & Farmers Welfare, Government of India.

ટેબલ - 2 માં દર્શાવ્યા પ્રમાણે ભારતમાં ઉપલબ્ધ જમીન પુરવઠામાંથી વર્ષ 2011-12માં કૃષિ પાકો લેવાતા હોય તેવો ચોખ્ખો વાવેતર વિસ્તાર 140.98 મિલિયન હેક્ટર છે. 2013-14 ના વર્ષે તેમાં નજીવો વધારો થાય છે. વર્ષ 2011-12 માં કુલ વાવેતર વિસ્તાર એટલે કે ચોખ્ખા વાવેતર વિસ્તારમાં એક કરતાં વધુ પાક લેવામાં આવે છે તે વધારાને ઉમેરતાં જે વિસ્તાર પ્રાપ્ત થાય તે 195.69 મિલિયન હેક્ટર છે. 2013-14 માં તેમાં થોડો વધારો થાય છે.

વર્ષ 2011-12 ચોખ્ખો સિંચિત વિસ્તાર 65.70 મિલિયન હેક્ટર છે જે વધીને વર્ષ 2013-14 માં 58.10 મિલિયન હેક્ટર થાય છે. આવી જ રીતે કુલ સિંચિત વિસ્તાર પણ વધવા પામ્યો છે.

વર્ષ 2011-12 માં ખાતરની વપરાશ 207.90 લાખ ટનનું છે, જે ઘટીને 2015-16 માં 267.52 લાખ ટન થાય છે. વચ્ચે વર્ષ 2013-14 માં તો તે વિશેષ ઘટી ગયેલ જણાય છે. જંતુની દવાનો વપરાશ 2013-14 ના વર્ષમાં વિશેષ વધી 2015-16 માં સવિશેષ ઘટે છે.

આમ, કુલ વાવેતર વિસ્તાર અને સિંચાઈમાં હકારાત્મક વલણ જોવા મળે છે, જ્યારે ખાતર અને જંતુનાશક વપરાશની બાબતમાં નકારાત્મક્તા જણાય છે.

### (3) ખાદ્યપાકોના ટેકાના ભાવ

ખુલ્લા બજારમાં કૃષિ ઉપજના વેચાણમાં ક્યારે ખેડૂતોને પાલવે નહીં તેટલાનીચા ભાવો પણ જતા હોય છે. આવા સંજોગોમાં ખેડૂતોને યોગ્ય - ટેકાના ભાવો આપી સરકાર દ્વારા કૃષિ જણસની ખરીદી કરવામાં આવે છે. છેલ્લા વર્ષોમાં સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ટેકાના ભાવોનીચેના બંને ટેબલમાં દર્શાવેલ છે.

**ટેબલ - 3(અ)**

**ખાદ્ય પાકોના ટેકાના ભાવ**

**(રૂપિયા / ક્વિન્ટલ)**

| વર્ષ | ડાંગર | ઘઉં | ચણા | તુવેર | મગ | અડદ |
|---|---|---|---|---|---|---|
| 2013-14 | 1310 | 1400 | 3100 | 4300 | 4500 | 4300 |
| 2015-16 | 1410 | 1525 | 3425 | 4625 | 4850 | 4625 |
| 2017-18 | 1550 | 1625 | 4000 | 5450 | 5575 | 5400 |
| | | (1916-17) | (1916-17) | | | |

Source : Ministry of Agriculture & Farmers Welfare, Government of India & Commission for Agricultural Cost Proces (CACP).

**ટેબલ - 3(બ)**

**વ્યાપારી પાકોના ટેકાના ભાવ**

**(રૂપિયા / ક્વિન્ટલ)**

| વર્ષ | શેરડી | કપાસ | મગફળી | સોયાબીન બ્લેક | સોયાબીન વાઈટ | સનફ્લાવર |
|---|---|---|---|---|---|---|
| 2013-14 | 210 | 4000 | 4000 | 2500 | 2560 | 3700 |
| 2015-16 | 230 | 4100 | 4030 | 2600 | 2600 | 3800 |
| 2017-18 | 255 | 4320 | 4450 | 3050 | 3050 | 4100 |

Source : Ministry of Agriculture & Farmers Welfare, Government of India.

ઉપરોક્ત બંને ટેબલમાં દર્શાવ્યા પ્રમાણે સરકાર દ્વારા વર્ષોવરસ ટેકાના ભાવો જાહેર કરી યોગ્ય સમયે તે ભાવે ખરીદી કરવામાં આવે છે. અહીં જોઈ શકાય છે કે રોકડિયા પાકોના ટેકાના ભાવો કરતાં અનાજના પાકોના ટેકાના ભાવોમાં વિશેષ વધારો કરી સરકાર અનાજના પાકોના વાવેતરને વધુ પ્રોત્સાહન આપવા માંગે છે.

**(4) જાહેર વહેંચણીની વ્યવસ્થા**

દેશની વસ્તીની અનાજની જરૂરિયાત સામે દેશમાં તેની કેટલી પ્રાપ્યતા છે? તેમાંથી ખરીદીના અનુસંધાને કેટલો ઉપાડ થયો છે? તથા બાકી સ્ટોક કેટલો છે તેનીચેના ટેબલ દ્વારા દર્શાવેલ છે.

**ટેબલ - 4**

**જાહેર વહેંચણીની વ્યવસ્થા**

| વર્ષ | પ્રાપ્તિ | | | ઉપાડ | | | સ્ટોક | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ચોખા | ઘઉં | કુલ | ચોખા | ઘઉં | કુલ | ચોખા | ઘઉં | કુલ |
| 2012-13 | 34.04 | 38.15 | 72.19 | 32.64 | 33.21 | 65.85 | 35.47 | 24.21 | 59.76 |
| 2014-15 | 31.55 | 28.02 | 59.57 | 30.73 | 25.22 | 55.95 | 23.82 | 17.22 | 41.34 |
| 2016-17 | 36.48 | 23.63 | 60.11 | 31.45 | 30.65 | 62.10 | 28.80 | 14.50 | 43.60 |

Source : Ministry of Agriculture & Farmers Welfare, Government of India.

ટેબલ - 4 માં દર્શાવ્યા પ્રમાણે ચોખાની પ્રાપ્તિ કુલ એકંદરે વધે છે, પરંતુ વર્ષ 2014-15 માં તે ઓછી રહેવા પામી છે. ઘઉંની પ્રાપ્તિ સતત ઘટી છે. ચોખાનો ઉપાડ કુલ એકંદરે ઘટે છે. ઘઉંનો ઉપાડ પણ કુલ એકંદરે ઘટે છે, વર્ષ 2014-15 માં તો તે વિશેષનીચો રહેવા પામ્યો છે. ચોખાના સ્ટોકમાં સારો એવો ઘટાડો જણાય છે, જ્યારે ઘઉંના સ્ટોકમાં તો વિશેષ ઘટાડો જોવા મળે છે.

**(5) સરેરાશ વેતનદર**

કૃષિક્ષેત્રે પણ ઘણું ખરું શ્રમકાર્ય મજૂરો દ્વારા થતું હોય ઉદ્યોગ ક્ષેત્ર અને સેવાક્ષેત્ર જેટલી શ્રમિકોની માંગ કૃષિક્ષેત્રમાં સ્થિર નથી રહેતી. કારણકે કૃષિક્ષેત્ર મોસમી ક્ષેત્ર છે અને કુદરતી પરિબળો ખાસ કરીને વરસાદ પર વિશેષ આધારિત ક્ષેત્ર છે. આથી કૃષિ શ્રમિકોની માંગ વારંવાર ફેરફાર પામતી હોવાથી કૃષિ શ્રમિકોના વેતનદર પણ વિવિધ રીતે ફેરફાર પામે છે. સમય અને સ્થળ મુજબ નક્કી થાય છે.નીચેના ટેબલમાં ભારતમાં સરેરાશ વેતન દર્શાવેલ છે.

**ટેબલ - 5**

**કૃષિ ક્ષેત્રમાં સરેરાશ વેતનદર (રૂ.)**

| વર્ષ | 2007-08 | 2009-10 | 2011-12 | 2013-14 |
|---|---|---|---|---|
| પુરૂષ | 78.0 | 103.9 | 149.0 | 232.2 |
| સ્ત્રી | 57.9 | 80.1 | 117.0 | 182.5 |

Sources : State of Indian Agriculture, 2015-16

ટેબલ - 5 માં જોવા મળે છે કે ભારતમાં કૃષિ શ્રમિકોના સરેરાશ વેતનદર સારા પ્રમાણમાં વધે છે. આ ઉપરાંત પુરૂષ શ્રમિકોના સરેરાશ વેતનદર અને સ્ત્રી શ્રમિકોના સરેરાશ વેતનદર વચ્ચે સારો એવો તફાવત જણાય છે. વર્ષ 2007 2008 માં પુરૂષ વેતનદર રૂ.78 હતા જે વધીને વર્ષ 2013-14 માં રૂ. 232.2 થાય છે આજ ગાળામાં સ્ત્રી વેતનદર રૂ.57.9 માંથી વધીને રૂ.182.5 થાય છે.

**(6) કૃષિક્ષેત્રે ધિરાણ**

ભારતના ખેડૂતોમાંથી ખૂબ ઓછાં પ્રમાણમાં ખેડૂતો સમૃધ્ધ છે. આવા સંજોગોમાં ખેતીના વ્યવસાયમાં બિયારણ, ખાતર, જંતુનાશક દવા, યંત્રો, ઓજારો વગેરે માટે ધિરાણની ભૂમિકા ખૂબ મહત્ત્વની બની રહે છે. ભારતમાં બેંકો અને અન્ય નાણાંકીય સંસ્થાઓ દ્વારા કૃષિક્ષેત્રે થયેલ ધિરાણના આંકડા ટેબલ - 6 માં દર્શાવેલ છે.

**ટેબલ - 6**

**કૃષિ ક્ષેત્રમાં ધીરાણ (કરોડ રૂ.)**

| વર્ષ | 2009-10 | 2010-11 | 2011-12 | 2012-13 | 2013-4 |
|---|---|---|---|---|---|
| રકમ | 3,72,463 | 4,14,973 | 4,79,400 | 5,31,701 | 7,02,541 |

Sources : State of Indian Agriculture, 2015-16

કૃષિક્ષેત્રે થતાં ધિરાણમાં સતત વૃધ્ધિ જણાય છે. વર્ષ 2009-10 માં કૃષિક્ષેત્રે રૂ.3,72,463 કરોડનું ધિરાણ થયેલ. જે ખૂબ સારા પ્રમાણમાં, પાંચ વર્ષમાં વધીને રૂ. 7,02,541 કરોડનું થયેલ છે. જોકે આ ધિરાણ ભારતના ખેડૂતો માટે પૂરતું છે એમ ના કહી શકાય.

**(7) કૃષિક્ષેત્રની નિકાસો**

વૈશ્વિકરણના વર્તમાન યુગમાં વિદેશ વ્યાપાર અર્થતંત્રમાં મહત્ત્વની ભૂમિકા હોય છે. વૈશ્વિક હરિફાઈમાં દેશની નિકાસોનું પ્રમાણ અને મૂલ્ય મહત્ત્વના બની રહે છે. ભારતના કૃષિક્ષેત્રની નિકાસો આ દ્રષ્ટિએ અગત્યનું સ્થાન ધરાવે છે. નિર્દેશિત ટેબલ - 7 માં ભારતની કૃષિ નિકાસો દર્શાવે છે.

**ટેબલ - 7**

**કૃષિ ક્ષેત્રની નિકાસો (બિલિયન યુ. એસ. ડોલર)**

| **વર્ષ** | **ચોખા** | **કપાસ** | **સોયાબીન** | **મકાઈ** | **ઘઉં** | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| **2009** | 2.4 | 1.2 | 1.4 | 0.5 | 0.0 | 14.8 |
| **2013** | 7.1 | 3.8 | 2.7 | 1.2 | 1.0 | 39.3 |
| **વૃધ્ધિ** | 4.7 | 2.6 | 1.3 | 0.7 | 1.0 | 24.5 |

Source : www.fas.usda.gov

ટેબલ - 7 માં ભારતની નિકાસોમાંથી કૃષિક્ષેત્રની નિકાસ બિલિયન ડોલરમાં દર્શાવેલ છે. મુખ્ય કેટલીક નિકાસની ચીજવસ્તુ સાથે કુલ નિકાસ પ્રમાણ દર્શાવેલ છે. ભારતમાં કુલ કૃષિ નિકાસ વર્ષ 2001 માં 14.8 બિલિયન યુ.એસ.ડોલર હતી જે ચાર વર્ષના ગાળામાં વધીને વર્ષ 2013માં 393 બિલિયન ડોલર થઈ એટલે કે તેમાં 24.5 બિલિયન ડોલર (166 ટકા) વધારો નોંધાયો છે. આ ઉપરાંત આ સમયગાળા દરમિયાન ચોખા, કપાસ અને સોયાબીનની નિકાસમાં પણ સારા પ્રમાણમાં વધવા પામી છે.

### (8) કૃષિક્ષેત્રની કાચી ગૃહપેદાશ

કોઈપણ ક્ષેત્રની પેદાશ વરસોવરસ કેટલી વૃધ્ધિ પામે છે તેના પર તે ક્ષેત્રનો વિકાસ નક્કી થાય છે. આ ઉપરાંત દેશની કુલ કાચી ગૃહપેદાશમાં જે તે ક્ષેત્રનો ટકાવારી હિસ્સો કેટલો છે? તેના આધારે અર્થતંત્રમાં તેનું મહત્ત્વ આંકવામાં મદદ મળે છે.

**ટેબલ - 8(અ)**

**કૃષિ ક્ષેત્રની કાચી ગૃહપેદાશનો વૃધ્ધિદર**

| યોજના | 8મી | 9મી | 10મી | 11મી |
|---|---|---|---|---|
| વૃધ્ધિદર | 4.80 | 2.50 | 2.40 | 4.10 |

Sources : State of Indian Agriculture, 2015-16

**ટેબલ - 8(બ)**

**ભારતની કાચી ગૃહપેદાશમાં કૃષિ ક્ષેત્રનો ટકાવારી હિસ્સો**

| **વર્ષ** | 2005-06 | 2007-08 | 2009-10 | 2011-12 | 2013-14 |
|---|---|---|---|---|---|
| **હિસ્સો (ટકા)** | 18.3 | 16.8 | 14.6 | 14.4 | 13.9 |

Sources : State of Indian Agriculture, 2015-16

ટેબલ - 8(અ) માં દરેક યોજનામાં કૃષિક્ષેત્રની ગૃહપેદાશનો વાર્ષિક વૃધ્ધિદર કેટલો રહ્યો છે? તે દર્શાવેલ 9 મી અને 10 મી યોજના દરમિયાન આ વૃધ્ધિદર ખૂબનીચો જણાય છે.

ટેબલ - 8(બ) માં અર્થતંત્રના ત્રણ ક્ષેત્રો કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રો પૈકી કૃષિક્ષેત્રનો દેશની કુલ કાચી ગૃહપેદાશમાં કેટલો હિસ્સો રહેવા પામ્યો છે તે દર્શાવેલ છે. વર્ષ 2005-06 માં તે 18.3 હતો. લગભગ સતત ઘટીને તે વર્ષ 2013-14 માં 13.9 થયેલ છે. આ બાબત એમ દર્શાવે છે કે દેશની કાચી ગૃહપેદાશમાં કૃષિક્ષેત્રનો હિસ્સો સતત ઘટી રહ્યો છે.

### (9) રોજગારીમાં હિસ્સો

દેશના અર્થતંત્રમાં રોજગારીની બાબત ખૂબ અગત્યના સ્થાને છે. લોકોને કેટલા પ્રમાણમાં કામ મળે છે? તે બાબત જાણવી જરૂરી બને છે.

**ટેબલ - 9**

**રોજગારીમાં કૃષિ ક્ષેત્રનો ટકાવારી હિસ્સો**

| **વર્ષ** | 1991 | 2001 | 2011 |
|---|---|---|---|
| **હિસ્સો (ટકા)** | 59.0 | 58.2 | 54.6 |

Sources : State of Indian Agriculture, 2015-16

ટેબલ - 9 માં દેશના અર્થતંત્રમાં પ્રાપ્ય કુલ રોજગારીમાંથી કૃષિક્ષેત્ર કેટલી રોજગારી આપે છે? તે દર્શાવેલ છે. વર્ષ 1991 કૃષિક્ષેત્ર દેશની કુલ રોજગારીમાંથી 59 ટકા જેટલી રોજગારી આપે છે. બે દાયકા બાદ આ પ્રમાણ થોડું ઘટીને 2011માં 54.6 ટકા થયેલ છે. જોકે આમ છતાં આ પ્રમાણ ઘણું ઊંચુ કહી શકાય. આમ રોજગારી આપવાની દ્રષ્ટિએ કૃષિક્ષેત્ર ભારતમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

કૃષિક્ષેત્રના ઉપરોક્ત નિર્દેશકોમાંથી કેટલીક નકારાત્મક્તાને બાદ કરતાં મહદ્અંશે ચિત્ર હકારાત્મક જણાય છે પરંતુ તે વર્તમાન સમગ્રલક્ષી વિકાસને અને તેની ચર્ચાઓને ધ્યાનમાં લેતાં સંતોષકારક નથી એ વાત બહુ સ્પષ્ટ છે.

## 6.3 કૃષિક્ષેત્રની મહત્ત્વની સમસ્યાઓ

### (1) ખેડૂતોની નિયોજન શક્તિનીનીચી કક્ષા

વર્તમાન તરેહ જોતાં ખેતી પણ ઉદ્યોગની કક્ષામાં મૂકી શકાય અને તે સંદર્ભે આ પ્રક્રિયામાં જોડાયેલ ખેડૂતને પણ નિયોજન તરીકે ઓળખાવી શકાય. જો કે આજના સ્પર્ધાત્મક યુગમાં ખેતીક્ષેત્રે ઉજ્જવળ પરિણામો મેળવવાં હોય તો ઉચ્ચ કક્ષાની નિયોજન ક્ષમતા મેળવવાની જરૂરિયાત છે. પરંપરાગત પધ્ધતિથી કામ કરવા ટેવાયેલ ખેડૂત વર્ગ કોઠાસૂઝ અવશ્ય ધરાવે છે, પરંતુ બજારીકરણના યુગમાં વ્યવસાયિક કૌશલ્ય અનિવાર્ય છે. સરકારની વિવિધ યોજનાનો મહત્તમ લાભ લઈ શકાય, ઊંચુ વળતર પ્રાપ્ત થાય તેવા પાકોનું વાવેતર, ઓછામાં ઓછા ખર્ચ દ્વારા મહત્તમ કાર્ય થઈ શકે વગેરે દિશામાં તે ખાસ સક્ષમ બન્યો નથી.

### (2) સિંચાઈની સુવિધામાં ધીમી વૃધ્ધિ

કૃષિક્ષેત્રના વિકાસ માટે સિંચાઈની ઉપલબ્ધિ ખૂબ મહત્ત્વનું પરિબળ ગણાવી શકાય. અલ્પ કે અતિ વરસાદ, અનિયમિત વરસાદથી બચવા માટે અને ચોમાસા સિવાયની મોસમમાં પાક લેવા માટે સિંચાઈ ઉપલબ્ધિ ફરજિયાત છે. ભારતમાં કૃષિના ચોખ્ખા વિસ્તારના 50% વિસ્તારમાં સિંચાઈની સગવડતા આજે પણ નથી. વરસાદનું મોટાભાગનું (આશરે 78% જેટલું) પાણી કોઈ ઉપયોગ વગર સમુદ્રમાં જતું રહે છે. જો તેમાંથી કેટલુક વધુ પાણી આપણે સંગ્રહી શકીએ તો સિંચાઈની સગવડતા વૃધ્ધિ પામવાના પૂરતા અવકાશ છે, પરંતુ વરસાદી પાણીનો ઓછો સંગ્રહ, કૂવા - બોરના ભૂગર્ભ પાણીના તળનીચે જવા, કરકસરયુકત પિયત પધ્ધતિનો અભાવ વગેરેને લીધે આપણે સિંચાઈ સુવિધા વધારી શકતા નથી. આથી મોટા ભાગની ખેતીમાં પાક લઈ શકતા નથી અને કેટલીક ખેતીમાં પાક અમુક અવસ્થા પછી સિંચાઈની અપૂરતી સગવડતાને લીધે નાશ પામે છે.

### (3) સુકી ખેતીનો ઓછો વિકાસ

ખૂબ ઓછા પિયતથી અથવા તો લાંબાગાળા સુધી પિયત વગર ચાલી શકે તેવા પાકોની ખેતી થઈ શકે તો ઓછી સિંચાઈની સગવડતાના છતાં સારા પાકો લઈ શકાય પરંતુ આપણે ત્યાં આવા પ્રકારના સંશોધનો ખૂબ ઓછા થયા છે. જે થયા છે તેથી પણ ખેડૂત અપનાવીને સફળ થયા હોય તેવું ખાસ જોવા મળતું નથી.

### (4) વિજળીની સમસ્યા

પિયત માટે વિજળી અનિવાર્ય ગણાવી શકાય. આપણે ત્યાં પિયતની સગવડ છે ત્યાં પણ વિજળીની અપૂરતી સગવડ, અનિયમિતતાને લીધે સિંચાઈનો પૂરો લાભ લઈ શકાતો નથી. પાકના વિકાસના મહત્ત્વના સમયે જ્યારે પિયતની જરૂર હોય અને સગવડ હોય પરંતુ વિજળીની મર્યાદિત સમયની ઉપલબ્ધિને લીધે પૂરતું પિયત મળી શકતું નથી અને સારો લઈ શકાય તેમ

હોય તેવો પાક નુક્શાન પામે છે. આ ઉપરાંત વિજ ફોલ્ટનું પ્રમાણ ઊંચુ હોવાને લીધે પણ આકસ્મિક વિજ પુરવઠો ખોરવાતા પાકને નુક્શાન થાય છે. દેશમાં વિજળીની જરૂરિયાત કરતાં તેની ઉપલબ્ધિ ઘણી ઓછી છે. આથી ખેતીક્ષેત્રે વિજ કાપ ફરજિયાત બન્યો છે. આ ઉપરાંત નવા કનેક્શન મેળવવાની કામગીરી પણ ખૂબ મંદ ગતિએ કામ કરે છે. આમ, વિજળીએ ભારતના કૃષિક્ષેત્ર માટે સમસ્યારૂપ પ્રશ્ન છે.

**(5) ચોમાસાની અનિયમિતતા**

સમગ્ર વિસ્તારમાં ચોમાસાની સ્થિતિ અલગ છે. કેટલાક વિસ્તારમાં ઓછો વરસાદ પડે છે. કેટલાક વિસ્તારમાં અતિ વરસાદ પડ્યો છે એવું પણ જોવા મળ્યું છે. જરૂરિયાતના સમયે વરસાદ ના પડે. વરસાદ ક્યારેક નુક્શાનકારક પણ બને. આમ, દેશના અલગ અલગ વિસ્તારમાં ચોમાસા સંદર્ભની સમસ્યા રહેલી છે. જેના પરિણામે કૃષિપાકોના ઉત્પાદનમાં વારંવાર અનિશ્ચિતતા ઊભી થાય છે. વધુ વરસાદને લીધે શેઢા - પાળા, ખેતરો ધોવાય જતાં માત્ર પાકને જ નહીં પરંતુ ખેતરની ગુણવત્તા અને તેના બંધારણને પણ નુક્શાન થાય છે.

**(6) પેદાશોનું નવિનીકરણ**

ઔદ્યોગિક ક્ષેત્રે નવિનીકરણ જે ઝડપથી આવે છે, તેની સરખામણીમાં કૃષિક્ષેત્રે સંશોધન અને નવિનીકરણ ખુબ ધીમી ગતિએ જોવા મળે છે. નાના ઉદ્યોગોમાં પણ જે ઝડપથી આધુનિક આવતું રહ્યું છે તેની સરખામણીમાં ખેતીક્ષેત્રે પેદાશોના સંશોધન અને સંવર્ધનમાં ધીમી પ્રગતિ થાય છે. મગફળી, બાજરો, તલ, એરંડા. કઠોળ, શાકભાજી વગેરેની પેદાશોમાં જે ઝડપથી નવિનીકરણ બે દાયકા અગાઉના સમયગાળામાં આવ્યું તેનું તાજેતરમાં આવતું નથી. કૃષિવિકાસ અને માર્ગદર્શન - તાલીમની સરકાર કે અન્ય સંસ્થાઓનો ખાસ લાભ આ સંદર્ભે ભારતના કૃષિક્ષેત્રને વિશેષ થયો હોય એમ લાગતું નથી.

**(7) નિકાસલક્ષી અભિગમનો અભાવ**

ભારતમાં વિશાળ જમીન વિસ્તારમાં ખેતી કરવામાં આવે છે. વિવિધલક્ષી ઉત્પાદન પણ અમુક અંશે થાય છે. જેમ કે, ઘઉં, ચોખા, કપાસ, મગફળી, એરંડાનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થાય છે, પરંતુ નિકાસલક્ષી અભિગમના પરિણામે દેશમાં અતિ પુરવઠાની સ્થિતિનું નિર્માણ થાય છે અને ખેડૂતોને ખૂબનીચા ભાવો પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત દેશમાં કેરી, તરબૂચ, પપૈયા તથા અન્ય ફળફળાદિ પાકોનું વાવેતર થાય છે અને સારી ગુણવત્તાનું ઉત્પાદન પણ પ્રાપ્ત થાય છે. જો તેને વિદેશી બજારમાં પૂરતા પ્રમાણમાં બજાર અપાવી શકાય તો આ પ્રકારની ખેતીના ચોક્કસપણે ઉજળા દિવસો આવી શકે. આમ નિકાસલક્ષી અભિગમની ઉણપના લીધે કૃષિ વિકાસ મર્યાદિત બન્યો છે.

**(8) વિશ્વવ્યાપાર સંગઠન**

વિશ્વવ્યાપાર સંગઠન પૂર્ણ સ્વરૂપે કાર્યરત થયા પછી ભારતના ખેતીક્ષેત્રમાં ઘણા પડકારો ઊભા થયા છે. આપણા દેશની કૃષિપેદાશો કે જેનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થાય તે નિકાસ થતા અટકી છે. ખેતીના નિપજ ઘટકો બિયારણ ખાતર, જંતુનાશક દવા વગેરે મોંઘા થતાં અને ખેતમજૂરોનું વેતન વધતાં ઉત્પાદન ખર્ચ પણ વધ્યુ છે. આથીનીચા ભાવનું વેચાણ ખૂબ ઓછું વળતરદાયી બન્યુ છે.

**(9) સામૂહિક રોગચાળો અને જંતુનાશક દવાનો અપૂરતો ઊપયોગ**

કૃષિમાં જ્યારે સામૂહિક રોગચાળો આવે છે ત્યારે મોટાભાગના ખેડૂતો તેનો ભોગ બને છે. સુકારો, વિવિધ જીવાતોનું આક્રમણ વગેરે ઉભા પાકને નુક્શાન કરે છે. ખેડૂતો આ નુકશાનથી બચી શકાય તે માટે ખાસ પૂર્વાયોજન કરતા નથી. આ ઉપરાંત પૂરતા પ્રમાણમાં જંતુનાશક દવાનો પણ ઉપયોગ નથી થતો જેથી નુક્શાન નિવારી શકાય. જે જંતુનાશક દવાનો ઊપયોગ થાય છે તે પણ યોગ્યરૂપમાં નથી થતો.

**(10) સુધારેલાં બિયારણનો ઓછો ઉપયોગ અને અપ્રાપ્તિ**

ધીમે ધીમે ખેડૂતો સુધારેલા બિયારણનો ઉપયોગ કરતા થયા હોવા છતાં પણ હજુ તેનું પ્રમાણ

ખૂબ જ ઓછું છે. ખેડૂતો હલકા અને સુધારેલા બિયારણ કિંમતનો તફાવત અને તેને લીધે ઉપજ તફાવતનો હિસાબ કરતા નથી તેથી ઘણા ખેડૂતો હલકા બિયારણનો ઉપયોગ કરે છે.

આ ઉપરાંત ખેડૂતોને જ્યારે જોઈએ ત્યારે સુધારેલાં બિયારણ પ્રાપ્ત પણ નથી થતા એવું વારંવાર બનતું હોય છે.

**(14) રાસાયણિક ખાતર**

કૃષિ ઉત્પાદન વધારવા માટે રાસાયણિક ખાતર ખૂબ મહત્ત્વના સાબિત થાય છે. જરૂરિયાત મુજબનું રાસાયણિક ખાતર પાકને યોગ્ય સમયે આપવામાં આવે તો ઉત્પાદક્તા સારા પ્રમાણમાં વધારી શકાય છે. પરંતુ ભારતના કૃષિક્ષેત્રમાં જરૂરિયાત કરતાં ઘણું ઓછું રાસાયણિક ખાતર ઉપયોગમાં લેવાય છે. આ ઉપરાંત ક્યા ખાતરની પાકને કે જમીનને જરૂર છે? તે જાણ્યા વગર ખાતર આપવામાં આવતું હોવાથી ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ નથી થતો.

કૃષિ માટે વપરાતા રાસાયણિક ખાતરો ખેડૂતોને મોંઘા પડે છે. સબસીડીનો લાભ મળતો હોવા છતાં ભાવો એટલાનીચા જતા નથી કે સામાન્ય ખેડૂત તેનો સરળતાથી ઉપયોગ કરી શકે. બીજો એક મહત્ત્વનો મુદ્દો એ છે કે જરૂરિયાતના સમયે ખેડૂતોને રાસાયણિક ખાતર પ્રાપ્ત પણ ન થાય એવું વારંવાર બને છે. જે પાક ઉત્પાદક્તા પર ખાસ નકારાત્મક અસર પાડે છે.

**(15) કૃષિ ધિરાણ અપૂરતું તથા હેતુસર તેનો ઉપયોગ નહિ**

કૃષિ ધિરાણમાં સારા પ્રમાણમાં વધારો થયો હોવા છતાં તે ખેડૂતોની જરૂરિયાત માટે પૂરતો નથી. હજુ કેટલાયે ખેડૂતોને સરળતાથી પોતાની જરૂરિયાતો મુજબનું લાંબા, મધ્યમ કે ટૂંકા ગાળાનું ધિરાણ બેંકો કે સહકારી સંસ્થાઓ આપી શકતી નથી. કૃષિ ધિરાણ મેળવવાની પ્રક્રિયા પણ અભણ કે ઓછું ભણેલા ખેડૂતોને નિરાશ કરી દે છે. આ ઉપરાંત ખેડૂતોને જે ધિરાણ પ્રાપ્ત થાય છે તેનો ઓછો ઉપયોગ કૃષિ ખર્ચ માટે થાય છે. આ રકમમાંથી ઘણી રકમ ખેડૂત પોતાના નાના મોટા પ્રસંગ, તહેવાર, ઘરખર્ચ વગેરેમાં કરે છે. આથી કૃષિમાં ધિરાણનો પૂરતો લાભ મળી શકતો નથી.

**(16) ખેતપેદાશોની સંગ્રહ વ્યવસ્થાનો અભાવ**

ખેડૂતો પાસે ખેતપેદાશના સંગ્રહની વ્યવસ્થા ઘણી અપૂરતી છે. આથી (અ) વેચાણ પહેલાં કેટલીક ખેતપેદાશ નાશ પામે છે. (બ) ખેતપેદાશની ગુણવત્તા પર માઠી અસર પહોંચે છે. (ક) બજારમાં જે તે પેદાશની પુરવઠાના પ્રમાણમાં માંગ પ્રભાવશાળી હોય ત્યારે સારા ભાવ મેળવવા સુધી ખેતપેદાશો ગુણવત્તાસભર સાચવી શકાતી નથી. આથી ખેડૂતોને ઓછા ભાવે વેચાણ કરવું પડે છે.

**(17) પાક ફેરબદલી પર અપૂરતું ધ્યાન નહી**

કૃષિમાં પાક ફેરબદલીનું ઘણું આર્થિક મહત્ત્વ છે. જેનાથી જમીન ગુણવત્તા જળવાય છે - વધે છે. અનુકૂળ પાક ફેરબદલીથી પાક ઉત્પાદક્તા વધારી શકાય છે. આપણા દેશના ખેડૂતો પાક ફેરબદલીના લાભોથી પૂરતા સભાન નથી. આથી યોગ્ય પાક ફેરબદલીનો અભાવ જણાય છે.

**(18) બિનઆર્થિક ખેડાણ ઘટકો**

ખેડાણ ઘટકના નાના એકમો પર કૃષિ સાધનો જેવાં કે બળદ, કુવા - ઘર, વધુ ક્ષમતાવાળાં યંત્રો - ઓજારો વગેરે ખેડૂતોને પોસાતા નથી. નાના ખેડાણ ઘટકના ઉપયોગની સાથે આ સાધનોની કિંમત, ઘસારો, જાળવણીખર્ચ વધુ કરવું પડે છે. આવાં એકમોને બિનઆર્થિક ખેડાણ ઘટકો કહેવાય છે. ખેડૂત કુટુંબોમાં ખંડ વિભાજન અને ઉપવિભાજનના પરિણામે આવા એકમોનું પ્રમાણ વધુ છે.

**(19) ટેકાના ભાવોએ ખરીદીમાં વિલંબ**

સરકાર જેને પાકના ટેકાના ભાવો નક્કી કરતા હોય છે, પરંતુ બજારમાં તેનાથીનીચાભાવોએ ખરીદ વેચાણ થતાં હોવા છતાં સરકાર જે તે સમયે ટેકાના ભાવોએ ખરીદી કરવામાં વિલંબ કરતી હોય છે. આથી નાણાંકીય જરૂરિયાતવાળા તથા સંગ્રહની સગવડતા વગરના ખેડૂતોએ ટેકાના ભાવથીનીચા ભાવોએ વેચાણ કરી નુકશાન ભોગવવું પડે છે.

**(20) સરકારી સહાયનો અપૂરતો લાભ**

કૃષિક્ષેત્રે સરકારી સહાયની ખેડૂતોને પૂરતી જાણકારી નથી અથવા તો પૂરતો ઉત્સાહ નથી. આથી શ્રેષ્ઠ યોજનાઓ ખેડૂત સુધી પહોંચી શકતી નથી. ટપક પધ્ધતિ - ફુવારા પધ્ધતિની સિંચાઈ, ગોડાઉન, જમીન સુધારણા, વિવિધ યંત્ર અને ઓજારો માટે સરકારની યોજના દ્વારા સબસીડી - ઓછા વ્યાજે લોનના લાભો મળતા હોય છે જે અજ્ઞાનતાના કારણે લઈ શકતા નથી.

**(21) ખેડૂતોમાં શિક્ષણ અને તાલીમનો અભાવ**

દેશના મોટા ભાગના ખેડૂતો અભણ છે. થોડું ભણેલા છે તે પણ આધુનિક કૃષિ કે નિયોજન તરીકેની ભૂમિકામાં સફળ હોય તેવું જણાતું નથી. ખેડૂત કુટુંબના જે સભ્યો  શિક્ષણ મેળવે છે તેમાંથી મોટા ભાગના અન્ય વ્યવસાયમાં જોડાય છે. આથી ખેડૂતોમાં શિક્ષણનો કાયમી અભાવ જોવા મળે છે. જેના કારણે કૃષિ વિષયક માહિતી મેળવવામાં તથા સમજવામાં  ખેડૂતો ઉણા ઉતરે છે. કૃષિ કાર્યો અને કૃષિ નિયોજક તરીકે તાલીમબધ્ધ ખેડૂતોની ભૂમિકા મહત્ત્વની હોય છે.

આમ ખેતીપ્રધાન એવા આપણાં દેશના કૃષિક્ષેત્રે વિવિધ પ્રકારની સમસ્યાઓ પ્રવર્તે છે જેણે કૃષિ વિકાસને ઘણો મર્યાદિત બનાવી દીધો છે.

## 6.4 કૃષિ નીતિ - 2016

કોઈપણ દેશ પોતાનો સમગ્રલક્ષી વિકાસ ઝડપથી હાંસલ કરવા પ્રયત્નશીલ હોય છે. આ માટે તેણે તેના મુખ્ય ક્ષેત્રો ખાસ કરીને કૃષિ અને ઉદ્યોગ માટે યોગ્ય નીતિનું ઘડતર કરવું પડે છે. જેના દ્વારા જે તે ક્ષેત્રનો ઈષ્ટતમ વિકાસ થાય અને દેશના વિકાસમાં તેનું યોગદાન પ્રાપ્ત થાય. આ સંદર્ભે કહીએ તો ભારત દેશ કૃષિના પ્રભુત્ત્વવાળો હોય, સરકાર કૃષિ નીતિના ભાગરૂપે કૃષિ વિકાસ અને તેના દ્વારા સમગ્રલક્ષી વિકાસમાં તેનું યોગદાન મળે તેવો ધ્યેય રાખે છે. ભારતમાં 2016માં વર્તમાન કૃષિ નીતિ જાહેર થયેલ. આ નીતિના અમલીકરણ માટે આયોજન કરવામાં આવેલ.

**(1) કૃષિ નીતિ 2016 નું ધ્યેય :**

કૃષિ ક્ષેત્રે ટકાઉક્ષમ નવરચના કરવી. જેના પરિણામે એકંદર ઉત્પાદન - ઉત્પાદક્તામાં વૃધ્ધિ થાય, ખેડૂતોની આવક વૃધ્ધિ થાય, અન્ન પ્રાપ્યતા અને પોષણ ક્ષમતામાં સુધારો થાય તથા કૃષિ નિકાસમાં વધારો થાય.

**(2) સંભવિત પરિણામો**

- કૃષિ ઉત્પાદન અને ઉત્પાદક્તામાં વૃધ્ધિ
- ઉત્પાદન અને વેચાણપાત્ર અધિશેષમાં વિવિધતા
- સિંચાઈનો અધિક ઉપયોગ
- મહિલાઓ અને યુવાનો દ્વારા ખેતપેદાશ અને તેના મૂલ્ય વૃધ્ધિ
- ખેતીમાં યાંત્રીકરણ
- કૃષિ નીતિ ઘડતર, કાર્યક્ષમ તથા અમલીકરણમાં એકંદર સમાજની સહભાગીદારી

**(3) હેતુઓ / ઉદ્દેશો**

- કૃષિ ઉત્પાદન વૃધ્ધિમાં સાતત્ય જાળવવું અને તેનો વાર્ષિક વૃધ્ધિદર ઓછામાં ઓછો 6 ટકા રાખવો.
- કૃષિ પેદાશમાં વિવિધતા અને મૂલ્યવૃધ્ધિ દ્વારા ખેડૂતોની આવક બમણી કરવી.
- વિવિધ ખેતપેદાશોની હેક્ટરદીઠ ઉત્પાદક્તામાં 100 ટકા વધારો કરવો.
- પશુપાલન અને માછીમારી ક્ષેત્રે 50 ટકા ઉત્પાદન વૃધ્ધિ કરવી.
- નવિનીકરણ અને યાંત્રીકરણમાં 60 ટકા વૃધ્ધિ કરવી.
- નિકાસોમાં 50% મૂલ્યવૃધ્ધિ કરવી

- સિંચાઈ હેઠળના વાવેતર વિસ્તારમાં વધારો કરવો.

**(4) અગ્રતાના મુદ્દાઓ**

- ♦ કૃષિ ઉત્પાદન અને ઉત્પાદક્તા નિભાવક્ષમ બને - એ માટે ખેતીના નિપજકો પૂરતા પ્રમાણમાં સમયસર પ્રાપ્ત થાય, તે નિપજકો ગુણવત્તાવાળા, વાજબી કિંમતના હોય તથા વધતી જતી માંગને અનુરૂપ હોય તે બાબતને પ્રાધાન્ય આપવું.
- ♦ નિભાવક્ષમ પિયત વિકાસ - આપણા દેશમાં સીમાંત અને નાના ખેડૂતોનો વર્ગ ઘણા મોટા પ્રમાણમાં છે. 2014ની સ્થિતિએ ભારતમાં કૃષિના કુલ વાવેતર વિસ્તાર પૈકી 46 ટકામાં પિયત સુવિધા પ્રાપ્ય હતી. આ વિસ્તાર પૈકી નાના ખેડૂતો જે સિંચાઈ સુવિધા મેળવે છે તેનું પ્રમાણ લગભગ 3 ટકા હતું. આ સંદર્ભમાં પર્યાય જળ સંસાધનોને પિયતના હેતુથી વળવા માટે કાર્યક્ષમ આયોજન અને તંત્રની જરૂરિયાત સમજીને તે દિશામાં વધારે સક્રિય થવા માચે માળખાંકીય રોકાણો, નાણાંકીય સવલતો, ટેકનિકલ માર્ગદર્શન તેમજ આ દિશામાં સંશોધન અને વિસ્તરણ સેવા સઘન કરવી.
- ♦ ખેતીમાં યાંત્રીકરણ - અનુભવે એ સમજાયું છે કે પરંપરાગત ખેતી પધ્ધતિને કારણે ઉત્પાદક્તા વૃધ્ધિ મેળવી શકાતી નથી તેથી વધારેમાં વધારે યાંત્રીકરણ ખેતીની પ્રક્રિયામાં તેના પર ભાર મુકવામાં આવ્યો છે. આ માટે પ્રોસેસિંગને વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જેમાં ખાસ કરીને ફળફળાદિમાંથી પ્રવાહી, અથાણા તેમજ અન્ય પેદાશો પ્રાપ્ત કરવી તેમજ ખેતપેદાશોની મૂલ્યવૃધ્ધિ કરવી, બજારમાંગને અનુરૂપ ઉત્પાદન મેળવવું અને નિકાસપાત્ર પેદાશો માટેની કાચામાલની આયાત કરવી. આ સંદર્ભે ખેડૂતોને વધારે સભાન કરવા અને હિસ્સેદાર બનાવવા.
- ♦ બજાર વિકાસ - ખેતપેદાશોને પૂરતા પ્રમાણમાં ભાવો મળી રહે તે માટે બજારવ્યવસ્થા સુવિકસિત કરવી. આ સંદર્ભમાં ગોદામની સુવિધા પરિવહનની સુવિધા, તંત્ર સંકલન, પ્રમાણીકરણ, સુગ્રથિત કેન્દ્રિત બજાર અને સુયોગ્ય માહિતીતંત્ર ઊભું કરવું.
- ♦ અન્ન અને પોષણ સલામતી - ભારત જેવાં વિકાસ પામતા દેશમાં કુપોષણ અને અપૂરતા અન્નનો પ્રશ્ન મુખ્ય છે. આ સંદર્ભમાં ઉત્પાદન અને ઉત્પાદક્તા થકી પ્રાથમિક જરૂરિયાતોને પ્રાપ્ત કરી શકાય, અનાજની અછત નિવારી શકાય, જન્મદાત્રી માતા અને બાળકોને પૂરતા પ્રમાણમાં પોશાક આહાર મળી રહે તે અનુરૂપ ઉત્પાદન માળખા, જરૂરી નાણાં સંસાધન, વિસ્તરણ સેવાના સંકલન પર ભાર મુકવામાં આવ્યો.

એકંદરે કૃષિ પધ્ધતિમાં વૈજ્ઞાનિક્તા આવે, પેદાશોમાં વૈવિધ્ય આવે, કૃષિ ઉત્પાદન માટે પોષણ જળવાય રહે, આંતરરાષ્ટ્રિય બજારમાં નિકાસ પાત્રતા વધે ખેતીમાં કામ કરનારા કાર્યક્ષમતા અને વળતરમાં વૃધ્ધિ થાય અને તેના દ્વારા એકંદરે કુલ રાષ્ટ્રિય વિકાસમાં પોતાની હિસ્સેદારી વધે તે પ્રકારના નીતિવિષયક પગલાઓનું આયોજન નક્કી કરવામાં આવેલ છે.

## 6.5 સમાપન

ભારતમાં આયોજિત આર્થિક વિકાસને સાત દાયકા પૂરા થવા જઈ રહ્યા છે, ત્યારે કૃષિવિકાસ થતો સ્પષ્ટ રીતે જણાય છે. આમ છતાં આટલા લાંબા સમયગાળા પછી પણ વિકસિત દેશોમાં જે ઝડપથી વિકાસ થયો છે તેની તુલનાએ આપણાં કૃષિક્ષેત્રનો વિકાસ ઘણોનીચો રહેવા પામ્યો છે. ભારતમાં કૃષિક્ષેત્રનો રાષ્ટ્રિય આવકમાં હિસ્સો સમય સાથે સતત ઘટ્યો છે. આ બાબત સમગ્ર આર્થિક વિકાસ માટે સારી બાબત ગણવામાં આવે છે. મોટાભાગના વિકસિત દેશોમાં આમ જોવા મળ્યું છે. જો કે જે ઝડપે રાષ્ટ્રિય આવકમાં કૃષિક્ષેત્રનો સાપેક્ષ હિસ્સો ઘટ્યો છે એ ઝડપે રોજગારીમાં હિસ્સો ઘટ્યો નથી. ભારતની કાચી ગૃહપેદાશમાં કૃષિક્ષેત્રનો ટકાવારી હિસ્સો વર્ષ 2013-14 માં 13.9 ટકા છે જ્યારે રોજગારીમાં હિસ્સો વર્ષ 2011 માં 54.6 છે. આ બાબત કૃષિક્ષેત્ર પર વસ્તીનું વધુ ભારણ દર્શાવે છે. જે ભારતીય અર્થતંત્રમાં મહત્ત્વનો નકારાત્મક મુદ્દો ગણાવી શકાય.

ભારતીય કૃષિ નીતિ દ્વારા સરકાર કૃષિવિકાસનો ધ્યેય રાખતી આવી છે, પરંતુ જે વિકાસની અપેક્ષા નીતિમાં રાખવામાં આવે છે, તે તેના અમલીકરણ દ્વારા વાસ્તવમાં પ્રાપ્ત નથી થઈ શકતો. એક ટીકા એવી પણ થતી આવે છે કે સરકાર ઉદ્યોગ જેટલું મહત્ત્વ કૃષિને નથી આપતી જેના પરિણામે કૃષિ વિકાસ ઘણો મર્યાદિત રહ્યો છે.

## 6.6 ચાવીરૂપ શબ્દો

**ઉત્પાદક્તા (ખેતી) :** ખેતીમાં એક હેક્ટર દીઠ સરેરાશ ઉત્પાદન એટલે ઉત્પાદક્તા.

**કૃષિ નિકાસો :** કૃષિ ઉત્પાદનનું દેશની બહાર જે વેચાણ કરવામાં આવે છે તેને કૃષિ નિકાસો કહેવાય.

**નિયોજન શક્તિ :** આયોજનપૂર્વક વળતર કમાવાની આવડત એટલે નિયોજન શક્તિ.

**સૂકી ખેતી :** જે પાકને સિંચાઈની ખૂબ ઓછી જરૂર રહેતી હોય તેવા પ્રકારના પાકોની ખેતી એટલે સૂકી ખેતી.

**પેદાશોનું નવિનીકરણ :** બજારમાં લોકો જે પ્રકારની વસ્તુની વધુ કિંમત ચૂકવવા તૈયાર થતાં હોય તેવી વસ્તુનું ઉત્પાદન કરવું એટલે નવિનીકરણ. દા.ત. કેરીના કદ અને સ્વાદને ધ્યાનમાં લઈ લોકો તેના ભાવ ચૂકવવા તૈયાર થાય છે, હમણાંથી જોવા મળતાં કેપ્સીકમ મરચાંના ભાવ ઊંચા જોવા મળે છે.

## 6.7 સંદર્ભ :


1. ડૉ. ભાસ્કર હ. જોષી, ભારતનું કૃષિક્ષેત્ર : વિકાસ અને પડકારો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
2. ડૉ. આર. કે. વારોતરિયા, કૃષિ અર્થકારણ, 2012.
3. રાષ્ટ્રિય કૃષિ નીતિ - 2016, મિનિસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર, ઈરિગેશન એન્ડ વોટર ડેવલોપમેન્ટ, ભારત સરકાર.
4. State of Indian Agriculture 2015-16, 16-17.
5. ડૉ.જ્યોતિ ડી. નાયક (2010) ભારતીય અર્થતંત્ર અને નીતિ વિષયક સુધારામાં પ્રકરણ-6 ''કૃષિક્ષેત્ર'' PP 210-272, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.


## 6.8 સ્વાધ્યાય

**(A) નીચેના પ્રશ્નો વિગતે સમજાવો.**

1. ભારતીય કૃષિની સમસ્યા વર્ણવો.
2. ભારતીય અર્થતંત્રમાં રોજગારીની દૃષ્ટિએ કૃષિનું મહત્ત્વ સમજાવો.
3. ભારતીય કૃષિ નીતિ 2016 સમજાવો.

**(B) નીચેના પ્રશ્નો ટૂંકમાં સમજાવો.**

1. કૃષિ ઉત્પાદકતા એટલે શું ?
2. કૃષિ ધીરાણ – સમજાવો.
3. ટેકાના ભાવો એટલે શું ? ઉદાહરણ સાથે સમજાવો.
4. કૃષિ ઉત્પાદકતા વધારવાના ઉપાયો જણાવો.

**(C) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તપાસો.**

1. કૃષિ ક્ષેત્રમાં પુરુષોની સાપેક્ષમાં સ્ત્રીઓમાં વેતનદર ઊંચો જોવા મળે છે.
2. ખેતીમાં એક હેક્ટર દીઠ સરેરાશ ઉત્પાદનને ઉત્પાદકતા તરીકે ઓળખાય છે.
3. કૃષિક્ષેત્રમાં સંગઠિત રોજગારોનું પ્રમાણ ઓછું જોવા મળે છે.
4. શિયાળુ મોસમના પાકોને રવી પાક તરીકે ઓળખાય છે.
5. ઘઉં, બાજરી વગેરે વ્યાપારી પાકો તરીકે ઓળખાય છે.

**એકમ 7**

# ભારતનુ ઉદ્યોગક્ષેત્ર - 1

## : રૂપરેખા :

**7.0** ઉદ્દેશો

**7.1** પ્રસ્તાવના

**7.2** શરૂઆતના પરસ્પર વિરોધી વિચારો

**7.3** ભારતમાં ઉદ્યોગોની ઉત્ક્રાંતિ

**7.4** ભારતમાં આધુનિક ઉદ્યોગોનો વિકાસ

**7.5** ભારતમાં આયોજન ગાળા દરમિયાન ઔદ્યોગિક વિકાસ

**7.6** ભારતમાં આવેલા વિવિધ ઉદ્યોગોનું વર્ગીકરણ

**7.7** ગૃહ ઉદ્યોગો

**7.8** નાના પાયાના ઉદ્યોગો

**7.9** મોટા પાયાના ઉદ્યોગો

**7.10** જાહેર ક્ષેત્ર

**7.11** ખાનગીક્ષેત્ર

**7.12** ભારતીય અર્થતંત્રના અગત્યના ઉદ્યોગો

**7.13** ઉત્પાદનથી થતી વસ્તુઓના આધારિત ઉદ્યોગો

**7.14** શબ્દાવલી તમારી પ્રગતિ ચકાસો

**7.15** ખરાં - ખોટાં લખો

**7.16** એક - બે વાક્યમાં જવાબ આપો

**7.17** ચાર - પાંચ વાક્યમાં જવાબ આપો

**7.18** સાંપ્રત પ્રશ્નો

**7.19** સંદર્ભ સૂચિ

**7.20** કોષ્ટક

---

## 7.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમેનીચેની બાબતો અંગે માહિતગાર બનશો.

- ભારતમાં ઉદ્યોગોનો વિકાસ જાણી શકશો.
- ભારતના વિવિધ મહત્ત્વના ઘટકો પૈકીના એક મહત્ત્વના ઘટક તરીકે જુદાં-જુદાં ઉદ્યોગો વિશે પરિચય મેળવીશું.
- ભારતના આર્થિક વિકાસમાં નાના અને કુટિર ઉદ્યોગોનું મહત્ત્વ જાણી શકીશું.
- જાહેર ક્ષેત્રના વિવિધ ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને તે સંદર્ભમાં જાહેર ક્ષેત્રના એકમોની કામગીરીનું મૂલ્યાંકન કરી શકાય.
- સ્વતંત્રતા પ્રાપ્તિ સમયે આપણને ક્યા પ્રકારના ઔદ્યોગિક માળખાંનો વારસો મળ્યો હતો અને અર્થતંત્રનું ઉદ્યોગીકરણ કરવા માટે કેવી વ્યૂહરચના અપનાવવામાં આવી છે.

## 7.1 પ્રસ્તાવના :

આપણે અગાઉના બે પ્રકરણોમાં ખેતી તથા ખેતી વિષયક નીતિ અને ભારતીય અર્થતંત્રમાં ખેતીનું મહત્ત્વ જોયું. આ પ્રકરણમાં ભારતીય અર્થતંત્રના દ્વિતીય ક્ષેત્ર એટલે કે ઉદ્યોગોનો પરિચય મેળવીએ છીએ. પહેલાના સમયમાં મનુષ્ય સમાજનો મોટો ભાગ માત્ર ખોરાકની શોધમાં જ ચાલ્યો જતો, પણ મનુષ્ય માત્ર ખોરાક ખાઈને જીવતો નથી. તેને સુખસગવડ અને મોજશોખની પણ ઈચ્છાઓ હોય છે. આ સુખસગવડ અને મોજશોખની જરૂરિયાતોની કોઈ જ સીમા હોતી નથી. આથી દિન પ્રતિદિન અર્થકારણમાં ખેતીનું મહત્ત્વ ઘટતું જાય છે અને પ્રત્યેક દેશમાં ખેતી સિવાયની પ્રવૃત્તિઓ, જેમ કે ઔદ્યોગિક પ્રવૃત્તિઓનું મહત્ત્વ તથા ઔદ્યોગિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે તથા તે ક્ષેત્રે પ્રગતિ માટેના પ્રયાસો કરવામાં આવે છે. સ્વતંત્રતા અગાઉ સંસ્થાનવાદી સરકારને ખેતી અને ઉદ્યોગોના વિકાસમાં કોઈ રસ ન હતો. તેઓને માત્ર પોતાના હિતમાં જ રસ હતો. પરંતુ આઝાદી પછી સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા બાદ સરકારને ગરીબીના વિષચક્રને તોડવાની અને દેશની આર્થિક અને ઔદ્યોગિક વૃધ્ધિ માટેની તકોનું સર્જન કરવાની તક મળી હતી.

## 7.2 શરૂઆતના પરસ્પર વિરોધી વિચારો :

1950 ના દાયકામાં દેશમાં વિકાસની વ્યૂહરચનાના સ્વરૂપ વિશે ઉગ્ર વિવાદ ઉભો થયો હતો. આ વિવાદ સામાન્ય રીતે વિકાસની વ્યૂહરચના કેવી હોવી જોઈએ તે વિશે ખાસ કરીને ગરીબીના વિષચક્રને કેવી રીતે તોડી શકાય તે અંગેનો હતો. તે સમયે બે જુદા-જુદાં મંતવ્યો રજૂ થયાં હતાં.

### 7.2.1 બે અંતિમવાદી દ્રષ્ટિબિંદુ :

એક અંતિમવાદી મત મુક્ત સાહસમાં માનનારાઓનો હતો. તેમના મતે બધી જ આર્થિક પ્રવૃત્તિઓને ખાનગી અને બજારના પરિબળો ઉપર છોડી દેવી જોઈએ. આ પ્રકારનો મત હતો તે માત્ર ઉદ્યોગપતિઓ અને અર્થશાસ્ત્રીઓના જે એક નાના વર્ગ પૂરતો મર્યાદિત હતો.

- જ્યારે તેનાથી વિરૂધ્ધ બીજા ઘણા લોકો એમ માનતા હતા કે સ્વતંત્રતા અગાઉની સરકારે ઉદ્યોગીકરણને ઉત્તેજન આપ્યું ન હતું અને સ્વદેશી એકમોને બજારના પરિબળો ઉપર છોડી દીધા હતાં. આ જ બાબત તે સમયના ભારતના અલ્પવિકાસનું મહત્ત્વનું કારણ હતું. તેથી હવે સરકારે આર્થિક પ્રવૃત્તિઓની બાબતમાં સક્રિય બનવું અને ઔદ્યોગિક વિકાસને અનુકૂળ આવે તેવી પરિસ્થિતિનું સર્જન કરવું જરૂરી છે. ઓછામાં ઓછાનીચે આપેલા બે કારણોસર સરકારનો હસ્તક્ષેપ આવશ્યક છે તેવી દલીલ કરવામાં આવતી હતી.
  1) રસ્તાઓ, ઊર્જા સંદેશાવ્યવહાર જેવી વિકાસપોષક સગવડો ઉભી થાય, અને
  2) યંત્રોનું ઉત્પાદન કરે તેવા ક્ષેત્રની સ્થાપના કરવી જોઈએ જેથી ઔદ્યોગિક ક્ષેત્રના એકાંકી સ્વરૂપને બદલી શકાય.
- બજારના પરિબળો ઉપર આધાર રાખવાનું અન્ય બીજા કારણોસર ઈચ્છનીય ન હતું કારણકે ભારતના ઉદ્યોગપતિઓ કે ભારતની પ્રજા વિકાસની પ્રક્રિયાને બજારના કુદરતી પરિબળોને આધારે છોડીને સદી કે તેથી પણ વધુ લાંબો સમય રાહ જોવા તૈયાર ન હતી. તેથી રાજ્યએ આર્થિક પ્રવૃત્તિઓનું યોગ્ય રીતે આયોજન અને નિયંત્રણ કરવું જોઈએ. આ બધાં કારણોને લીધે મુક્ત સાહસમાં માનનારાઓ લઘુમતીમાં મુકાયા હતા.
- બીજો અંતિમવાદી મત એવો હતો કે ક્રાંતિકારી પરિવર્તન લાવવા માટે ગ્રામિણ અને શહેરી ક્ષેત્રની ખેતી અને ઉદ્યોગોની બધી જ ખાનગી મિલ્કતોને સમાજ અને રાજ્યની માલિકીની બનાવવી અને સામ્યવાદી દેશો જે પધ્ધતિએ ઉત્પાદન કરે છે તે મુજબ જ કરવી. આ મતનો પણ અસ્વીકાર થયો હતો, કારણકે આ પ્રકારના પરિવર્તનને યોગ્ય ટેકો મળ્યો ન હતો.

### 7.2.2 મુખ્ય વિચારધારાનો દ્રષ્ટિકોણ

ઉપર દર્શાવેલ બે અંતિમવાદી મતોને ધ્યાને ન લેતા અન્ય ત્રણ વિચારોની ગંભીરતાપૂર્વક નોંધ લેવામાં આવી હતી.

- ગાંધીવાદી મત મુજબ નાના પાયાના ઉદ્યોગોને સ્વાવલંબનની તરફેણ કરવામાં આવી હતી. જ્યારે નહેરૂ અને તેમના જેવાં સામાજીક લોકશાહીવાદી વિદ્વાનોએ જાહેર ક્ષેત્રમાં મૂડી માલના ઉદ્યોગોની સ્થાપના દ્વારા ઝડપી ઉદ્યોગીકરણને પસંદ કર્યું હતું. આ સાથે નાના પાયાના અને કુટિર ઉદ્યોગોને ટેકો આપવાની સગવડ ઉભી કરવાની તરફેણ કરી હતી.
- નાના પાયાના ઉદ્યોગોને પ્રાધાન્ય આપવું કે મોટા પાયાના તે અંગેનો મતભેદ વાસ્તવમાં રોજગારી કે ઝડપી વૃધ્ધિના ઉદ્દેશમાંથી કોની પસંદગી કરવી તે સાથે સંકળાયેલો હતો. ગાંધીવાદીઓ એવી દલીલ કરતા હતા કે મોટા ઉદ્યોગો કરતાં નાના ઉદ્યોગો વધુ શ્રમિકો રોજગારી પૂરા પાડી શકે છે. સમાજવાદી લોકશાહીવાદીઓની એવી દલીલ છે કે આવું કરવાથી વૃધ્ધિનો દર ઘટી શકે છે. અંતે એવો નિર્ણય લેવામાં આવ્યો કે ઝડપી ઉદ્યોગીકરણ માટે મૂડીમાલના ક્ષેત્રને પ્રાધાન્ય આપવું અને નાના પાયાના અને કુટિર ઉદ્યોગોના વિકાસ માટે પૂરતો મોટો અવકાશ રાખવો. મૂડીમાલના ક્ષેત્રના પૂરતા વિકાસ વિના વિકાસને લગતી કોઈપણ પ્રક્રિયા આગળ વધી શકે તેમ નથી. આવી ભારપૂર્વક દલીલ કરવામાં આવી છે. જે પ્રોફે. મહાલનોબીસે કરી હતી. તેમણે જણાવ્યું હતું કે અર્થતંત્રનો એકંદર વૃધ્ધિદર મૂડીમાલના ક્ષેત્રમાં થતા મૂડીરોકાણના પ્રમાણની સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલો છે. આ પ્રમાણ જેમ વધારે હશે તેમ ઉત્પાદન અને આવકનો વૃધ્ધિદર ઊંચો હશે.
- ઉત્પાદનનું માળખું મોટાપાયાના મૂડીમાલ ઉદ્યોગોની તરફેણ કરતું હોય તેવું રાખવાનું નક્કી થયા પછી મુખ્ય પ્રશ્ન એ હતો કે આ મૂડીમાલ ક્ષેત્રનો વિકાસ સરકારે કરવો જોઈએ કે તેને ખાનગી નિયોજકો પર છોડી દેવો જોઈએ. (1) જેના જવાબરૂપે એ સમયે ખાનગીક્ષેત્ર પાસે નાણું, મશિનની જાણકારી કે ધાતુ એવું કશું હતું નહીં. માટે એક જ વિકલ્પ બાકી રહેતો હતો અને તે હતો જાહેર એકમ /સરકાર જો ઝડપી વિકાસ હાંસલ કરવાનો ઉદ્દેશ હોય તો પાયાના અને વ્યૂહાત્મક રીતે મહત્ત્વના બધા જ ઉદ્યોગો તથા જાહેર સેવાઓ સરકાર હસ્તગત હોય તે જરૂરી છે. આમ, પાયાના અને ચાવીરૂપ ઉદ્યોગો સરકાર હસ્તગત કર્યા હતા અને બાકીના અન્ય ઉદ્યોગોના વિકાસને ખાનગીક્ષેત્રમાં અને ખાનગી નિયોજનશક્તિ ઉપર છોડી દેવો જોઈએ.
- જે અંતર્ગત સરકારને ઘણા વ્યાપક ક્ષેત્રમાં ઉદ્યોગના વિકાસની જવાબદારી ઉઠાવવાની હતી સાથે સાથે ઔદ્યોગિક વિકાસને ઉત્તેજન તથા નિયંત્રણ પણ કરવાનું કાર્ય હતું. અહીં એ વાતને ધ્યાને લેવી કે ભારતમાં મિશ્ર અર્થતંત્ર માટે મધ્યસ્થ આયોજનના ખ્યાલને અપનાવવામાં આવ્યો હતો જેમાં ખાનગી અને જાહેર ક્ષેત્ર બંનેને આર્થિક વિકાસના કાર્યમાં એકબીજાના પૂરક તરીકે બનાવવાના હતાં.

## 7.3 ભારતમાં ઉદ્યોગોની ઉત્ક્રાંતિ

ભારતમાં પરાપૂર્વથી ઉદ્યોગોનો વિકાસ થતો આવ્યો છે. પ્રાચીન સમયમાં ભારતમાં ખેતી સમૃધ્ધ હતી પરંતુ સાથે સાથે તે સમયે ઉદ્યોગોનો પણ વિકાસ થયો હતો તે સમયની પરિસ્થિતિનું વર્ણન કરતા ચીની મુસાફર યુ.એન.સંગે પોતાની પ્રવાસી ડાયરીમાં લખે છે કે લોકો સમૃધ્ધ અને પ્રગતિશીલ હતા, ગામ અને શહેર એકબીજાથી ખૂબ જ નજીક હતાં. જમીન સમૃધ્ધ હતી તથા લોકોના સ્વભાવ અને વર્તન ખૂબ પવિત્ર અને પ્રમાણિક હતાં. તે સમયે ભારત ઉદ્યોગપ્રધાન દેશ હતો. ભારતની વસ્તુઓ વિશ્વભરમાં જતી હતી અને જગતની સમૃધ્ધિ ભારતભરમાં આવતી હતી. ઋગ્વેદના સમયે પણ કાપડ ઉદ્યોગ અને ધાતુ આધારિત કલા પણ વિકસી હતી. રામાયણમાં પણ જોવા મળે છે કે ભારતના શ્રમિકો ઉદ્યોગમાં કામ કરતા હતા.

બધા જ સમાજના લોકો બધા જ સમૂહના લોકો હસ્ત કામગીરી સાથે સંકળાયેલ હતા.

સમય જતાં 18 મી સદીથી ભારતમાં ગૃહઉદ્યોગનું પતન થયું હતું. ઈંગ્લેન્ડ સરકારની ભારત વિરોધી નીતિને કારણે તેમજ ભારતની વસ્તુઓ પર વસ્તુઓ લોકો ખરીદવા માંડ્યા. વાહનવ્યવહારનો વિકાસ થવાથી બ્રિટીશ બનાવટોનીનીચી કિંમતની વસ્તુઓ ખરીદવા લાગ્યાં. આમ, ધીમે - ધીમે વિશ્વમાં ભારતના ઉદ્યોગોનો નાશ થયો.

## 7.4 ભારતમાં આધુનિક ઉદ્યોગોનો વિકાસ

અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારબાદ તેમણે ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના કરી. 1818 માં પહેલી કાપડ મિલ કલકત્તામાં સ્થાપી હતી. શણની પહેલી મિલ 1952 માં સ્થાપી અને આમ, 19 મી સદીના અંત સુધી તો પૂરા ભારત દેશમાં ઘણાં કારખાનાઓ સ્થપાયા. જેમાં ખાસ કરીને ચા-કોફી, કાપડ. શણ મુખ્ય ઉદ્યોગો હતા. સમય જતાં પરિવર્તન થતાં ઉદ્યોગના સ્વરૂપમાં, માલિકીના સ્વરૂપમાં, મૂડીરોકાણની દ્રષ્ટિએ વિવિધ ભાગ પડ્યાં. એક વ્યક્તિ ઉદ્યોગ સ્થાપવા માટે સમર્થ ન હતો તેથી ભાગીદારી પેઢીનો ઉદ્ભવ અને વિકાસ થયો હતો. સંયુક્ત મૂડી કંપનીઓનો પણ વિકાસ થવા લાગ્યો હતો અને બીજા વિશ્વયુધ્ધ પછી જરૂરિયાત સંતોષવા માટે ભારતમાં ઉદ્યોગોના વિકાસની તાતી જરૂરિયાત હતી જેના પરિણામે ધાતુ, ઉદ્યોગ, રાસાયણિક ઉદ્યોગ, ડિઝલ એન્જિન વગેરેનો વિકાસ થવા લાગ્યો હતો.

♦ 1947 માં દેશનું બે ભાગમાં (ભારત + પાકિસ્તાન) માં વિભાજન થયું હતું. જેમાં ભારતને 77% જમીન ભારતને અને 23% જમીન પાકિસ્તાનને મળી હતી. વસ્તી સંદર્ભે 82% વસ્તી ભારતને તથા 18% વસ્તી પાકિસ્તાનને તથા 11462 ઔદ્યોગિક એકમો ભારતમાં રહ્યા અને 1213 એકમો પાકિસ્તાનને પ્રાપ્ત થયાં હતાં. ઔદ્યોગિક શ્રમિકનો મોટો ભાગ 93% શ્રમિકો ભારતને તથા 7% ઉદ્યોગો પાકિસ્તાનને મળ્યાં હતાં. ખાણ, ખનીજ અને કુદરતી સાધનમાંથી 97% ભારતમાં રહ્યા હતાં અને 3% પાકિસ્તાનમાં ગયાં હતાં. આમ, ભારત સમયના પ્રવાહ સાથે ચાલતાં-ચાલતાં દેશના ઔદ્યોગિક વિકાસ માટે 1948 માં ઔદ્યોગિક નીતિ જાહેર કરી. ત્યારબાદ, 1951, 1967, 1970, 1973, 1977, 1985, 1990 તથા 1991 અને વર્તમાન સમયે 2014 વર્ષમાં ઔદ્યોગિક નીતિમાં મહત્ત્વના ફેરફાર થયાં જેનો અભ્યાસ હવે પછીના એકમમાં ઊંડાણપૂર્વક જોઈશું.

## 7.5 ભારતમાં આયોજનગાળા દરમિયાન થયેલ ઔદ્યોગિક વિકાસ

આઝાદી પછી અને તેમાંય ખાસ કરીને

બીજી પંચવર્ષીય યોજના [1956] થી ભારતમાં ઔદ્યોગિક વિકાસનો સાચા અર્થમાં પ્રારંભ થયો. અહી આપણે આયોજન સમયગાળા દરમિયાન થયેલ ઔદ્યોગિક વિકાસ અંગે ટૂંકમાં ચર્ચા કરીએ.

1) **પ્રથમ યોજના [1951-56]:** પ્રથમ પંચવર્ષીય યોજનામાં ખેતી અને ટોચની અગ્રિમતા આપવામાં આવી હતી. આ યોજનામાં ઔદ્યોગિક વિકાસ મહદંશે ખાનગી ક્ષેત્ર પર છોડી દેવામાં આવ્યો હતો અને તે વિકાસ મુખ્યત્ત્વે વપરાશી વસ્તુઓના ઉદ્યોગો પૂરતો જ મર્યાદિત હતો. આમ છતાં પ્રથમ યોજના દરમિયાન ઔદ્યોગિક ઉત્પાદનમાં 40 ટકાનો નધારો થયો હતો અને તે મુખ્યત્ત્વે સ્થાપિત ઉત્પાદન ક્ષમતાના પૂર્ણ ઉપયોગ દ્વારા શક્ય બન્યો હતો.

2) **બીજી યોજના [1956-61]:** સ્વતંત્ર ભારતની પ્રથમ ઔદ્યોગિક નીતિ 1956 માં ઘડવામાં આવી હતી. તથા સમગ્ર બીજી યોજના 1956ની ઔદ્યોગિક નીતિ પર આધારિત હતી. આ યોજનામાં જાહેર ક્ષેત્રને, ભારે અને પાયાના ઉદ્યોગોને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. આમ, આ યોજના દરમિયાન ઉદ્યોગો અને ખનીજો પાછળ જાહેરક્ષેત્રે થયેલ કુલ ખર્ચના 20 ટકા જેટલી રકમ ખર્ચવામાં આવી હતી. આ યોજનામાં ઔદ્યોગિક વિકાસનો સરેરાશ વાર્ષિક દર 6.2 ટકા જેટલો રહ્યો હતો.

3) **ત્રીજી યોજના [1961-66]:** આ યોજનાનો મુખ્ય એક હેતુ ઉદ્યોગો અને ખેતીનો સમતોલ અને સંકલિત વિકાસ કરવાનો હતો. આ સાથે - સાથે બીજો મુખ્ય હેતુ એ પણ હતો કે આગામી 10 વર્ષમાં ભાવિ ઔદ્યોગિકીકરણની જરૂરિયાતો દેશના સાધનો દ્વારા જ પૂરી પાડી શકાય જે માટે લોખંડ, પોલાદ, વિજળી, કોલસા, ભારે યંત્ર - સામગ્રીનું ઉત્પાદન કરતા ઉદ્યોગો, રસાયણો, ઈજનેરી જેવાં ચાવીરૂપ ઉદ્યોગોના વિકાસ પર ભાર આપવામાં આવ્યો હતો. આ યોજના દરમિયાન ઔદ્યોગિક વિકાસ દર 14 ટકા નક્કી કર્યો હતો પરંતુ વાસ્તવિક વિકાસ 7.6 ટકા જેટલો જ રહેવા પામ્યો હતો.

4) **ચોથી યોજના [1969-74]:** ચોથી યોજના દરમિયાન ઉદ્યોગો અને ખનીજો પાછળ જાહેર ક્ષેત્રે થયેલા કુલ ખર્ચના 19.7 ટકા જેટલી રકમ ખર્ચ કરવામાં આવી હતી. આ યોજનામાં ઔદ્યોગિક વિકાસ દર 8 ટકાના લક્ષ્યાંક સામે લગભગ 5 ટકા જેટલો રહ્યો હતો.

5) **પાંચમી યોજના [1974-79]:** આર્થિક સ્વાવલંબન અને સામાજીક ન્યાય સહિતના વિકાસના હેતુઓને ધ્યાનમાં રાખીને આ યોજના ઘડવામાં આવી હતી. આ યોજનામાં ઔદ્યોગિક વિકાસના કાર્યક્રમોમાં ચાવીરૂપ ક્ષેત્રના ઉદ્યોગો તથા સામાન્ય વપરાશમાં આવતી વસ્તુઓનું ઉત્પાદન કરતાં ઉદ્યોગોના ઝડપી વિકાસ પર ખાસ ભાર અપાયો હતો.

6) **છઠ્ઠી યોજના [1980-85]:** આ યોજનાનો હેતુ ઔદ્યોગિક ક્ષેત્રે સ્થાપિત ઉત્પાદનશક્તિનો ઈષ્ટતમ ઉપયોગ કરીને ઔદ્યોગિક ઉત્પાદક્તા વધારવી, જાહેરક્ષેત્ર અને ખાનગીક્ષેત્રમાં આવેલા અને ઉદ્યોગોની ઉત્પાદનક્ષમતામાં વધારો કરવાનો ઉદ્દેશ રખાયો હતો. આ યોજના દરમિયાન ઔદ્યોગિક વિકાસનો લક્ષ 7 ટકા રાખવામાં આવ્યો હતો જેની સામે 5.5 જેટલો વિકાસદર પ્રાપ્ત થયો હતો.

7) **સાતમી યોજના [1985-90]:** આ યોજનામાં નવા પ્રૉજેક્ટો શરૂ કરવાની બાબતમાં ખૂબ જ વિવેકપૂર્વકનો અભિગમ અપનાવવામાં આવ્યો હતો. જે ઉદ્યોગો શરૂઆતના તબક્કામાં હતા તેવા ઈલેક્ટ્રોનિક્સ, કોમ્પ્યુટર, માઈક્રોચિપ્સ, ટેલિકોમ્યુનિકેશન વગેરેના વિકાસ માટે ખાસ પ્રાધાન્ય આપ્યું હતું. સાથે - સાથે આંતરરાષ્ટ્રિય માળખાંને સુદ્રઢ બનાવવા માટે તથા ચાવીરૂપ ઉદ્યોગોની ઉત્પાદનક્ષમતામાં વધારો કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો. આ યોજના દરમિયાન ઔદ્યોગિક વિકાસ પાછળ જે ખર્ચ કરવામાં આવ્યું હતું જે પૈકીનું મોટા ભાગનું ખર્ચ ચાલુ પ્રૉજેક્ટો અને કાર્યક્રમોને પૂરા કરવા માટે થયું હતું. આ યોજના દરમિયાન ઔદ્યોગિક વિકાસ દર નક્કી કરેલા 8.7 ટકાના લક્ષ્યાંકની સામે 8.5 ટકા જેટલો રહ્યો હતો.

8) **આઠમી યોજના [1992-97]:-** આ યોજનાનું ઘડતર જુલાઈ 1991થી હાથ ધરાયેલા આર્થિક સુધારણાના કાર્યક્રમના પરિપ્રેક્ષ્યમાં થયું હતું. આ સંદર્ભમાં ઔદ્યોગિક ક્ષેત્રે જાહેર તથા ખાનગી વિભાગની ભૂમિકાની પણ સમીક્ષા કરવામાં આવી હતી. આ યોજના દરમિયાન અનેક પ્રકારની ઔદ્યોગિક પેદાશોનું ઉત્પાદન વધારવા માટે ખાસ પ્રયાસ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો કે જેથી આવી વસ્તુઓની આયાતોમાં ઘટાડો લાવી આર્થિક સ્વાવલંબનનો હેતુ સિધ્ધ કરી શકાય તથા હૂંડિયામણ પણ ઓછું વપરાય. આ યોજના દરમિયાન વિદ્યુત ઉત્પાદન વધારવા માટે પણ ખાસ પગલાં લેવામાં આવ્યાં હતાં. યોજના દરમિયાન ઔદ્યોગિક વિકાસ દર 8 ટકા નક્કી કર્યો હતો જેની સામે 7.5 ટકા હાંસલ થયો હતો.

9) **નવમી યોજના [1997-02]:-** આ યોજનાનો મુખ્ય હેતુ પૂરતી માળખાકીય સવલતોનો વિકાસ તથા તેની ગુણવત્તામાં સુધારા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ યોજનામાં પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણને પ્રોત્સાહિત કરવાનો હેતુ હતો જે માટે ઉદ્યોગોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો હતો અને જેને મંજૂરી પણ મળી હતી. આ ઉપરાંત, પછાત વિસ્તારોમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ખાસ પગલાં લેવાનું વિચારાયું હતું. આ સંદર્ભમાં દેશના ઉત્તરી - પૂર્વીય વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ માટે અનેક પગલાં સૂચવવામાં આવ્યાં હતાં. આ યોજના દરમિયાન ઔદ્યોગિક વિકાસ દર 8.2 ટકાના લક્ષ્યની સામે 5 ટકા જેટલો જ રાખવામાં આવ્યો હતો.

10) **દસમી યોજના [2002-07]:-**


આ યોજનાનો મુખ્ય એક ઉદ્યોગ ક્ષેત્રના અંકુશો અને નિયમનો ખૂબ જ હળવા કરીને ખાનગીક્ષેત્ર માટે સાનુકૂળ વાતાવરણનું સર્જન કરવાનું તથા જાહેર સાહસોના વિનિવશીકરણની પ્રક્રિયાને આગળ ધપાવવાનું હતું. આ માટે યોજના દરમિયાન આર્થિક

સુધારણાના કાર્યક્રમને વધુ વિસ્તૃત અને ગહન બનાવવા માટે વ્યાપક ભલામણો કરવામાં આવી હતી. વૈશ્વિક સ્તરનું આંતરરાષ્ટ્રિય માળખું પૂરૂં પાડવું, કાર્યક્ષમતા અને ઉત્પાદક્તામાં વૃધ્ધિ માટેના નીતિ વિષયક પગલાં લેવાં. આ યોજનામાં 10% ના ઔદ્યોગિક વિકાસના લક્ષ્યાંક સામે 8.3 ટકાના ઔદ્યોગિક વિકાસદર પ્રાપ્ત થયો હતો.

11) **અગિયારમી યોજના [2007-12]:-** આ યોજનામાં કૌશલ્યના વિકાસ માટે, તેમાં રહેલી હાલની ઉણપો દૂર કરી વ્યવસાયલક્ષી શિક્ષણ અને તાલીમની ગુણવત્તા સુધારવા પર યોજનામાં ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. આ યોજનામાં જાહેર ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસના માળખામાં સુધારા લાવવા માટે અને આ ક્ષેત્રમાં ખાનગી અને જાહેર ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે ×રાષ્ટ્રિય કૌશલ્ય વિકાસ મિશન×નું ઘટન કરવાની દરખાસ્ત હતી. આ યોજનામાં વાહન-વ્યવહારનો સુદ્રઢ અને સંગીન વિકાસ થાય તે આવશ્યક છે. તથા બંદરોનો પૂરતો વિકાસ, માલસામાન વહન કરવાની શક્તિ વગેરે પણ મહત્ત્વની બાબતો ગણી હતી. આ યોજનામાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ખાનગી સાહસની વધુને વધુ ભાગીદારીની તરફેણ કરવામાં આવી હતી. આ યોજનાના વર્ષો દરમિયાન ઔદ્યોગિક વિકાસદર 10 થી 11 ટકાના લક્ષ્યાંકની સામે 7.6 ટકા જેટલો રહેવા પામ્યો હતો.

12) **બારમી યોજના [2012-17]:-** આ યોજનામાં ઔદ્યોગિક વિકાસ દરનો સરેરાશ વાર્ષિક લક્ષ્યાંક 7.6 ટકા જેટલો નિર્ધારિત કરવામાં આવ્યો છે, પરંતુ યોજનાના પ્રથમ ચાર વર્ષો દરમિયાન ઔદ્યોગિક વિકાસનો સરેરાશ દર 4.8 ટકા જેટલો રહ્યો હતો. જો કે આ યોજનાના પ્રથમ ત્રણ વર્ષો દરમિયાન આ ક્ષેત્રની કામગીરી નિરાશાજનક રહી છે.

## 7.6 ઉદ્યોગોનું વર્ગીકરણ



## 7.7 ગૃહ ઉદ્યોગો

**3.7.1 અર્થ :-** સામાન્ય રીતે ગૃહ એટલે ઘર. આમ, ગૃહ ઉદ્યોગ એટલે પોતાના ઘરમાં જ ચલાવવામાં આવતો હોય તથા મોટાભાગે કુટુંબના સભ્યો જ તે ઉદ્યોગમાં કામ કરતાં હોય તેવા ઉદ્યોગોને ગૃહઉદ્યોગ તરીકે ઓળખવામાં આવે છે. આ ઉદ્યોગોને કુટિર ઉદ્યોગ કે ગ્રામોદ્યોગ તરીકે પણ ઓળખવામાં આવે છે. ટૂંકમાં એમ કહી શકાય કે ગૃહ ઉદ્યોગ એટલે એવો ઉદ્યોગ કે જેમાં ચીજવસ્તુઓનું ઉત્પાદન ઘરમાં કુટુંબના સભ્યો દ્વારા સાદા ઓજારો તથા પ્રાથમિક કક્ષાની ઉત્પાદન પધ્ધતિનો જ ઉપયોગ થતો હોય અને તેમાં આધુનિક નહીં પરંતુ પરંપરાગત વસ્તુઓનું જ ઉત્પાદન થતું હોય તથા તે વસ્તુઓના વેચાણ બજાર સ્થાનિક ક્ષેત્ર પૂરતું મર્યાદિત હોય. આ ઉદ્યોગોમાં કુટુંબના સભ્યો પૂરા કે ખંડ સમય માટે ઉત્પાદક પ્રવૃતિમાં જોડાયેલા હોય છે. આ પ્રકારના ઉદ્યોગો સામાન્ય રીતે કુટુંબની પૂરક આવક, રોજગારીનું એક અભિન્ન અંગ છે. આ પ્રકારના ઉદ્યોગોમાં મૂડીરોકાણની ખૂબ જ ઓછી જરૂર પડે છે તથા તેમાં મૂડીરોકાણ કુટુંબના સભ્યો દ્વારા જ થતું હોય છે. આવા પ્રકારના ઉદ્યોગોમાં મુખ્યત્ત્વે હાથવણાટ, સુથારીકામ, લુહારીકામ, સુતર કાંતવું વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારના ઉદ્યોગોમાં અલ્પ મૂડીરોકાણ, કોઈ વિશેષ લાયકાત, આવડત કે વિજળીની બહુ જરૂરિયાત રહેતી નથી. આપણા વિકાસમાન દેશ તરીકે ભારતમાં આવા પ્રકારના ઉદ્યોગોનું આર્થિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વ છે.

### 7.7.2 ગૃહઉદ્યોગના લક્ષણો

- ઘરમાં જ ચલાવવામાં આવતો ઉદ્યોગ
- કુટુંબના સભ્યો દ્વારા જ ઉત્પાદન કાર્ય થાય છે.
- સાદા યંત્રો & પ્રાથમિક ઉત્પાદન પધ્ધતિનો ઉપયોગ થાય છે.
- પરંપરાગત વસ્તુઓનું ઉત્પાદન થાય છે.
- અલ્પ મૂડીરોકાણની જરૂરિયાત રહે છે.

### 7.7.3 ગૃહ ઉદ્યોગોનું મહત્ત્વ

વસ્તીની દ્રષ્ટિએ ભારત વિશ્વમાં ચીન પછી બીજા ક્રમે છે. દેશમાં એક બાજુ ખૂબ જ વિપુલ માત્રામાં શ્રમનો પુરવઠો છે તથા બીજી બાજુ મૂડીની તીવ્ર અછત જોઈ શકાય છે. આ ઉપરાંત ભારતમાં બેકારી, ગરીબીથી પીડાય છે ત્યારે મોટા ભાગના શ્રમિકોને સરળતાથી રોજગારી મળી રહે તે માટે ગૃહ ઉદ્યોગ અર્થતંત્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

1) **બેરોજગારી ઘટાડવા માટે :** સામાન્ય રીતે ઉત્પાદનના વિવિધ સાધનો પૈકી શ્રમને કેટલાક અંશ સુધી મૂડીની અવેજીમાં વાપરી શકાય છે. ભારત ગરીબી, બેકારી અને વસ્તીવધારાથી પીડાતો દેશ છે. ત્યારે ભારત દેશમાં વધારે શ્રમનો ઉપયોગ થાય તેવી શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિ અપનાવી શકે તેવા માત્ર ગૃહ ઉદ્યોગો જ છે જે બેરોજગારી ઘટાડી શકે છે.

2) **આવકની અસામનતા :** સામાન્ય રીતે મોટા & ભારે ઉદ્યોગોમાં વધારે મૂડીરોકાણની જરૂરિયાત રહે છે તથા આવા પ્રકારના ઉદ્યોગોમાં આવકનો મોટો હિસ્સો ઉદ્યોગપતિ કે મૂડીપતિઓને થતો હોય છે અને તેઓ વધારે ને વધારે ધનવાન થતા હોય છે. જ્યારે ગૃહ ઉદ્યોગોમાં આવકનો મોટો ભાગ શ્રમિકોના ફાળે જતો હોવાથી શ્રમિકોની આવકમાં વધારો થાય છે અને આમ, ગૃહ ઉદ્યોગો આવકની અસમાન ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે.

3) **વણવપરાયેલાં સાધનોનો પૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ :** આપણે સૌ જાણીએ જ છે ભારત પાસે વિપુલ પ્રમાણમાં કુદરતી સાધન સંપત્તિ છે અને એ પણ ખબર છે કે આપણે તેના ઉપયોગ પૂર્ણ કરી શક્યા નથી માટે કહેવાય છે કે ×ધનિક ભારતમાં ગરીબો વસે છે×. આમ, આ વણવપરાયેલા સાધનોનો પૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ ગૃહઉદ્યોગ દ્વારા જ કરી શકાય છે. સાથે સાથે જે વસ્તુઓની અછત હોય છે તેની અછત નિવારી શકાય છે.

4) **ખેતી પર શ્રમનો ભાર હળવો કરવા અને ગામડામાં પૂરકઆવકમાં મદદરૂપ :** ભારતમાં વસ્તીનો મોટો ભાગ ખેતીક્ષેત્ર પર આધારિત રહે છે. આમ, વસ્તીનું ભારે દબાણ ખેતીક્ષેત્રના વિકારને અવરાધરૂપ બને છે. તેથી આવા સમયે ગ્રામિણ કક્ષાએ જો ગૃહઉદ્યોગ હોય છે તેવા દ્વારા ખેતીક્ષેત્રમાં રહેલ વસ્તીનો ભાર હળવો કરી શકાય છે. સાથે સાથે એ પણ અહીં યાદ રાખવું કે ખેતી એ મોસમી આવક આવતો વ્યવસાય છે તેથી અમુક મોસમ સિવાય બાકીના સમયમાં પ્રજા બેરોજગાર રહે છે. આવા સમયે ગૃહઉદ્યોગો ગ્રામિણ કક્ષાએ શ્રમિકોને પૂરક રોજગારી આપે છે.

5) **સ્વયં રોજગારી :** ગૃહ ઉદ્યોગના લક્ષણો જોવા કે અલ્પમૂડી & વિજળીની જરૂરિયાત હોય છે. વિશેષ લાયકાત & કૌશલ્ય વગર પણ આ ઉદ્યોગ દ્વારા કરી શકાય છે અને સામાન્ય રીતે મનુષ્ય કોઈના હાથનીચે કામ કરે તેના કરતાં જાતે ધંધો કરે તો તેને આત્મગૌરવની લાગણી થાય છે. સાથે સાથે તેની બુધ્ધિ, આવડત, વિચારશક્તિ વગેરેમાં વધારો થાય છે. આમ, ગૃહઉદ્યોગો દ્વારા શ્રમિકો સ્વયં રોજગારી વધારવામાં મહત્ત્વનું કાર્ય કરે છે.

6) **સ્વદેશી ટેકનોલોજીનો પૂર્ણ ઉપયોગ :** સામાન્ય રીતે મોટા અને ભારે પાયાના ઉદ્યોગોમાં મૂડીરોકાણ વધારે પ્રમાણમાં થતું હોવાથી ખૂબ જ આધુનિક નવીન, વિદેશી ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. જે ખર્ચાળ પણ હોય છે પરંતુ ગૃહઉદ્યોગોમાં પરંપરાગત સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ થાય છે અને દેશને આત્મનિર્ભર બનાવી શકાય છે.

7) **પેદાશમાં વૈવિધ્યતા :** ગૃહઉદ્યોગોમાં ઉત્પન્ન થતી વસ્તુઓ પરંપરાગત અને જુદા-જુદા વિસ્તારોમાં પોતાની સંસ્કૃતિ અને રીત-ભાત પ્રમાણે વસ્તુઓનું ઉત્પાદન થાય છે. વપરાશી વસ્તુઓ કે મોજશોખની, હસ્તકલા - કામગીરીની વસ્તુઓના ઉત્પાદનમાં વૈવિધ્યતા જોવા મળે છે. વર્તમાન સમયે ભારતની હસ્તકળા - કામગીરીની વસ્તુઓએ વિદેશમાં ભારે આકર્ષણ જમાવ્યું છે. જેથી વિદેશી હૂંડિયામણ કમાવી આપવામાં મદદરૂપનીવડે છે. સાથે સાથે પ્રણાલિકાગત કલાકારીગરી અને કૌશલ્યનો ઉપયોગ પણ વધારે થાય છે.

### 7.7.4 ગૃહઉદ્યોગના વિકાસની મર્યાદાઓ :

ભારતીય અર્થતંત્રમાં ગૃહઉદ્યોગનું મહત્ત્વ ખૂબ જ છે પરંતુ આ ઉદ્યોગની કેટલીક પાયાની સમસ્યાઓ પણ જોઈ શકાય છે. જેનાથી આપણે પરિચિત થઈએ.

1) **ધિરાણની સમસ્યા :** સામાન્ય રીતે મોટા ઉદ્યોગને ધિરાણની જરૂરિયાત વધારે હોવાથી તેઓ મોટા ભાગનું ધિરાણ લઈ લે છે. જેથી ગૃહઉદ્યોગોને ધિરાણ પ્રાપ્ત થતું નથી. વળી ગૃહઉદ્યોગનું કદ નાનું હોવાથી વ્યાપારી બેંકો ગૃહઉદ્યોગને થોડું ધિરાણ આપવામાં ઉદાસીનતા દાખવે છે. તેથી ગૃહ ઉદ્યોગોના માલિકને શાહુકારો પાસેથી ધિરાણ મેળવવું પડે છે અને ઊંચા વ્યાજના દર ચૂકવવા પડે છે.

2) **કાચા માલની અછત :** મોટા ઉદ્યોગોની સરખામણીમાં નાના ઉદ્યોગોને સરળતાથી કાચો માલ મેળવવામાં મુશ્કેલી પડે છે. ગૃહઉદ્યોગો પાસે વિદેશી ચલણનો અભાવ હોવાથી કાચા માલની આયાત કરી શકાતા નથી. વળી ધિરાણના અભાવને કારણે પણ કાચો માલ મેળવવામાં મુશ્કેલી પડે છે.

3) **જૂની અને બિનકાર્યક્ષમ તથા ચીલાચાલુ પધ્ધતિ :** ભારતમાં ગૃહઉદ્યોગો પાસે જે ઉત્પાદન પધ્ધતિ છે તે ચીલાચાલુ જૂની અને પરંપરાગત હોવાથી ઓછું ઉત્પાદન, ગુણવત્તાનીચી જોવા મળે છે તથા ઉત્પાદનનું ખર્ચ પણ વધુ આવે છે. જેથી ગૃહઉદ્યોગો મોટા ઉદ્યોગો સામે ટકી શકતા નથી.

4) **બિનકાર્યક્ષમ સંચાલન :** ગૃહઉદ્યોગોના સંચાલન કરનાર માણસ પાસે સામાન્ય રીતે કોઈ આવડત હોતી નથી. શિક્ષણનું પ્રમાણનીચું હોય છે તેથી તેમની પાસે કોઈ ધંધા-વ્યાપારની કોઈ આવડત કે અનુભવ હોતો નથી. જેથી તેનું સંચાલન પણ યોગ્ય હોતું નથી તથા મોટા ઉદ્યોગોની જેમ ગૃહઉદ્યોગોમાં તાલીમ અને સંશોધનનો અભાવ જોવા મળે છે.

5) **બજારની અપૂરતી માંગ :** સામાન્ય રીતે ગૃહઉદ્યોગોમાં ઉત્પન્ન થતી વસ્તુઓ પરંપરાગત હોય છે. પરંતુ બજારમાં લોકોની રૂચિ બદલાતી હોવાથી, વસ્તી વધવાથી, આવક વધવાથી, માંગની તરેહ બદલાવાથી, વિદેશમાંથી ચીજો આવવાથી દેશના બજારમાં પરિવર્તન આવતાં ગૃહઉદ્યોગોની બજાર માંગ અપૂરતી હોય છે.

6) **અન્ય મુશ્કેલીઓ :** ગૃહઉદ્યોગો મુખ્યત્ત્વે ગ્રામ્ય તથા પછાત વિસ્તારોમાં ચાલતા હોવાથી વાહનવ્યવહાર, વિજળી, માહિતી, વગેરેની મુશ્કેલીઓ ગૃહઉદ્યોગોનો વિકાસ રોકી રાખે છે.

## 7.8 નાના પાયાના ઉદ્યોગોનો અર્થ :

ભારતમાં મૂડીરોકાણની દ્રષ્ટિએ ઉદ્યોગોના વિવિધ પ્રકાર પાડવામાં આવે છે. પરંતુ 1960 પછી માત્ર મૂડીરોકાણના આધારે અતિ નાના ઉદ્યોગોનો ભેદ અલગ કરીને માત્ર નાના પાયાના ઉદ્યોગોને ઓળખવામાં આવે છે.

**અતિ નાના ઉદ્યોગો :** જે ઉદ્યોગોમાં માત્ર પાંચ લાખ સુધીનું જ મૂડીરોકાણ થાય છે તેને અતિ નાના ઉદ્યોગો કહેવાય છે. વિકાસશીલ દેશ ભારતના મોટા શહેરો સિવાયના વિસ્તારોમાં અતિ નાના ઉદ્યોગો નજીવા પ્રમાણમાં જોવા મળે છે. આ ઉદ્યોગો વધુ રોજગારી આપતા અને ઓછા મૂડીપ્રધાન છે. ઓછી મૂડીના કારણે પરંપરાગત ટેકનોલોજી હોય છે. જેથી ઉત્પાદન અને વળતરનીચું જોવા મળે છે. વર્તમાન સમયે 25 લાખથી ઓછું મૂડીરોકાણ ધરાવતા એકમોને અતિ નાના ઉદ્યોગો કહેવામાં આવે છે.

**7.8.1 નાના પાયાના ઉદ્યોગો :** જે ઉદ્યોગોમાં થોડા પ્રમાણમાં પ્લાન્ટ અને મશિનોનો અમુક પ્રમાણ સુધી ઉપયોગ કરવામાં આવતો હોય તેવા ઉદ્યોગોને નાના પાયાના ઉદ્યોગો ગણવામાં આવે છે. જોકે નાના પાયાના ઉદ્યોગોની વ્યાખ્યામાં વારંવાર બદલાતા સમય પ્રમાણે વધતા જતા ભાવોને ધ્યાનમાં રાખીને ફેરફાર કરવામાં આવે છે. જેમાં ખાસ કરીને મૂડીરોકાણની મર્યાદામાં જ ફેરફાર કરવામાં આવ્યો છે.

1) જુલાઈ 1980 માં જાહેર કરાયેલી ઔદ્યોગિક નીતિ મુજબ પ્લાન્ટ અને મશિનરીમાં કુલ 20 લાખ રૂ.નું મૂડીરોકાણ કરતાં ઓછું હોય તેને નાના ઉદ્યોગો કહેવામાં આવે છે.

2) 1991ની ઔદ્યોગિક નીતિની જાહેરાત વખતે આ મૂડીરોકણનું પ્રમાણ 60 લાખ કરવામાં આવેલ છે.

3) ઓક્ટોબર 2006 માં આ મૂડીરોકાણની મર્યાદા વધારીને 5 કરોડ કરવામાં આવી હતી.

   આ પ્રકારના ઉદ્યોગોમાં સાઈકલ, ઘરગથ્થુ વપરાશી વસ્તુ, વીજળીની વસ્તુ, સર્જિકલ સાધનો, રમતગમતના સાધનો, યાંત્રિક રમકડાં વગેરે. આ પ્રકારના ઉદ્યોગોમાં મુખ્યત્ત્વે ભારતીય અર્થતંત્રમાં ઉત્પાદન, આવક, રોજગારી, ગરીબી, નાબૂદી, વગેરે દ્રષ્ટિએ મોટા ઉદ્યોગોને સહાયક ભૂમિકા તરીકે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

**આનુષાંગિક ઉદ્યોગો :** જે ઉદ્યોગો નાના પાયાના ઉદ્યોગો કરતાં મોટા અને મોટા પાયાના ઉદ્યોગો કરતાં નાના ઉદ્યોગો છે.

નાના ઉદ્યોગોના બે પ્રકાર પડે છે.

**1) પ્રણાલિકાગત નાના ઉદ્યોગો :**

A) લાકડા તથા હાથીદાંત બનાવટો, કાર્પેટ બનાવટો, ધાતુની બનાવટ વગેરે.

B) માટીકામ, ચર્મકામ, હાથવણાટ કાપડ, રેશ્મી કાપડ વગેરે.

**2) આધુનિક નાના ઉદ્યોગો :** આ પ્રકારના ઉદ્યોગો આધુનિક ટેકનોલોજીનો તથા કારીગરોના વર્કશોપનો ઉપયોગ કરે છે. આ ઉદ્યોગોમાં સાધનોનું, વાહનોનું સમારકામ, યંત્રોનું સમારકામ, વિજળીના ગોળા, ટ્યૂબ, ટાયર, દોરા ઘસવા વગેરે. આ ઉદ્યોગો ઓછી મૂડી અને વધુ લોકોને રોજગારી આપે છે.

**7.8.2. નાના પાયાના ઉદ્યોગોના લક્ષણો :**

- નાના પાયાના ઉદ્યોગોની વ્યાખ્યા મૂડીરોકાણની દ્રષ્ટિએ સતત બદલાય છે.
- નાના પાયાના ઉદ્યોગોમાં થોડા પ્રમાણમાં મશિનો, યંત્રો અને મૂડીરોકાણનો ઉપયોગ થાય છે.
- આ પ્રકારના ઉદ્યોગોમાં આધુનિક ટેક્નોલોજીનો થોડા પ્રમાણમાં ઉપયોગ થતો આવે છે.
- આ ઉદ્યોગો મોટા ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડે છે. તેથી તેને સહાયક ઉદ્યોગ તરીકે ઓળખવામાં આવે છે.

**7.8.3 નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ :**

ગુજરાતીમાં કહેવત છે કે ×નાનો પણ રાઈનો દાણો×. જે અનુસાર ભારતના નાના પાયાના ઉદ્યોગોનું અર્થતંત્રમાં ખૂબ જ મહત્ત્વ રહેલું છે. 1948 અને 1991ની ઔદ્યોગિક નીતિના ઠરાવથી નાના પાયાના ઉદ્યોગોના મહત્ત્વનો સ્વીકાર કરવામાં આવે છે.

1) **ઉત્પાદનમાં વધારો :** આપણે નાના પાયાના ઉદ્યોગોની વ્યાખ્યામાં જોઈ ગયાં તે મુજબ નાના ઉદ્યોગોમાં મૂડીરોકાણનું થોડું પ્રમાણ અને થોડા પ્રમાણમાં મશિનનો અને ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. જેથી ઉત્પાદનમાં વધારો થાય છે અને પરિવર્તન થતાં ઉત્પાદનમાં પરિવર્તન પણ આવતું જાય છે. આ પ્રકારના ઉદ્યોગોમાં મૂડીરોકાણ કર્યા પછી ઉત્પાદનકાર્ય ઝડપી થાય છે તથા તેને થોડા પ્રમાણમાં બજાર પણ પ્રાપ્ત થાય છે. તેથી ઉત્પાદન પણ ઝડપી મેળવી શકાય છે.

2) **રોજગારીમાં વધારો :** ભારત બેકારીથી પીડાતો દેશ છે ત્યારે ઓછી મૂડીએ વધુને વધુ લોકોને રોજગારી આપતા નાના પાયાના ઉદ્યોગોને આવકારવામાં આવે છે. શ્રમિકોને રોજગારી આપવાની મુખ્ય ભૂમિકા નાના પાયાના ઉદ્યોગો બજાવે છે. તેવી દલીલ ચાલી રહે છે. આમ, ભારત જેવાં ગરીબ દેશોમાં રોજગારીની તકો વિકસાવવામાં નાના પાયાના ઉદ્યોગોની મહત્ત્વની ભૂમિકા રહેલી છે.

3) **વિદેશી હૂંડિયામણની અછત નિવારવાની દ્રષ્ટિએ :** નાના પાયાના ઉદ્યોગો એકબાજુ ચીજ-વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાંથી મોટાભાગની દેશના લોકોની જરૂરિયાતો દેશમાં જ અને સ્થાનિક કક્ષાએથી પૂરી પાડે છે અને તેટલા અંશે આયાતો કરવી પડતી નથી. આ સાથે આયાતો પર બિનજરૂરી દબાણ લાવવું પડતું નથી. આયાત ઓછી રહેતાં હૂંડિયામણની બચત કરી શકાય છે.

4) **ફુગાવા - નિયંત્રણ :** નાના પાયાના ઉદ્યોગો લગભગ દેશવાસીઓની મોટાભાગના લોકોની ઉપયોગી વપરાશી ચીજો પેદા કરવામાં મદદરૂપ થાય છે. આ ઉદ્યોગો વિવિધ જુદાં - જુદાં સ્થળોએ સ્થાપિત થયેલા હોવાથી સ્થાનિક લોકોની જરૂરિયાતોને સમજીને તે પ્રમાણે ચીજવસ્તુઓનું ઉત્પાદન થાય છે. આવા ઉદ્યોગોમાં વળી ઓછી મૂડી, વધુ રોજગારી અને ઝડપી ઉત્પાદનના લાભ મેળવી શકાય છે. મોટા ઉદ્યોગોમાં ઉત્પાદન પ્રક્રિયા લાંબી હોય છે જ્યારે નાના પાયાના ઉદ્યોગોમાં આ પ્રક્રિયા ટૂંકી હોવાથી ઝડપી ઉત્પાદન થતાં વધતાં ભાવોને રોકવામાં નાના ઉદ્યોગો ખૂબ જ ઉપયોગી છે.

5) **વણવપરાયેલાં સાધનોનો પૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ :** ભારત એક એવો દેશ છે જ્યાં ઉત્પાદનના સાધનો જેવાં કે કુદરતી સંપત્તિ, કાચો માલ, માનવસંપત્તિ અને મૂડી વગેરે ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં વણવપરાયેલા પડી રહ્યાં છે. આવા સમયે નાના પાયાનો ઉપયોગ કરીને થોડી મૂડી શ્રમિકોના મદદથી આ વણવપરાયેલા સાધનોનો પૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય છે. સાથે - સાથે ભારતીય અર્થતંત્રમાં કેટલીક વસ્તુઓની અછતને પણ કેટલીક અંશે દૂર કરી શકાય છે.

6) **ગ્રામિણ ક્ષેત્રને પૂરક આવક :** ગ્રામિણ વિસ્તારોમાં ઉભા થયેલા નાના ખેડૂતો અને ગ્રામ પ્રજાને

પૂરક આવક ઉભી કરી આપવામાં મદદરૂપ થાય છે. ખેતી એ અવકાશી ખેતી છે તથા મોસમી ખેતી પણ છે. મોસમ સિવાયની ઋતુમાં ગ્રામિણ પ્રજાને મોસમી બેકારીમાંથી ઉગારવામાં મદદરૂપ થાય છે. આમ, ગ્રામિણ પ્રજાના જીવનધોરણમાં વધારો કરવા અને ઊંચુ લાવવામાં નાના પાયાના ઉદ્યોગો મદદરૂપ થાય છે.

7) **સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ :** મોટા પાયાના ઉદ્યોગોમાં ઉચ્ચ પ્રકારની અને વિદેશી ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. જ્યારે નાના પાયાના ઉદ્યોગોમાં આવી ઉચ્ચ પ્રકારની અને વિદેશી ટેકનોલોજીનો ઉપયોગ થતો નથી. પરંતુ આ પ્રકારના ઉદ્યોગોમાં સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ થાય છે.

### 7.8.4 નાના પાયાના ઉદ્યોગોના વિકાસની મર્યાદા :

મોટા પાટાના એકમોની સામે સતત હરિફાઈ નાના પાયાના ઉદ્યોગો અને મોટા પાયાના ઉદ્યોગો વચ્ચે મોટાભાગે હરિફાઈ જોવા મળતી હોય છે. નાના પાયાના ઉદ્યોગો પાસે મોટા ઉદ્યોગો જેટલી ઉચ્ચ ટેકનોલોજી મશિનો હોતા નથી તેથી તેમની વસ્તુની કિંમત ઊંચી તથા ગુણવત્તા ઓછી અને થોડી ટકાઉમાં ઓછી હોય છે. વળી વસ્તુનો એકધારો પ્રવાહ જોવા મળતો ન હોવાથી તેમને મોટા ઉદ્યોગો સામે હરિફાઈ કરવી પડે છે.

2) **કાચા માલની અછત :** નાના ઉદ્યોગોને પ્રમાણમાં ઓછા કાચામાલની જરૂરિયાત રહેતી હોય છે. જ્યારે મોટા ઉદ્યોગોને પ્રમાણમાં વધારે માલની જરૂરિયાત રહેતી હોય છે. તેથી કાચો માલ વેચનાર પણ સામાન્ય રીતે મોટા પાયાના ઉદ્યોગોને સૌ પહેલી પસંદગી કાચોમાલ વેચવા માટે આપે છે. માટે નાના પાયાના ઉદ્યોગોને કાચો માલ મેળવવામાં મુશ્કેલી પડે છે.

3) **તૈયાર માલના વેચાણનો પ્રશ્ન :** નાના પાયાના એકમો પાસે બજારો અંગેની વિશેષ કોઈ માહિતી હોતી નથી. આ ઉપરાંત આ એકમો પાસે વેચાણ માટેનો માલ મોટા ઉદ્યોગની સરખામણીમાં ઓછો જથ્થો હોવાથી તેઓને વેચાણનો પ્રશ્ન નડે છે. તથા તેઓ સ્વતંત્ર વેચાણ વ્યવસ્થા ઉભી કરી શકતા નથી. વળી, ધિરાણ પ્રાપ્તિમાં પણ મુશ્કેલીઓને કારણે આ એકમોને પોતાના ઉત્પાદનની તાત્કાલિક વેચાણ કરવાની ફરજ પડે છે.

4) **વિજળીની અછત :** અન્ય સાધનોની માફકમાં ભારતમાં વિજળીની તીવ્ર અછત હોય છે. વર્તમાન સમયે મોટા ભાગના ઉદ્યોગો વિજળી પર આધારિત જોવા મળે છે. પરંતુ મોટા ઉદ્યોગોની સરખામણીમાં નાના પાયાના ઉદ્યોગોને વિજળી ઓછી મળે છે અને જે વિજળી પ્રાપ્ત થાય છે તે પણ અનિયમિત છે તથા વર્તમાન સમયે પણ મોટાભાગના ગામડાઓમાં વિજળી અવારનવાર ખોરવાય જાય છે. જેથી ઉત્પાદનમાં સાતત્ય જળવાતું નથી, ઉત્પાદન ખર્ચ વધે છે. જેથી કિંમત વધતાં ખરીદી ઘટે છે.

5) **અયોગ્ય સંચાલન :** ભારતમાં નાના પાયાના એકમો વૈયક્તિક માલિકીના કે ભાગીદારી સ્વરૂપના હોય છે. જેથી કંપનીને મળતાં લાભ નાના ઉદ્યોગોને મળતાં નથી. વળી વ્યક્તિ પાસે કે ભાગીદારી પેઢીના લોકો પાસે સંચાલકીય આવડતનો અભાવ હોય છે અને અજાણ્યા ઔદ્યોગિક ક્ષેત્રમાં ઝંપલાવવાને કારણે પણ ઉદ્યોગો નિષ્ફળ જાય છે.

6) **સંશોધન અને તાલીમનો અભાવ :** નાના ઔદ્યોગિક એકમોમાં પરંપરાગત અને જૂની પુરાણી ઉત્પાદન પધ્ધતિનો અને સાધનોનો ઉપયોગ થાય છે. આવા ઔદ્યોગિક એકમો મોટી આધુનિક ટેકનોલોજી યંત્રો વગેરે પોષાય તેમ નથી. સાથે - સાથે જો કોઈ એકમ આવા આધુનિક સાધનોનો ઉપયોગ કરે અને તાલીમ ખર્ચ પણ વધારો આવતું હોવાથી પોષાતું નથી. આમ, નાના પાયાના ઉદ્યોગોમાં તાલીમ & સંશોધનનો અભાવ હોય છે. જે તેમના વિકાસમાં અવરોધ ઉભો કરે છે.

7) **અપૂરતી સગવડ :** મોટા ઉદ્યોગોમાં મૂડીરોકાણ વધારે થતું હોવાથી તે લોકો વિશેષ સગવડો પ્રાપ્ત કરે છે તથા તે લોકો વિશેષ સગવડો આપે પણ છે. જેમાં ખાસ કરીને યોગ્ય ખુલ્લી

જગ્યા, હવા - ઉજાસ, પાણીની સગવડ, આરામની સગવડ, કેન્ટીનની સગવડ તથા શ્રમિક લેવલે સલામતીના પગલાં અને રહેઠાણની સુવિધા વગેરેના અભાવના કારણે ભારતમાં નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ થતો નથી.

**8) ભારે કરબોજો :** ભારતનું જે કર માળખું સ્વતંત્રતા બાદ જોઈએ તો તેમાં પ્રત્યક્ષ કરવેરાની સરખામણીમાં પરોક્ષ કરવેરાનું પ્રમાણ ખૂબ જ વધારે જોવા મળ્યું છે તથા કરમાળખું એક સમાન પણ નથી. દરેક રાજ્યમાં વિવિધ પ્રકારના કરવેરા વસૂલ કરવામાં આવે છે. તેથી ઉદ્યોગોના વિકાસમાં એકસૂત્રતા જળવાતી નથી તથા ઊંચા કરવેરાના કારણે વસ્તુઓ મોંઘી જણાય છે અને વેચાણનું બજાર પ્રાપ્ત થતું નથી તથા પ્રત્યક્ષ વેરાનું પ્રમાણ ખૂબ જનીચું જતું રહે છે અને પરોક્ષ કરવેરાનું પ્રમાણ ઊંચુ હોવાથી નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ થતો નથી.

## 7.9 મધ્યમ અને મોટા પાયાના ઉદ્યોગો :

- નાના કદના એકમો કરતાં વધુ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવતો હોય તેને મોટા ઔદ્યોગિક એકમો કહેવામાં આવે છે.
- ×જે ઔદ્યોગિક એકમોમાં 5 કરોડથી વધારે પડતું 10 કરોડથી ઓછું મૂડીરોકાણ કરવામાં આવ્યું હોય તેને મધ્યમ કદના ઉદ્યોગો તરીકે ઓળખવામાં આવે છે. મધ્યમ કદના સાહસો નાના કદના સાહસો અને મોટા કદના સાહસોની વચ્ચેનું સ્થાન ધરાવે છે. જોકે ભારતમાં સરકારે મધ્યમ કદના ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપવા માટે 1991 પછી હકારાકત્મક અભિગમ અપનાવ્યો છે. જેમાં મધ્યમ કદના ઉદ્યોગોને લાયસન્સની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા અને મૂડીરોકાણની મર્યાદા વધારવામાં આવી હતી.

### 7.9.1 મોટા પાયાનાઉદ્યોગોનો અર્થ :

×જે ઉદ્યોગોમાં મૂડીરોકાણ વધુ હોય, અદ્યતન અને મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધતિનો ઉપયોગ થતો હોય, ઉત્પાદન મોટા પાયા પર આંતરરાષ્ટ્રિય બજારોને ધ્યાનમાં રાખીને થતું હોય તેવાઉદ્યોગો મોટા પાયાના ઉદ્યોગો છે.×

×જે ઉદ્યોગોમાં વિશાળકાય યંત્રો જંગી મૂડીરોકાણ થતું હોય, આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવતો હોય તથા કૌશલ્ય અને સંચાલકીય જ્ઞાન ધરાવતા સંચાલકો હોય તેવા ઉત્પાદનના એકમોને મોટાપાયાના એકમો તરીકે ઓળખવામાં આવે છે.

**મોટા પાયાના ઉદ્યોગોના પ્રકાર :**

**1) જાહેરક્ષેત્ર અને ખાનગીક્ષેત્રના ઉદ્યોગો :** સામાન્ય રીતે રેલ્વે, હિન્દુસ્તાન મશિન ટુલ્સ, હિન્દુસ્તાન સ્ટિલ, કોલસા, ખાણ - ઉદ્યોગ, ઈન્ડિયન પેટ્રોકેમિકલ્સ વગેરે જાહેરક્ષેત્રના મોટા પાયાના એકમો છે.

- આ ઉપરાંત ખાનગીક્ષેત્રના લોખંડ - પોલાદ, કાર, બસ, દવાઓ, કેમિકલ્સ, મશિનરી વગેરે ખાનગી ક્ષેત્રના મોટા પાયાના એકમો છે.

**2) વપરાશી માલ અને મૂડીમાલના ઉદ્યોગો :** કાર, સ્કૂટર બનાવતા વપરાશી માલના ઉદ્યોગોનો પણ વિકાસ થયો છે.

**3) સંયુક્ત સાહસો :** કોચીન રિફાઈનરી, મદ્રાસ રીફાઈનરી, મદ્રાસ ફર્ટિલાઈઝર, ગુજરાત નર્મદા ફર્ટિલાઈઝર કંપની લિમિટેડ વગેરે સંયુક્ત સાહસો મોટા પાયાના એકમો છે.

### 7.9.2.મોટા પાયાના ઉદ્યોગોના લક્ષણો :

- મોટા પાયા પર મૂડીરોકાણ કરવામાં આવે છે.
- આધુનિક અને અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ.

- મોટા પાયા પર યંત્રો અને મશિનોનો ઉપયોગ.
- મોટા પાયા પર ઉત્પાદન થાય છે.
- આંતરરાષ્ટ્રિય વ્યાપાર થાય છે.
- ઉત્પાદનનું સરેરાશ ખર્ચનીચું આવે છે.

**7.9.3 મોટા પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ :**

ભારતમાં આઝાદી બાદ આયોજન ગાળા દરમિયાન દેશના ઉદ્યોગોના માળખામાં વૈવિધ્ય જોવા મળે છે. ભારતમાં ખાસ કરીને બીજી પંચવર્ષીય યોજનામાં ભારે અને પાયાના ઉદ્યોગોની સ્થાપના કરીને ઉદ્યોગીકરણનો મોટો પાયો નાખવામાં આવ્યો છે. વાહનવ્યવહાર, સિમેન્ટ, કાપડ, ખાંડ અને યંત્રસામગ્રી બનાવતા એકમોના વિકાસને મહત્ત્વ અપાયું હતું.

1) **આંતરિક બજારોની માંગ અને વિદેશી બજારોની માંગ પૂરા પાડવા માટે :** મોટા પાયાના ઉદ્યોગો સામાન્ય રીતે દેશની પ્રજાની આંતરિક માંગને પહોંચી વળવામાં ખૂબ જ મોટો ભાગ ભજવે છે. આ સાથે - સાથે વિદેશી બજારોની માંગ પૂરી કરવા દેશમાં મોટા પાયાના ઉદ્યોગોની સ્થાપના અને વિકાર ખૂબ જ અનિવાર્ય છે. આમ, મોટા પાયાના અદ્યતન ટેકનોલોજીવાળા ઉદ્યોગો ઉપયોગી થાય છે.

2) **પાયાની સેવાઓનો વિકાસ :** દેશના વિકાસ માટે આંતરમાળખાંકીય ઉદ્યોગોનો અને સેવાઓનો વિકાસ થાય છે. આ સેવાઓમાં રસ્તાઓ, રેલ્વે, સંદેશાવ્યવહાર, બેન્કો, વીમાકંપનીઓ, શિક્ષણ, તાલીમ વગેરેની સવલતોનો વિસ્તાર અને વિકાસ થાય છે. આમ, પાયાની સેવાઓના વિકાસમાં મોટાપાયાના ઉદ્યોગોનો ખૂબ જ મહત્ત્વનો ફાળો આપે છે.

3) **વિદેશી હૂંડિયામણની પ્રાપ્તિ :** અગાઉના મુદ્દામાં જોયું તેમ મોટા પાયાના ઉદ્યોગો વિદેશોમાં પણ પોતાની ચીજ-વસ્તુઓ અને સેવાઓનો વિકાસ કરે છે સાથે-સાથે પોતાનો માલ વેચે છે. જેથી તેમને વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત થાય છે. આ વિદેશી હૂંડિયામણ જેટલું વધારે પ્રમાણમાં દેશ પાસે આવે છે તેટલા પ્રમાણમાં આંતરરાષ્ટ્રિય સ્તરે દેશનું વર્ચસ્વ વધારે સારૂં રહે છે. આમ, મોટા પાયા પરના ઉદ્યોગોનો વિકાસ કરી વપરાશી ચીજવસ્તુઓનું ઉત્પાદન વધારી તેની નિકાસ કરીને વિદેશી હૂંડિયામણની કમાણી કરવામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

4) **મોટા પાયે ઉત્પાદન અનેનીચું ઉત્પાદન ખર્ચનીચું :** મોટા પાયા પરના ઉદ્યોગોમાં આધુનિક યંત્રો, અદ્યતન ટેકનોલોજી તથા જંગી મૂડીરોકાણ મશિનો વિશાળ રોકાયેલા હોય છે. જેથી ચીજ-વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનના પ્રમાણમાં મોટા પાટે વધારો થાય છે. આ સાથે - સાથે જેટલા પ્રમાણમાં ઉત્પાદન વધારે પ્રમાણમાં થાય છે તેટલા પ્રમાણમાં ઉત્પાદન ખર્ચનીચું જોવા મળે છે અને તેથી ખર્ચનીચું રહેવાથી વસ્તુની કિંમત પણ ઓછી જોવા મળે છે અને વિપુલ પ્રમાણમાં ચીજવસ્તુઓ વિપુલપ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી સરળતાથી પણ પ્રાપ્ત થાય છે. આમ, મોટા પાયાના ઉદ્યોગોનો વિકાસ ગ્રાહકોને લાભકારક થાય છે.

5) **વિવિધ પ્રદેશોનો સમતોલ વિકાસ :** જાહેર ક્ષેત્રના મોટા પાયાના ઔદ્યોગિક એકમો દેશના જુદા-જુદા વિસ્તારોમાં અને પ્રદેશોમાં સ્થાપવામાં આવેલા હોય છે. આવા ઔદ્યોગિક એકમો વિશેષ રીતે પછાત વિસ્તારોમાં મોટા ભાગે સ્થાપવામાં આવે છે જેથી જે વિસ્તાર પછાત છે તેમનો વિકાસ થાય છે. જરૂરી આંતરમાળાની રચના થાય છે. આમ, મોટા પાયાના ઉદ્યોગો પ્રાદેશિક સમતોલ વિકાસ સાધવામાં ખૂબ જ ઉપયોગી બને છે.

6) **ઉદ્યોગીકરણનો સંગીન પાયો :** ×સામાન્ય રીતે ઉદ્યોગીકરણ એટલે સતત ઉદ્યોગોનો થતો વિકાસ×. એક ઉદ્યોગોનો વિકાસ થવાથી તેના કારણે બીજા અનેક ઉદ્યોગોનો વિકાસ થાય છે જેને ઉદ્યોગીકરણ કહેવામાં આવે છે. ભારત જેવાં અતિ વસ્તી અને વસ્તી ગીચતા ધરાવતા દેશમાં ઉદ્યોગોનો વિકાસ ખૂબ જ આવશ્યક છે. ઉદ્યોગોના વિકાસ માટે ઉદ્યોગીકરણના સંગીન પાયાની ભૂમિકા સર્જવા પાયાના, ચાવીરૂપ વ્યૂહાત્મક ઉદ્યોગો શક્ય છે. પાયાની ધાતુઓ,

લોખંડ, પોલાદ, રસાયણો, સિમેન્ટ, ખનીજ, તેલ, ભારે મશિનરી વગેરેનું મોટા પાયા પર ઉત્પાદન વગેરે માટે ઉદ્યોગીકરણ જરૂરી બને છે.

આમ, મોટા પાયાના ઉદ્યોગોનો આર્થિક વિકાસમાં ખૂબ જ મહત્ત્વ રહેવાં છતાં તેની અનેક મર્યાદાઓ રહેલી છે.

### 7.10 જાહેરક્ષેત્ર/જાહેર ઉદ્યોગ/જાહેર સાહસ :

ખૂબ જ સરળ ભાષામાં કહીએ તો જે ઉદ્યોગ, સાહસ કે ક્ષેત્ર જે સરકાર દ્વારા ચલાવવામાં આવે છે તેને જાહેરક્ષેત્ર. જાહેર સાહસ કે જાહેર ઉદ્યોગ કહેવામાં આવે છે. અહીં, આપણે જાહેરક્ષેત્ર વિશે ઊંડાણપૂર્વક માહિતી મેળવીશું.

**7.10.1 ભારતમાં જાહેરક્ષેત્રનો ઉદ્ભવ & વિકાસ :** ભારતમાં અંગ્રેજોના સમયે પણ રેલ્વે, તાર-ટપાલ, આકાશવાણી, પોર્ટટ્રસ્ટ, દારૂગોળો તથા શસ્ત્રોના કારખાના તે વખતની સરકારના હસ્તક હતા પરંતુ ×જાહેર સાહસ× જેવોં કોઈ સ્પષ્ટ ખ્યાલ વિકાસ પામ્યો ન હતો. ભારતમાં આઝાદી બાદ અને તેમાંય ખાસ કરીને બીજી યોજના પછી 1956 પછી ભારતમાં જાહેર ક્ષેત્રનો ઉદ્ભવ અને ઝડપી વિકાસ થયો છે. બીજી પંચવર્ષીય યોજના મહાલનોબિસ દ્વારા બનાવવામાં આવેલ હતી. જેમાં ઉદ્યોગોને મહત્ત્વ આપવામાં આવેલું ત્યારબાદ ઉત્તરોત્તર આયોજનકાળ દરમિયાન ભારતમાં જાહેર ક્ષેત્રનો નોંધપાત્ર વિકાસ થવા પામ્યો છે. આમ, ભારતમાં આઝાદી બાદ અને ખાસ કરીને 1956 પછી જ જાહેર સાહસોનો નોંધપાત્ર વિકાસ થયો છે.

**7.10.2 જાહેરક્ષેત્રના વિકાસ માટેના કારણો :**

જાહેર ક્ષેત્રના ઝડપી વિકાસ માટેના મુખ્ય કારણોનીચે મુજબ દર્શાવવામાં આવ્યા છે.

1) **સમાજવાદ :** ભારતમાં ડિસેમ્બર, 1954 માં ભારતની સંસદે આર્થિક અને સામાજીક નીતિના ધ્યેય તરીકે સમાજવાદી સમાજરચનાના હેતુઓનો સ્વીકાર્યો હતો. જેમાં રાષ્ટ્રિય આવક અને રોજગારીના વધારા સાથે આવક અને સંપત્તિની વધુ સમાન અને ન્યાયી વહેંચણી થવી જોઈએ એમ સ્વીકારવામાં આવ્યું હતું. જેમાં ×વ્યક્તિગત નફા× નો નહીં પરંતુ ×સામાજીક હિત×નો હોવો જોઈએ. આ ઉપરાંત ઉત્પાદન, વહેંચણી, વપરાશ અને મૂડીરોકાણ વગેરેને લગતાં નિર્ણયો સામાજીક ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને લેવામાં આવશે. જે હેતુથી જાહેરક્ષેત્રનો વિકાસ થવા માંડ્યો છે.

2) **પાયાની સવલતો :** ઔદ્યોગિક વિકાસની પૂર્વશરત એ પાયાની સવલતોનો વિકાસ છે. ભારત એક વિકાસમાન દેશ છે અને તેમાં પાયાની સવલતોનો વિકાસ એ ઔદ્યોગિક વિકાસ માટેની એક અનિવાર્ય અને પૂર્વશશરત છે. પાયાની સવલતોમાં ખાસ કરીને વાહન, સંદેશા-વ્યવહાર, વિજળી, સિંચાઈ, શિક્ષણ, તાલીમ, સંશોધન, જાહેર આરોગ્યની સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે. આ પાયાની સુવિધા પૂરા પાડવા માટે ખૂબ જ મોટા પ્રમાણમાં મૂડીરોકાણની જરૂરિયાત રહે છે અને નફો કે લાભનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જેથી ખાનગી સાહસને કોઈ ખાસ આકર્ષણ હોતું નથી. આ પ્રકારની સેવા કરવા માટે જાહેરક્ષેત્રએ જ આગળ આવવું પડે છે અને પહેલ કરવી પડે છે. જેથી જાહેરક્ષેત્રનો વિકાસ થયો છે.

3) **ભારે અને પાયાના ઉદ્યોગો :** ભારત એક વિકસતો દેશ છે અને તેને વિકાસ પ્રક્રિયા આગળ વધારવા માટે અને વિકસિત બનાવવા માટેની જવાબદારી સરકાર સિવાય બીજો કોઈ લઈ શકે તેમ નથી. દેશમાં ઔદ્યોગિક વિકાસનો એક પાયો નાખવા માટે અને અર્થતંત્રને સ્વાશ્રયી બનાવવા માટે ભારે અને ચાવીરૂપ ઉદ્યોગોનો વિકાસ ખૂબ જ જરૂરી છે. જેના માટે ખૂબ જ મૂડીરોકાણ માંગી લે છે જે સરકાર અને જાહેરક્ષેત્રનો વિકાસ થાય તે જરૂરી છે.

4) **પ્રાદેશિક અસમાનતા ઘટાડવા માટે :** સામાન્ય રીતે ખાનગીક્ષેત્રનો મુખ્ય હેતુ નફાના હેતુથી કાર્ય કરે છે જેને દેશના વિકાસમાં ઉભી થતી સમસ્યાઓમાં કોઈ રસ હોતો નથી. જો કે સરકાર દ્વારા પછાત વિસ્તારોમાં ખાનગી સાહસને રાજ્ય તરફથી વિશેષ સવલતો આપવામાં આવતી

હોવા છતાં ખાનગી સાહસને કોઈ રસ હોતો નથી. આમ, પ્રાદેશિક અસમતુલા દૂર કરવા માટે જાહેર ક્ષેત્રનો વિકાસ થાય તે જરૂરી છે.

5) **આવકની અસમાનતામાં ઘટાડો કરવા માટે :** સરકાર દ્વારા આવકની અસમાનતા ઘટાડવામાં મોટો ભાગ ભજવે છે. સામાન્ય રીતે સરકાર પ્રત્યક્ષ કરવેરા ધનિક વ્યક્તિઓ પૂરક લઈને ગરીબ વ્યક્તિઓને આ કરવેરામાંથી પ્રાપ્ત થયેલી આવક પરોક્ષ રીતે વિવિધ સેવાઓ મફત અને સસ્તા દરે આપીને આવકની અસમાનતા ઘટાડવામાં મદદરૂપ થાય છે. જાહેર એકમ ગરીબલક્ષી વિવિધ યોજના બનાવીને તેનો અમલ કરવામાં મદદરૂપ થાય છે.

**★ જાહેર સાહસોના મુખ્ય હેતુઓ :**

- જાહેર સાહસોના દૂષણને નાબૂદ કરવા માટે
- દેશનો ઝડપી અને સમતોલ આર્થિક વિકાસ સાધવા માટે
- પાયાના અને ચાવીરૂપ ઉદ્યોગો સ્થાપવા માટે
- વિકાસ માટેની મૂળભૂત સગવડો પૂરા પાડવા માટે
- આર્થિક સત્તાનું કેન્દ્રિકરણ અટકાવવા માટે અને ઈજારાશાહીના વલણો નાબૂદ કરવા માટે
- આવક અને સંપત્તિની અસમાન વહેંચણી દૂર કરવા માટે

**★ જાહેર સાહસોનું મહત્ત્વ :**

ભારત એક વિકસતો દેશ છે અને ઉદ્યોગીકરણના શરૂઆતના સમયગાળામાં ઉદ્યોગોના વિકાસ માટે રાજ્ય સહાય આવશ્યક છે. આર્થર લેવિસ જણાવે છે કે ઔદ્યોગિકીકરણ આરંભવાના કાર્યમાં સામાન્ય રીતે મુખ્યત્ત્વે ત્રણ પ્રકારની મુશ્કેલીઓ જણાય છે. જેમાં પ્રથમ મુશ્કેલી એ છે કે, ઉદ્યોગોના વિકાસનું પ્રારંભિક ખર્ચ ખૂબ જ ઊંચું હોય છે. જે ખાનગી સાહસો સહન કરતાં નથી. બીજું મુખ્ય કારણ ઉદ્યોગોની શરૂઆતનું અજ્ઞાન રાજ્યની સહાય દ્વારા દૂર કરવાનું હોય છે અને ત્રીજું મુખ્ય કારણ બજારની સમસ્યા. આમ, આ ત્રણ પાયાની સમસ્યાઓ હલ કરવામાં સરકારની મદદ ખૂબ જ આવશ્યક છે.

1) **આર્થિક માળખાનું સર્જન કરવા માટે :** દેશના આર્થિક વિકાસનો આધાર તે દેશના આંતરમાળખાના વિકાસ પર રહેલો છે. આ આંતરમાળખામાં મુખ્યત્ત્વે રસ્તાઓ, વિજળી, વાહનવ્યવાહરર, સંદેશાવ્યવહાર, ઊર્જા વગેરે જેવી સુવિધાઓ આર્થિક વિકાસ માટે જરૂરી છે. ભારત જેવાં દેશમાં જ્યારે દેશ ગરીબી, બેકારી વગેરેમાં આવી સગવડોનું નિર્માણ જાહેરક્ષેત્ર દ્વારા જ કરી શકાય છે. આમ, આર્થિક વિકાસ માટે જરૂરી પાયાની સુવિધા અને સગવડો ઊભી કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

2) **રોજગારી વધારવા માટે :** ભારત આઝાદ થયું ત્યારથી દેશ સમક્ષ સળગતો પ્રશ્ન બેરોજગારીનો છે. ભારતમાં જાહેરક્ષેત્ર બરોજગારી સામે રક્ષણ પૂરૂં પાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે જેમાં ખાસ કરીને માંદા એકમોને સરકાર પોતાને હસ્તક લઈને તેને આગળ વધારે છે અને તેમના શ્રમિકોને રોજગારી સાથે રોજગારીલક્ષી લાભ આપવામાં મદદરૂપ થાય છે.

3) **નિર્ણાયકક્ષેત્ર માટે જાહેરક્ષેત્રની અનિવાર્યતા :** લોખંડ, પોલાદ, રાસાયણિક ખાતરો, કોલસો, ખનીજતેલ, ઈજનેરી ઉદ્યોગો વગેરેને નિર્ણાયકક્ષેત્ર કહેવામાં આવે છે. નિર્ણાયકક્ષેત્ર એટલે એવા ક્ષેત્ર જે દેશના વિકાસમાં નિર્ણાયક મહત્ત્વની ભૂમિકા ભજવે છે તેવા ઉદ્યોગો. ભારતમાં પ્રથમ પંચવર્ષીય યોજનાને બાદ કરતાં બધી જ યોજનાઓમાં સરકાર દ્વારા નિર્ણાયક ક્ષેત્રમાં લગભગ 60%ની આસપાસ મૂડીરોકાણ કરવામાં આવતું હોય છે. આમ, ભારતમાં જાહેરક્ષેત્રમાં ક્રમશઃ મૂડીરોકાણ વધતું ગયું છે.

4) **સમતોલ પ્રાદેશિક વિકાસ :** ભારતમાં સામાન્ય રીતે દરેક પ્રદેશોનો વિકાસ સમાન રીતે થયેલો જોવા મળતો નથી. કેટલાક પ્રદેશોનો વિકાસ ખૂબ જ વધારે પ્રમાણમાં થયો છે જ્યારે કેટલાંક

પ્રદેશોનો વિકાસ પણ થયો નથી અને કેટલાંક પ્રદેશોનો વિકાસ મધ્યમ રહેલો છે. આમ, ભારતમાં આવક અને સંપત્તિની પ્રાદેશિક અસમાનતા વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. જે પ્રદેશોમાં વિકાસ સારો થાય છે ત્યાં ખાનગી ઉદ્યોગોનો વિકાસ ખૂબ જ જોવા મળે છે. જે પ્રદેશોમાં વિકાસ સારો થાય છે ત્યાં ખાનગી ઉદ્યોગોનો વિકાસ ખૂબ જ જોવા મળે છે. જ્યારે જે પ્રદેશોનો વિકાસ નજીવો છે ત્યાં જાહેરક્ષેત્ર દ્વારા ઉદ્યોગો સ્થાપીને તે વિસ્તારનો વિકાસ કરવાની જવાબદારી સરકાર કરે છે.

5) **વિદેશી હૂંડિયામણની કમાણી :** ભારતની નિકાસોમાં જાહેરક્ષેત્રના મુખ્યત્ત્વે હિન્દુસ્તાન ઈલેકટ્રોનિક્સ લિમિટેડ, હિન્દુસ્તાન મશિન ટુલ્સ, સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશન વગેરેનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. આમ, ભારતના જાહેરક્ષેત્રો ચીજવસ્તુઓ અને સેવાઓની વિદેશોમાં નિકાસ કરીને નિકાસ કમાણી ઊભી કરે છે.

6) **મૂડીસર્જન :** મૂડીસર્જન એટલે મૂડીનું સર્જન. મૂડીમાંથી નવી મૂડી ઉભી કરવી. બીજી રીતે કહીએ તો જો કોઈ આર્થિક એકમ નફો પ્રાપ્ત કરે તો તેને ઉત્પાદન કાર્યમાં પુનઃરોકાણ કરીને ફરીથી નફો મેળવવો અને મૂડીનું રોકાણ કરવું જેને મૂડીસર્જન તરીકે ઓળખવામાં આવે છે. અર્થતંત્રમાં નવા ઉદ્યોગો સ્થાપવા માટે તથા પ્રવર્તમાન ઉદ્યોગોમાં મૂડીરોકાણ વધે તે જરૂરી છે અને તો જ દેશનો વિકાસ આગળ વધી શકાય. ભારતમાં જાહેરક્ષેત્ર દ્વારા આ કાર્ય કરીને દેશને આગળ વધારી શકાય છે.

7) **અવિરત ઔદ્યોગિક વિકાસ :** ઉદ્યોગોના અવિરત વિકાસ કરવા માટે તથા ઉદ્યોગોનો સંગીન પાયો નાખવાની બાબતોમાં જાહેરક્ષેત્રનો ફાળો ખૂબ જ અગત્યનો રહ્યો છે. લોખંડ અને પોલાદ ઉદ્યોગ, ભારે યંત્ર સામગ્રી, ભારે ઈજનેરી, વિદ્યુત સાધન સામગ્રી, રસાયણો, ખનિજતેલ સિમેન્ટ, ખાતર વગેરેનો વિકાસ થવાથી બીજા અન્ય ઉદ્યોગોનો વિકાસ પણ થઈ શકે છે. આ બીજા અન્ય ઉદ્યોગોનો વિકાસ પણ થઈ શકે છે. આ બીજા અન્ય ઉદ્યોગોનો આધાર આવા પાયાના ઉદ્યોગો પર રહેલો છે. આમ, અવિરત ઉદ્યોગોના વિકાસ માટે ભારે પાયાના અને ચાવીરૂપ ઉદ્યોગો જરૂરી છે.

8) **ફાજલ ઉત્પાદનશક્તિનો ઉપયોગ :** ખાનગી ઔદ્યોગિક એકમો ઉત્પાદન શક્તિનો પૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ કરી શકતાં નથી. આવા ઉદ્યોગો ઉત્પાદન શક્તિના સાધનોનો વધારે દુર્વ્યય કરે છે. જ્યારે જાહેર ક્ષેત્રના એકમોના ઉત્પાદનશક્તિના સાધનોનો પૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ થાય છે.

9) **અર્થતંત્રનું નિયમન :** જાહેર એકમ સરકાર દ્વારા ચલાવવામાં આવે છે જેથી અર્થતંત્રને ઈચ્છિત દિશામાં વાળવા માટે કે ઈચ્છિત દિશામાં લઈ જવા માટે અર્થતંત્ર પર સરકારનું અસરકારક નિયંત્રણ હોવું જોઈએ. દેશમાં રાજકોષિય નીતિ, નાણાંકીય નીતિ, ઔદ્યોગિક પરવાના નીતિ વગેરે દ્વારા સરકાર બજારનું નિયંત્રણ કરે છે. આમ, અર્થતંત્રનું નિયમન કરવા માટે જાહેરક્ષેત્ર હોવું એ ખૂબ જ જરૂરી છે. આ માટે જો ઉત્પાદનના સાધનો મોટા પ્રમાણમાં સરકાર હસ્તક હોય તો જ શક્ય બને છે.

10) **સામાજીક પરિવર્તન :** જાહેરક્ષેત્રમાં સરકાર માલિક હોય છે અને સરકાર માલિક હોવાથી ખાનગી ક્ષેત્રનો ઈજારો તૂટે છે અને પ્રજાના હિતમાં જાહેર ઈજારો રચાય છે. જે એકમોનો મુખ્ય હેતુ પ્રજાની સેવાનો છે. જાહેર એકમો પ્રજાના સામાજીક જીવનમાં પરિવર્તન લાવે છે. ઉદ્યોગો સ્થાપીને લોકોના વિચારોમાં પરિવર્તન લાવે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસે છે. કામ-કાજની રીત-ભાતમાં પરિવર્તન આવે છે. જાહેરક્ષેત્ર શહેરી વિસ્તારોમાં સ્થાપીને ગ્રામિણ પ્રજાને શહેરીકરણ થવાથી પણ પરિવર્તન આવે છે. જાહેર સાહસોમાં સ્ત્રીઓને પણ નોકરી આપવામાં આવે છે. તે પણ એક સામાજીક પરિવર્તન કહેવાય છે.

**7.10.4 જાહેરક્ષેત્રની મર્યાદાઓ :** જાહેરક્ષેત્રના ઉદ્યોગોમાં જેટલું મૂડીરોકાણ જંગી પ્રમાણમાં થાય છે તેવું કાર્યક્ષમનીવડે છે ? ભારતમાં જાહેરક્ષેત્રની બાબતમાં ભારતીય પરિસ્થિતિ તપાસતા બે બાબતો ચિંતાજનક લાગે છે.

**1)** જાહેરક્ષેત્ર દેખીતી ભારે આર્થિક બિનકાર્યક્ષમતા અને તેની ઉત્પાદક્તામાં પડતું પ્રતિબિંબ

**2)** જાહેરક્ષેત્રમાં બિનવિચારસરણી રાજકારણની ઘૂસણખોરી વધતી જાય છે જેના પરિણામે ઉત્પાદક્તા સુધારવાની પ્રક્રિયા બિનજરૂરી પાછળ ઠેલાય છે.

★ **જાહેરક્ષેત્રની મર્યાદાઓનો અભ્યાસ જોઈએ :**

**1)** **ખાનગીક્ષેત્રની સરખામણીમાં મૂડીરોકાણ પર ઓછું વળતર :** આયોજન સમય દરમિયાન ભારતમાં જાહેરક્ષેત્રમાં મૂડીરોકાણ અને એકમોની સંખ્યામાં ક્રમશઃ નોંધપાત્ર વધારો જોવા મળે છે. પરંતુ મૂડીરોકાણ પર સરકારે જાહેરક્ષેત્ર પાસેથી અપેક્ષા રાખી હતી તે અપૂર્ણ સાબિત થઈ નથી. મૂડીરોકાણ પરના વળતરની બાબતમાં ખાનગીક્ષેત્રના વળતરના દરો સાથે જાહેરક્ષેત્રના વળતરના દરોને જો સરખાવવામાં આવે તો એ સાબિત થાય છે કે જાહેર સાહસોએ સામાજીક રીતે દુર્વ્યય કર્યો છે. જાહેર સાહસોની સામાજીક નફાકારક્તાને માપવા માટેનો નજરે પડતો વળતરનો દર એ અત્યંત ખૂબ જ નજીવો જોવા મળે છે. જેનું મુખ્ય કારણ એ છે કે જાહેર સાહસો ઘણાં બધાં પરિબળોથી પ્રભાવિત થતો હોય છે. આયોજન સમયગાળા દરમિયાન ખોટનું પ્રમાણ વધતું જ ગયું છે. જેના મુખ્ય કારણોનીચે મુજબ છે.

- જાહેરક્ષેત્રે કેટલીક બાબતોમાંનીચો ભાવ રાખવાની નીતિ અપનાવી છે. દા.ત. ખાતર, કોલસો.
- ખાનગીક્ષેત્રના માંદા એકમોને રક્ષણ આપવાથી પણ મૂડીરોકાણ પરનીચું વળતર પ્રાપ્ત થાય છે.
- જરૂર કરતાં વધારે કામદારોની જાહેરક્ષેત્રમાં ભરતી પણ જવાબદાર છે.

**2)** **જાહેર સાહસોનું સંચાલન :** સામાન્ય રીતે જાહેર સાહસોનું સંચાલન કરનારા અધિકારીઓ પાસે સારો વહીવટ કરવા માટે પૂરતું ટેકનિકલ જ્ઞાન ન હતું. આવા અધિકારીઓ નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારીઓ, લશ્કરી અધિકારીઓ, મોટા રાજકારણીઓ હોય છે. આવા સંચાલન કરનારાં અધિકારીઓમાં ઢીલીનીચી, બિનકાર્યક્ષમ સંચાલન, નોકરશાહી ઢબે કામ કરવાની વૃત્તિ વિશેષ જોવા મળે છે. જાહેરક્ષેત્રના સાહસોમાં રાજકીય સંડોવણીને કારણે શ્રમની જરૂરિયાત કરતાં વધારે પ્રમાણમાં જાહેરક્ષેત્રમાં ભરતી કરે છે. આ ઉપરાંત આ સાહસોમાં થતાં મુખ્ય ઝઘડાઓની બાબતમાં અંતિમ નિર્ણયો રાજકીય કારકિર્દી પર પણ નજર રાખવી પડે છે.

**3)** **ઉત્પાદનક્ષમતાનો અપૂરતો ઉપયોગ :** જાહેરક્ષેત્ર માટે એવી ધારણા જ કરવામાં આવે છે કે જાહેરક્ષેત્રના મોટાભાગના એકમો તેની ઉત્પાદનક્ષમતાનો પૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ કરી શકતા નથી. જાહેરક્ષેત્રના એકમો મોટા ભાગે જે સંચાલકો હોય છે તેમની આવડત અને કૌશલ્યના અભાવના કારણે તેમની ઉત્પાદનક્ષમતા ઓછી જોવા મળે છે. ઉત્પાદનશક્તિનો અપૂરતો ઉપયોગ થતાં તેમની નફાકારક્તા ઘટે છે અને આમ, ઉત્પાદનક્ષમતાનો અપૂરતો ઉપયોગ નફાકારક્તા ઘટાડે છે.

**4)** **પ્રોત્સાહનનો અભાવ :** ખાનગીક્ષેત્રમાં કામ કરતાં શ્રમિકોથી માંડીને સંચાલકોને તેમની કામગીરીની બાબતમાં જેમ-જેમ વધારે કામ કરે છે તેમ-તેમ તેમના પગાર અને તેમને મળતી સુવિધા અને વિશેષ લાભો વધારે પ્રમાણમાં મળે છે અને તેમને તેમની કામગીરીના બદલામાં પ્રોત્સાહન પણ આપવામાં આવે છે. જ્યારે જાહેર સાહસોમાં કોઈ શ્રમિક, કર્મચારી કે ઉચ્ચ પદના અધિકારી કાર્ય કરે કે ન કરે તેમને અમુક નિયમો અમુક વર્ષો બાદ જ પ્રોત્સાહનો મળતાં હોય છે. જેથી શ્રમિક, કર્મચારી અને ઉચ્ચ પદના અધિકારીઓને કોઈ વધારાના કામ કરવામાં ઉત્સાહ અને રૂચિ જોવા મળતી નથી.

5) **ખૂબ જ ઊંચા ખર્ચનું પ્રમાણ :** મોટા ભાગે દરેક જાહેર ક્ષેત્રના એકમોમાં ખૂબ જ મોટા અને ખર્ચાળ વહીવટીતંત્ર એ એક લક્ષણ જોવા મળે છે. જાહેરક્ષેત્ર ખર્ચ કરવાની બાબતમાં કરકસર દાખવતા નથી. ખાનગીક્ષેત્ર પ્રત્યેક ખર્ચ પાછળ ખર્ચ-લાભ વિશ્લેષણ કરે છે પછી જ નક્કી કરે છે કે ખર્ચ કરવું કે નહી. જ્યારે જાહેરક્ષેત્ર વહીવટ, વાહનવ્યવહાર વગેરે પાછળ ખર્ચની બાબતમાં કાળજી લેતું નથી.

6) **અમલીકરણમાં વિલંબ :** ખાનગીક્ષેત્રના એકમો સમય સૂચકતાની બાબતમાં ખૂબ જ સાવચેતી રાખીને ચુસ્ત સમયપાલન કરતાં હોય છે. જ્યારે જાહેરક્ષેત્ર દ્વારા સમયમાં કોઈ એક પ્રોજેક્ટ પર કામ કરવાની બાબતમાં ખૂબ જ વિલંબ કરે છે. તેથી જેમ-જેમ સમય પસાર થતાં મોંઘવારી વધતાં ફૂગાવો /ખર્ચનું પ્રમાણ વધારે જોવા મળે છે. જાહેરક્ષેત્રમાં અમલીકરણના વિલંબના મુખ્ય કારણોમાં અધિકારીઓના કાર્યક્ષમ સંચાલન માટે ઉત્સાહ અને જ્ઞાન ધરાવતા નથી. કેટલાક મહત્ત્વના બજાર વિષયક નિર્ણય લેવામાં તુમારશાહીનો આશ્રવિલે છે, સરકારી પ્રધાનો અને અન્ય અધિકારીઓની દખલગીરી કાર્યમાં વિલંબ કરે છે. આ ઉપરાંત બીજા અર્થકારણો પણ વિલંબ માટે જવાબદાર છે. જેમકે અપૂરતી ટેકનોલોજીનો અભાવ, પ્રોજેક્ટની જાણકારીનો અભાવ, પૂર્વતૈયારીનો અભાવ વગેરે.

7) **વિદેશી ટેકનોલોજી પર અવલંબન :** સામાન્ય હિતે ભારતે જે દેશો પાસેથી ટેકનોલોજીની આયાત કરવાનું વિચારે છે. તે દેશો વિકસિત દેશો હોય છે. જ્યારે ભારત એ વિકસતો દેશ છે અને તેથી વિકસતા દેશોના લક્ષણોના આધારે એવું કહી શકાય કે ભારતમાં દ્વિમુખી અર્થતંત્ર અને દ્વિમુખતા જોવા મળતાં વિદેશી ટેકનોલોજીને અનુકૂળ ભારતમાં યોગ્ય વાતાવરણનો અભાવ જોવા મળે છે. વિદેશી ટેકનોલોજી ખૂબ મોંઘી હોય છે, ખર્ચાળ હોય છે. તેને લગતા જ્ઞાનના અભાવના કારણે તેની તાલીમ ખર્ચ પણ વધારે આવે છે અને તાલીમ માટે વધારે સમય પણ માંગી લે છે. વિદેશી ટેકનોલોજી આયાત કરવાથી તેની ચૂકવણીનો ખર્ચ વિદેશી ચલણમાં કરવાનું હોવાથી તે પણ મુશ્કેલી ભારતને છે. આ સાથે-સાથે વિદેશી ટેકનોલોજીને ભારતમાં લાવવાથી તેની સાથે ભારતમાં વિદેશી ટેકનોલોજીના લોકોને પણ આયાત કરવાનું પણ મોંઘુ પડે છે. વળી, વિદેશી ટેકનોલોજી આયાત કરવામાં પણ સરકારી નેતાઓ પોતાના પક્ષ અને અંગત સ્વાર્થ ધ્યાનમાં લાભીને પોતાને આર્થિક લાભ થાય તેવા પ્રયત્નો કરતાં હોય છે. જાહેર એકમો વિદેશી ટેકનોલોજી આયાત કરવામાં વિશેષ કાળજી લેતા હોતા નથી. આમ, વિદેશી ટેકનોલોજી જાહેર ક્ષેત્રના એકમો ઊંચી કિંમતે ખરીદે છે પણ માહિતીના અભાવે જાહેરક્ષેત્રોની કામગીરી મંદ પડે છે.

આમ, જાહેરક્ષેત્રની ઉપરોક્ત મર્યાદાઓ હોવાથી ભારતમાં ધીમે-ધીમે ખાનગીક્ષેત્રનો પગપેસારો થતો ગયો છે અને ખાનગીક્ષેત્ર એ નફાના ઉદ્દેશથી કામ કરે છે. આમ, જાહેર સાહસના પુરકક્ષેત્ર તરીકે ખાનગીક્ષેત્રનો વિકાસ વધતો ગયો છે. જોકે ખાનગીક્ષેત્રના વિકાસ માટે સરકારે વિવિધ પંચવર્ષીય યોજનાના સમયગાળા દરમિયાન ધ્યાન આપીને વિશેષ પગલાં લીધા છે અને 1991 ના કરવામાં આવેલા આર્થિક સુધારામાં ખાનગીકરણ પર વિશેષ ભાર મુક્યો છે. જેની ચર્ચા આપણે હવે પછીના પ્રકરણમાં કરવાના જ છે. તેમ છતાં અહીંઆ આપણે ટૂંકમાં ખાનગીક્ષેત્ર વિશે થોડો પરિચય મેળવીશું.

### 7.10.5 જાહેરક્ષેત્રનીનીચી નફાકારક્તા માટેના કારણો :

ભારતમાં જાહેર સાહસોનીનીચી નફાકારક્તા માટેના મુખ્ય કારણોનીચે પ્રમાણે જોઈ શકાય છે.

1) પ્રત્યેક પ્રોજેક્ટનું પ્રારંભિક ખર્ચ ખૂબ જ ઊંચુ જોવા મળે છે.

2) ઔદ્યોગિક અશાંતિ

3) સ્થાપિત ઉત્પાદનશક્તિનો અપૂરતો ઉપયોગ

4) બિનકાર્યક્ષમ સંચાલન

5) નાણાંકીય આયોજનનો અભાવ

6) માનવશકિતના યોગ્ય આયોજનનો અભાવ

7) કાર્યક્ષમતાની ચકાસણીનો અભાવ

**7.11 ભારતમાં ખાનગીક્ષેત્ર :**

ભારતમાં વિવિધ પંચવર્ષીય યોજના હેઠળ જાહેરક્ષેત્રે ખૂબ જ સારી પ્રગતિ કરી છે. તેમ છતાં સમય જતાં પરિવર્તન થતાં ખાનગીક્ષેત્રનું મહત્ત્વ વધારે જોવા મળે છે. કેટલીક યોજનાઓમાં મૂડીરોકાણની દ્રષ્ટિએ જાહેરક્ષેત્રની સરખામણીમાં ખાનગીક્ષેત્રનું મહત્ત્વ વધારે જોવા મળ્યું છે. સરકારે કેટલાંક જાહેર સાહસોનું ખાનગીકરણ પણ કર્યું છે. ખાનગીક્ષેત્ર એ કાંચી આંતરિક પેદાશમાં, રાષ્ટ્રિય આવકમાં, રોજગારીની દ્રષ્ટિએ, કુલ ઉત્પાદનમાં વગેરેમાં ખાનગીક્ષેત્રનો ફાળો ખૂબ જ વધારે જોવા મળે છે. ભારત સરકારે 1991 માં કરવામાં આવેલા આર્થિક સુધારામાં ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણમાં ખાનગીક્ષેત્રને વિશેષ છૂટ આપી છે. ભારતમાં રિલાયન્સ, હિન્દુસ્તાન લીવર, ટાટા સ્ટિલ, ગ્રામિણ ઉદ્યોગો, લાર્સન એન્ડ ટુબ્રો, બજાજ વગેરે મોટી કંપનીનો ખૂબ જ સારો વિકાસ થયો છે.

ખાનગીક્ષેત્રનો સૌથી મોટો અને મુખ્ય હેતુ નફાનો રહેલો છે. ખાનગીક્ષેત્ર સામાજીક આર્થિક અપેક્ષાઓ પૂરી પાડવામાં નિષ્ફળ ગઈ છે. તેઓ વધારે નફો કમાવવાના હેતુથી કાયદા વિરૂધ્ધની પ્રવૃત્તિઓ કરે છે. તેઓ વસ્તુઓમાં ભેળસેળ કરે છે. ઊંચી કિંમત વસુલ કરે છેનીચી ગુણવત્તાવાળી વસ્તુઓ ગ્રાહકોને આપે છે. સમાજની દ્રષ્ટિએ હાનિકારક હોય તેવી વસ્તુઓનું પણ ઉત્પાદન અને વેચાણ કરે છે. દા.ત. ગુટખા, દારૂ, અફીણ, ગાંજો, ચરસ વગેરે ખાનગીક્ષેત્ર ઘણીવાર આવક છૂપાવે છે અને કરચોરી કરે છે, કાળી આવક અને કાળા નાણાંનું સર્જન કરે છે. આ ઉપરાંત ખાનગીક્ષેત્ર

વસ્તુઓની કૃત્રિમ અછત ઉભી કરીને ફુગાવો સર્જીને વધારે નફો મેળવવાનો પ્રયાસ કરે છે. આ ઉપરાંત ઔદ્યોગિક માંદગીનો પ્રશ્ન પણ ખાનગીક્ષેત્રને પણ પડે છે. અહીં આપણે ખાનગીક્ષેત્રની વિગતે ચર્ચા કરીએ.

**7.11.1 ખાનગીક્ષેત્રનો અર્થ :**

×ખાનગીક્ષેત્ર એટલે જે આર્થિક એકમની માલિકી ખાનગી વ્યક્તિઓના હાથમાં હોય તેનું સંચાલન અને મૂડીરોકાણ પણ ખાનગી વ્યક્તિઓનું હોય તેને ખાનગીક્ષેત્રનું એકમ કહેવામાં આવે છે.× દા.ત. વ્યક્તિગત માલિકી, ભાગીદારી પેઢી, કંપની કે સંયુક્ત મૂડીકંપની.

ભારતે આઝાદી બાદની પ્રથમ ઔદ્યોગિક નીતિ 1948 અને દ્વિતીય ઔદ્યોગિક નીતિ 1956 માં મિશ્ર આર્થિક પધ્ધતિ અપનાવી હતી. જે મુજબ ભારતમાં ખાનગી અને જાહેર સાહસનું સહઅસ્તિત્ત્વ જોવા મળે છે. આમ, જે આર્થિક પ્રવૃત્તિના એકમમાં સાધનોની માલિકી, સંચાલન અને અંકુશ ખાનગી વ્યક્તિઓના હાથમાં હોય તો તેને ખાનગી સાહસ કહેવામાં આવે છે.

**7.11.2 ભારતમાં ખાનગીક્ષેત્ર :**

ભારતીય અર્થતંત્રમાં જાહેરક્ષેત્ર અને ખાનગી સાહસોનો વિકાસ જાહેર સાહસના પૂરક ઉદ્યોગ તરીકે કરવાનો છે પરંતુ પંચવર્ષીય યોજનાઓ દરમિયાન જાહેર સાહસોનો વધુને વધુ વિકાસ થતો ગયો તેમ ખાનગી સાહસનું મહત્ત્વ ઘટતું ગયું હતું; પરંતુ જાહેર સાહસોની કેટલીક મર્યાદાઓને કારણે ખાનગીક્ષેત્રનું મહત્ત્વ ખૂબ જ રહેલું છે.

**1) મૂડીરોકાણમાં વધારો :**

ખાનગીક્ષેત્ર દ્વારા ઉત્પાદકીય પ્રવૃત્તિના મૂડીરોકાણમાં વધારો જોવા મળે છે અને આ દ્રષ્ટિએ ખાનગીક્ષેત્રનું મહત્ત્વ ખૂબ જ વધારે છે કારણકે સરકાર કે જાહેરક્ષેત્રનું મૂડીરોકાણ વિવિધ સમાજલક્ષી પ્રવૃત્તિઓ પાછળ ખર્ચવામાં આવે છે. સરકારનો મુખ્ય હેતુ સેવાનો છે. સરકાર સામાજીક સેવાઓ પાછળ ખર્ચને પ્રથમ ક્રમ આપે છે ત્યારબાદ ઉત્પાદકીય પ્રવૃત્તિ તરફ ધ્યાન

આપે છે. આ દ્રષ્ટિએ ખાનગીક્ષેત્રનું મહત્ત્વ વધારે છે. ખાનગીક્ષેત્ર છૂટા હાથે મુક્ત રીતે નફાના હેતથી માત્રને માત્ર ઉત્પાદકીય પ્રવૃત્તિમાં અને ખાસ કરીને વપરાશી વસ્તુઓના ઉત્પાદનમાં રોકાણ કરે છે. જેથી પ્રજાને સરળતાથી વસ્તુઓ મળી રહે છે.

**2) દેશના આર્થિક વિકાસમાં મદદરૂપ :**

ખાનગીક્ષેત્રે નાના પાયાના, મધ્યમ અને મોટા પાયાના ઉદ્યોગોની સંખ્યામાં આ એકમોમાં ઉત્પન્ન થતી ચીજ-વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં અનેકગણો વધારો થયેલો જોવા મળે છે. તૈયાર માલ અને વપરાશી વસ્તુઓના ઉત્પાદનમાં પણ અનેકગણો વધારો થયો છે. જેનાથી દેશના આર્થિક વિકાસમાં વધારો થાય છે કારણકે લોકોને સરળતાથી વસ્તુઓ ઉપલબ્ધ રહે છે. ખાનગીક્ષેત્ર તૈયાર અને વપરાશી વસ્તુઓના ઉત્પાદનમાં મૂડીરોકાણ કરે છે જેનો સીધો લાભ જાહેરક્ષેત્ર અને સરકારને તેના આર્થિક વિકાસમાં મૂડીરોકાણ કરવાની સ્વતંત્રતા રહે છે. જો ખાનગીક્ષેત્ર ન હોત તો જાહેરક્ષેત્રએ જ તૈયાર અને વપરાશી વસ્તુઓ પાછળ પણ મૂડીરોકાણ કરવું પડત જેના પરિણામે દેશના વિકાસ માટે જરૂરી મૂડીરોકાણ ન પણ થાય. આમ, દેશના આર્થિક વિકાસ માટે ખાનગીક્ષેત્રનું મહત્ત્વ રહેલું છે.

**3) આર્થિક આયોજનના લક્ષ્યાંકો પૂર્ણ કરવામાં સહાયરૂપ :**

ગુજરાતીમાં એક કહેવત છે કે તાળી બે હાથે પડે. દેશને આયોજનના લક્ષ્યાંકોને પૂર્ણ કરવા માટે જાહેરક્ષેત્ર અને ખાનગીક્ષેત્ર મદદરૂપ થાય છે. ભારત સરકાર જે આયોજનનું ઘડતર કરે છે તેમાં ખાનગીક્ષેત્રના વિવિધ હેતુઓ અને તેના વિકાસ તથા ખાનગીક્ષેત્ર સાથે સંકળાયેલા પરિબળોને ધ્યાનમાં રાખીને આયોજનનો વિચાર કરે છે. આમ, આર્થિક આયોજનના લક્ષ્યાંકોને પૂર્ણ કરવામાં જાહેર અને ખાનગીક્ષેત્ર ખૂબ જ ઉપયોગી બને છે.

**4) ઔદ્યોગિક માળખામાં વિવિધતા :**

ખાનગીક્ષેત્રના ઉદ્યોગોનો ઉદ્ભવ અને વિકાસ થવાથી ચીજ-વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં પણ વિવિધતા જોવા મળે છે. ખાંડ, સિમેન્ટ, કાપડ, રસાયણ, લોખંડ-પોલાદ, ખાતર, બગીચા, ડેરી, ઈલેકટ્રોનિક્સ વગેરેમાં વિશેષીકરણ પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત વિવિધ પ્રકારના ઉત્પાદનમાં પણ ઝડપી પ્રગતિ કરી છે. કેટલીક કંપની એક સાછે એક કરતાં અનેક વસ્તુઓનુ ઉત્પાદન કરે છે. જાહેરક્ષેત્ર મોટા ભાગે સંરક્ષણ અને કેટલીક પાયાની સુવિધાઓ પાછળ ખર્ચ કરે છે અને તેમાં વિવિધતા ઓછી જોવા મળે છે. જયારે ખાનગીક્ષેત્ર દ્વારા પેદાશમાં વિવિધતા જોવા મળે છે.

**5) આયાત અવેજીકરણ અને નિકાસમાં વધારો :**

ખાનગીક્ષેત્ર દ્વારા ચીજવસ્તુઓનું ઉત્પાદન દેશની સરહદની અંદર જ થતું હોવાથી આપણે સ્વદેશી વસ્તુઓના ઉપભોગથી આપણી જરૂરિયાતો સંતોષી શકીએ છીએ અને તેટલે અંશે આપણે વિદેશમાંથી ચીજ-વસ્તુઓ આયાત કરવી પડતી નથી. જ્યારે દેશમાં લોકોની જરૂરિયાતો પૂર્ણ થઈ જાય છે ત્યારે ખાનગીક્ષેત્રના માલિકો વિદેશમાં આ વસ્તુઓની નિકાસ કરે છે. આમ, નિકાસ કરવાથી વિદેશી હૂંડિયામણ કમાવવામા મદદરૂપ થાય છે. આમ, ભારતની નિકાસોમાં ખાનગીક્ષેત્રનો હિસ્સો મહત્ત્વનો રહ્યો છે. ખાનગીક્ષેત્રના એકમો નિકાસને ઉત્તેજન આપે છે.

**6) નાના એકમોનો ઝડપી વિકાસ :**

નાના એકમો ઓછા મૂડીપ્રધાન અને વધારે રોજગારીપ્રધાન હોય છે. આ પ્રકારના ઉદ્યોગો ઉત્પાદન, આવક, રોજગારી, નિકાસ, વપરાશી વસ્તુના ઉત્પાદન વિવિધતા ધરાવતી વસ્તુનું ઉત્પાદન દેશના લોકોની જરૂરિયાતો સંતોષવામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સાથે-સાથે નાના એકમો મોટા ઔદ્યોગિક એકમોના પૂરક બનીને સમગ્ર ઉદ્યોગક્ષેત્રના વિકાસમાં મદદરૂપ થાય છે.

આમ, આ ઉપરાંત પણ અનેક રીતે ખાનગીક્ષેત્ર દેશના વિકાસમાં આગવું સ્થાન ધરાવે છે. રોજગારી વધારવામાં, સામાજીક - આર્થિક સેવાઓના વિકાસ કરવામાં પણ ખાનગીક્ષેત્ર ઉપયોગી છે. દેશના આર્થિક વિકાસ માટે માત્ર ખાનગીક્ષેત્ર પર જ આધાર રાખવો શક્ય નથી કે માત્ર જાહેરક્ષેત્ર પર પણ આધાર રાખવો શક્ય નથી. પરંતુ દેશના આર્થિક વિકાસ માટે બંને એકબીજાના પૂરક બનીને કામ કરે તે ખૂબ જરૂરી છે. આર્થિક વિકાસ વધારવા માટે તેમજ આર્થિક વિકાસના ચક્રને ગતિમાન રાખવા માટે તથા દેશમાં ગરીબી, બેકારી દૂર કરવાની દ્રષ્ટિએ પણ ખાનગીક્ષેત્રનું મહત્ત્વ ખૂબ જ છે.

**7.11.3 નાના એકમોનો ઝડપી વિકાસ :**

ભારતના આર્થિક વિકાસમાં ખાનગીક્ષેત્રનું આગવું મહત્ત્વ છે તેમ છતાં ભારતીય અર્થતંત્રમાં ખાનગીક્ષેત્રની કેટલીક પાયાની મર્યાદાઓ રહેલી છે જે દેશના વિકાસમાં અવરોધરૂપ બને છે. જેની સમજૂતીનીચે મુજબ છે.

**1) નિમ્ન ગુણવત્તાવાળી વસ્તુઓ :**

ખાનગી સાહસો નફાના હેતુથી કાર્ય કરે છે. તેથી તેઓ જે કંઈ પણ ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે તેમાં ભેળસેળ જોવા મળે છે. આ ઉપરાંત ખાનગીક્ષેત્ર દ્વારા જે વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ કરવામાં આવે છે તે વસ્તુઓ બરછટ પ્રકારની હલકી ગુણવત્તાવાળી વસ્તુઓ હોય છે. આવી વસ્તુઓની ગુણવત્તા કેટલીક વાર અપાતી વસ્તુઓની ગુણવત્તાની સરખામણીમાં ઘણી ઉતરતી કક્ષાની હોય છે.

**2) પ્રાદેશિક અસમાનતા દૂર કરવામાં નિષ્ફળ :**

ખાનગીક્ષેત્ર પાસે એક એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે તેઓ અલ્પવિકસિત અને વિકસતા પ્રદેશમાં ખાનગીક્ષેત્ર પોતાનું આર્થિક એકમ સ્થાપીને જે તે પ્રદેશોનો વિકાસ સારો થાય પરંતુ ખાનગીક્ષેત્રનો મોટા ભાગે વિકાસ જે પ્રદેશમાં સારો વિકાસ થયો છે ત્યાં જ થયો છે. બાકીના પછાત પ્રદેશો હજુ પણ પછાત જ જોવા મળે છે. આમ, પ્રાદેશિક અસમાન દૂર કરવામાં ખાનગીક્ષેત્ર નિષ્ફળ બન્યા છે.

**3) ખાનગીક્ષેત્રને પ્રાપ્ત થતાં ધિરાણની સમસ્યા :**

સામાન્ય રીતે પ્રજાની એવી વિચારસરણી રહી છે કે પ્રજા પોતાના પૈસા સરકારી ક્ષેત્રમાં શેર, મૂડી, ડિબેન્ચર વગેરે રીતે રોકે છે કારણકે તેને સરકારમાં વિશ્વાસ છે. વળી વિવિધ સરકારી બેંકો અને વિવિધ નાણાંકીય સંસ્થાઓ પણ ખાનગીક્ષેત્રની સરખામણીમાં જાહેરક્ષેત્રને વધુ ધિરાણ આપે છે. આમ, ખાનગીક્ષેત્ર એ પ્રજાની બચતોને આકર્ષવામાં અને મેળવવામાં નિષ્ફળ નિવડી છે. તથા ખાનગીક્ષેત્ર પાસે પોતાની મૂડી પણ ઓછી છે.

**4) ઔદ્યોગિક માંદગી :**

સરકાર દ્વારા ઘણીવાર લગભગ મોટે ભાગે આઝાદીથી જ વિવિધ પ્રકારના પ્રતિબંધ લાદવામાં આવેલાં હતાં જેથી ઉદ્યોગોનો યોગ્ય વિકાસ થતો નથી. સરકાર દ્વારા ખાનગીક્ષેત્ર સ્પર્ધામાં ટકી શકે તેવી કોઈ પરિસ્થિતિ નિર્માણ કરવામાં આવ્યું ન હતું. સરકાર દ્વારા આયાત જકાત, આયાત પરવાના, આયાત પરિમાણ, નિકાસ પરવાનગી, લાયસન્સ પ્રથા, સંકુચિત નાણાંકીય નીતિ વગેરે પરિબળોને કારણે ઉદ્યોગોના નફામાં વધારો કરી શકાય તેમ નથી. આમ, તેનો ખૂબ જ નજીવો નફો કે લાંબાગાળે સતત ખોટ સહન કરતા હોય છે. જેને આપણે માંદા ઔદ્યોગિક એકમ તરીકે ઓળખીએ છીએ. આમ, ખાનગીક્ષેત્રની આ પણ એક મુખ્ય મર્યાદા છે.

ઉપરોક્ત મુખ્ય ચાર મર્યાદાઓ હોવા છતાં ખાનગીક્ષેત્રમાં લઘુઉદ્યોગોનો પૂરતો વિકાસ થયો નથી. તેમના વહીવટમાં ગેરવહીવટ તથા ખાનગીઉદ્યોગો જોખમો ઉપાડવામાં નિષ્ફળ નિવડ્યા છે. આમ, ખાનગીક્ષેત્રની મર્યાદાઓ હોવા છતાં તેને અવગણી શકાય તેમ નથી.

### 7.11.4 ખાનગીક્ષેત્રના વિકાસ માટે સરકારે લીધેલાં પગલાં :

સરકાર દ્વારા 1973 માં સરકારે જાહેર અને ખાનગીક્ષેત્રના ×સંયુક્ત ક્ષેત્ર× નો નવો ખ્યાલ પણ સક્રિય બનાવ્યો હતો. સરકારનું હંમેશા ખાનગીક્ષેત્રના વિકાસ માટેનું સક્રિય વલણ રહ્યું છે. આયોજનગાળા દરમિયાન સરકાર દ્વારા પણ ખાનગીક્ષેત્રના વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. સરકાર દ્વારા આંતર માળખાંના વિકાસ દ્વારા પણ ખાનગીક્ષેત્રના વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. સરકાર દ્વારા ખાનગીક્ષેત્રના વિકાસ માટે હકારાત્મક નીતિ અપનાવવામાં આવી છે. ખાનગીક્ષેત્રના આર્થિક એકમોને સરળતાથી મૂડી પ્રાપ્ત થાય તે ×ઈન્ડિયન ઈન્વેસ્ટમેન્ટ સેન્ટર×ની સ્થાપના કરી છે. વિવિધ રાષ્ટ્રિયકૃત બેંકોએ નાના એકમોને ધિરાણની અગ્રતા આપવામાં આવે છે. સરકાર દ્વારા વિવિધ સબસીડી આપવામાં આવે છે. સરકાર દ્વારા સમયાંતરે વિવિધ વર્કશોપ, સેમિનાર દ્વારા માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે. આમ, ભારત સરકારે આયોજનગાળા દરમિયાન ખાનગીક્ષેત્રના વિકાસ માટે સારા પગલાં લેવામાં આવ્યા છે. જેથી ક્રમશઃ સમય જતાં ખાનગી ક્ષેત્રનો વિકાસ ધીમે-ધીમે થયેલો જોવા મળે છે.

**★ ભારતીય અર્થતંત્રના અગત્યના ઉદ્યોગો :**

અહીં, આપણે ભારતીય અર્થતંત્રને આર્થિક વિકાસમાં મદદરૂપ થાય તે રીતે અગત્યના ઉદ્યોગો વિશેની માહિતી મેળવીશું. ભારતીય અર્થતંત્રમાં મહત્ત્વના ઉદ્યોગોના સંદર્ભમાં જોઈએ તો સૂતરાઉ કાપડ, ખાંડ ઉદ્યોગ, શણ ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ, કોલસા ઉદ્યોગ, કાગળ ઉદ્યોગ, લોખંડ ઉદ્યોગ, પોલાદ ઉદ્યોગ, રસાયણ ઉદ્યોગ, ઈજનેરી ઉદ્યોગ વગેરે છે. જેના વિશે આપણે વિગતે ચર્ચા કરીએ.

**1) સુતરાઉ કાપડ ઉદ્યોગ :**

ભારતમાં સુતરાઉ કાપડનો ઉદ્યોગ પ્રાચીન સમયથી જ મહાન અને ખૂબ જ વિશાળ ઉદ્યોગ છે. ભારત વિશે એવું કહેવાય છે કે કપાસના ઉત્પાદનની બાબતમાં ભારત વિશ્વમાં અમેરિકા, રશિયા અને ચીન પછી ચોથું સ્થાન ધરાવે છે. ભારતમાં મુખ્યત્ત્વે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં આ પ્રકારના ઉદ્યોગોનો વિકાસ ખુબ જ સારો થયો છે. આ સિવાય કેરલા, બિહાર, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, તામિલનાડુ અને ઉત્તરપ્રદેશમાં આ ઉદ્યોગોનો વિકાસ થયો છે. આવા ઉદ્યોગો દેશના ઔદ્યોગિક વિકાસમાં, નિકાસ કમાણીમાં, રોજગારીની દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પરંતુ આ ઉદ્યોગોના વિકાસને પણ કેટલાંક પ્રશ્નો નડે છે. જેમ કે કાચામાલનો પ્રશ્ન, ઉત્પાદન ખર્ચ વધુ આવે છે, નફો ઘટે છે, નાણાંકીય પ્રશ્નના કારણે પણ ઘણી મિલો બંધ પડી છે.

**2) શણ ઉદ્યોગ :**

ભારતમાં ખાસ કરીને પૂર્વ વિસ્તારમાં શણ ઉદ્યોગ આર્થિક વિકાસની દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વની કામગીરી કરે છે. દેશના આર્થિક વિકાસ ઉપરાંત નિકાસ કમાણી અને રોજગારીની દ્રષ્ટિએ ઘણું મહત્ત્વનું બને છે. ભારતમાં શણની પહેલી મીલ ઈ.સ.1885 માં પ.બંગાળમાં સ્થપાઈ હતી. આઝાદી સમયે ભારત અને પાકિસ્તાનના વિભાજનની સૌથી વધારે અસર શણ ઉદ્યોગોને થાય છે. વિભાજન થવાથી 75% જેટલો શણ ઉત્પન્ન કરતો વિસ્તાર પાકિસ્તાનમાં ચાલી ગયો હતો. આ ઉદ્યોગોને કાચોમાલ, જૂની મશિનરી અને ઉત્પાદન પધ્ધતિના પ્રશ્નો તો હયાત જોવા મળે છે.

**3) ખાંડ ઉદ્યોગ :**

રોજગારી આપવાની દ્રષ્ટિએ ભારતમાં ખાંડ ઉદ્યોગનું મહત્ત્વ ખૂબ જ વધારે જોવા મળે છે. ખાંડ ઉદ્યોગની આડ પેદાશોમાંથી પણ ઘણું મૂલ્ય પ્રાપ્ત થાય છે. જેમાં મુખ્યત્ત્વે આલ્કોહોલ, પ્લાસ્ટિક, ફાઈબર બોર્ડ વગેરે વસ્તુ બનાવવામાં તેનો ઉપયોગ થાય છે. વિદેશ વેપારમાં પણ ભારતમાં ખાંડ ઉદ્યોગ મહત્ત્વના છે. દેશનો મહત્ત્વનો વપરાશી ઉદ્યોગ છે. પરંતુ એ પણ વાતનું મહત્ત્વનું છે કે જ્યાં શેરડીનું વધુ ઉત્પાદન થાય છે ત્યાં જ આ ઉદ્યોગો વિકસે છે. આ ઉદ્યોગોમાં વિજળીનો પ્રશ્ન નડતો નથી કારણકે ખાંડની મિલોની આડપેદાશો બાયોગેસ ઉત્પન્ન

કરે છે જેનો ખાંડ ઉદ્યોગ વપરાશ કરે છે. ખાંડ ઉદ્યોગ મુખ્યત્વે ઉત્તર ભારતના મુઝફ્ફરનગર, મુરાદાબાદ, રામપુર, બહેરિન, બિજનૌવ વગેરે જીલ્લાઓમાં ખૂબ જ વધારે વિકાસ પામ્યો છે. આ ઉપરાંત મહારાષ્ટ્ર, બિહાર અને આંધ્રપ્રદેશમાં પૂર્વકાંઠાવાળા વિસ્તારોમાં અને તેમાં પણ ઉત્તરપ્રદેશ અને બિહારમાં આ ઉદ્યોગોનો વિકાસ થાય છે. આ સાથે-સાથે ભારતમાં આવી મિલોની સમસ્યાઓ પણ છે. ભારતની મોટા ભાગની ખાંડ મીલો જૂની અને ન ચાલે તેવી છે, તેની ઉત્પાદનક્ષમતા ઓછી છે. ખોટ વધુ છે. આ સાથે-સાથે વધુ વળતર, વપરાશનીચી, ઉચ્ચ યોગ્ય લાયકાત ધરાવતા કર્મચારીના પ્રશ્નો આ ઉદ્યોગ ધરાવે છે. કરવેરાનું પ્રમાણ પણ વધારે અને ઊંચું જોવા મળે છે.

**4) રસાયણ ઉદ્યોગ :**

ભારતમાં રસાયણ ઉદ્યોગનું ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભારતમાં ખેતીક્ષેત્રે જંતુનાશક દવાઓનો છંટકાવ કરવા રસાયણ, સંરક્ષણ ક્ષેત્રે તથા દવાઓના ઉત્પાદનમાં આ ઉદ્યોગ આગવું સ્થાન ધરાવે છે. આ ઉદ્યોગો લોકોને વધુ રોજગારી આપે છે. રસાયણ ઉદ્યોગમાં વર્તમાન સમયે રિલાયન્સ કંપનીની કામગીરી નોંધનીય રહી છે. આ ઉપરાંત લગભગ છેલ્લા બે દાયકાથી રસાયણ આધારિત ઉદ્યોગો પણ વિકસ્યા છે. ઈજનેરી એકમો, પ્લાસ્ટિક એકમો, વગેરે તથા ડ્રગ્સ અને ફાર્માસ્યુટિકલ રસાયણ ઉદ્યોગનું જ એક ક્ષેત્ર છે અને તેનો પણ સારો એવો વિકાસ થયો છે.

**5) લોખંડ અને પોલાદ ઉદ્યોગ :**

અન્ય ઉદ્યોગોના વિકાસની દ્રષ્ટિએ ભારતમાં લોખંડ અને પોલાદના ઉદ્યોગોનું ભારતીય અર્થતંત્રમાં ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભારતમાં લોખંડ અને પોલાદના ઉદ્યોગોને ચાવીરૂપ ઉદ્યોગ ગણવામાં આવે છે. ભારતમાં 1994 માં ભારત આ ક્ષેત્રમાં વિશ્વમાં આઠમું સ્થાન ધરાવતું હતું. આ ઉદ્યોગમાં ધ ટાટા આર્યન એન્ડ સ્ટીલ કંપની એ સ્ટીલ ક્ષેત્રની મોટામાં મોટી કંપની છે, જે જમશેદપુરમાં આવેલી છે. આ ઉપરાંત મૈસુર, કર્ણાટક, બિહાર જેવાં રાજ્યોમાં પણ તથા ઓરિસ્સા, મધ્યપ્રદેશ જેવાં રાજ્યોમાં પણ આ ઉદ્યોગના એકમો આવેલા છે. આ ઉદ્યોગ મહત્ત્વનો હોવા છતાં તેને પણ કાચા માલના સરકારી - નિયંત્રણો અને ભાવ નીતિના ટેકનીકલ પ્રશ્નો જોવા મળે છે.

**6) ઈજનેરી ઉદ્યોગ :**

ઈજનેરી ઉદ્યોગ એ વિશિષ્ટ ઉદ્યોગોનો સમૂહ છે. ભારતમાં ઔદ્યોગિકીકરણની સાથે ઈજનેરી ઉદ્યોગનો વિકાસ દેશમાં થયો છે. જેમાં મશિનટૂલ્સ, વાહનવ્યવહાર, ખેતીના સાધનો, યંત્રો, સમારકામયંત્રો, બાંધકામના સાધનો વગેરે પ્રકારની પેદાશોનો ઈજનેરી ઉદ્યોગમાં સમાવેશ થાય છે. ભારતમાં આવેલા 1991 ના આર્થિક સુધારા પછી 1992, 93, 94 દરમિયાન ઉદ્યોગોનો વિકાસ થયો ન હતો. પરંતુ પછીથી તેનો વિકાસ થયો હતો. આ ઉદ્યોગોના વિકાસ સાથે પર્યાવરણ અને કાચામાલના કેટલાંક પ્રશ્નો તો છે જ તેમ છતાં તેનું મહત્ત્વ પણ તેટલું જ છે.

**7) સિમેન્ટ ઉદ્યોગ :**

ભારતના આર્થિક વિકાસમાં ચાવીરૂપ ગણાતા ઉદ્યોગોમાં સિમેન્ટ ઉદ્યોગનું આગવું મહત્ત્વ રહેલું છે. સામાન્ય રીતે સિમેન્ટ ઉદ્યોગનો વિકાસ દરેક સ્થળે થઈ શકે તેમ નથી. જ્યાં કાચો માલ સરળતાથી પ્રાપ્ત થતો હોય તેવાં જ સ્થળે સિમેન્ટ ઉદ્યોગ વિકસે છે. સિમેન્ટ બનાવવા માટે ચૂનાના પથ્થરો, ચોકની વધારે જરૂરિયાત રહે છે. ભારતમાં પશ્ચિમ બંગાળ સિવાય લગભગ બધાં જ રાજ્યમાં સિમેન્ટ ઉદ્યોગનો વિકાસ થયો છે. તેમ છતાં તામિલનાડું, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, ગુજરાત અને કર્ણાટક રાજ્યોમાં આ પ્રકારનો ઉદ્યોગ ખૂબ જ સારો વિકસ્યો છે. ડેમ, કેનાલ, મોટા ઔદ્યોગિક એકમો નજીક પણ સિમેન્ટ ઉદ્યોગના એકમો સ્થપાયેલા જોઈ શકાય છે. આ ઉદ્યોગને જો કોઈ પાયાનો પ્રશ્ન નડતો હોય તો તે છે કાચો માલ. સિમેન્ટ માટે

ચૂનાના પથ્થરો, માટી, ચૂનો, ચોક, ચિરોડી, કોલસા વગેરેની જરૂર પડે છે. કોલસાની પ્રાપ્તિની સમસ્યા વધારે છે તથા તેનું પરિવહન ખર્ચ પણ વધારે આવે છે. ચિરોડી પણ રાજસ્થાનથી લાવવું પડે છે. ભારતમાં પૂર્વ અને ઉત્તરના રાજયોમાં આ ઉદ્યોગનો વિકાસ નહિવત્ છે. જયારે પશ્ચિમ અને દક્ષિણ ભારતના રાજ્યોમાં આવા સિમેન્ટનો ખૂબ જ વિકાસ થયો છે. પરંતુ જયાં સિમેન્ટ ઉદ્યોગનો વિકાસ ઓછો છે ત્યાં સિમેન્ટની માંગ વધારે જોવા મળે છે. આ ઉદ્યોગને વાહનવ્યવહારનો, નાણાંનો, પેકિંગનો, પર્યાવરણનો, સંચાલનનો અને હરિફાઈ વગેરેનો પ્રશ્ન નડે છે.

**8) કાગળ ઉદ્યોગ :**

આઝાદી બાદ ભારતમાં 1951 થી કાગળ ઉદ્યોગનો ઘણો સારો એવો વિકાસ થયો છે. વિશ્વમાં આજે ભારત કાગળના ઉત્પાદનમાં 20 મું સ્થાન ધરાવે છે. ભારતમાં કાગળ ઉદ્યોગને મુખ્યત્ત્વે ત્રણ વિભાગમાં વિભાજીત કરવામાં આવે છે.

- ન્યૂઝ પ્રિન્ટ કે જે છાપાંઓ માટેના કાગળનું ઉત્પાદન કરે છે.

- સ્ટે બોર્ડ બીજા બોર્ડઝ જે વિશિષ્ટ પ્રકારના કાગદી પેદાશોનું ઉત્પાદન કરે છે.

- પેપર અને પેપર બોર્ડ જે લખવાના અને છાપવાના કાગળ અને વિશિષ્ટ પ્રકારની જાતવાળા કાગળ અને પેપર બોર્ડનું ઉત્પાદન કરે છે.

કાગળ ઉદ્યોગની સૌ પ્રથમ સ્થાપના હુગલી નદીના કિનારે થઈ હતી. તે સમયે એક પ્રકારના ઘાસનો તેમાં કાચા માલ તરીકે ઉપયોગ થતો હતો જે કાચો માલ ઉત્તર પ્રદેશ પંજાબ અને બિહારમાંથી મંગાવવામાં આવતું હતું. કોલસાની મોટા પ્રમાણમાં પ્રાપ્તિ આજે પણ હુગલી નદીને કિનારે વિકસ્યો છે કારણકે અહીં, તૈયાર પેદાશોના બજારોનું મોટું ઉત્પાદન થાય છે. સમય જતાં કાચા માલ તરીકે બાંબુનો ઉપયોગ થતાં જ્યાં બાંબુ સરળતાથી પ્રાપ્ત થતાં હતા ત્યાં પણ આ ઉદ્યોગ વિકસ્યો હતો. કલકત્તાની આજુબાજુ આવેલી નાની મિલો સ્થાનિક કાગળનો કચરો અને આયાતી કાગળના માલમાંથી કાગળ બને છે.

સામાન્ય રીતે 50,000 હજાર ટન કરતાં વધુ ક્ષમતા ધરાવે છે તેને મોટી મિલો કહેવામાં આવે છે. જયારે નાની મિલો 1,000 હજાર ટનનું ઉત્પાદન કરે તેને નાની મિલો કહે છે. 15 હજાર ટનની ક્ષમતાને આદર્શ કદ ગણવામાં આવે છે. ભારતમાં 80% જેટલી કાગળની મિલો બાંબુમાંથી કાગળ બનાવે છે, અને તેના વૃક્ષો ઓરિસ્સા મ.પ્ર., આસામ, નાગાલેન્ડ, મણિપુર અને ત્રિપુરામાં તેનો પૂર્ણ વપરાશ થાય છે. કાગળ ઉદ્યોગોમાં ઊર્જા અને યંત્રોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં નવા આધુનિક યંત્રો ઘણા મોંઘા હોય છે.

**9) કોલસા ઉદ્યોગ :**

દેશની 80% જેટલી ઊર્જા કોલસામાંથી પ્રાપ્ત થાય છે. આમ, ખાણ અને ખનીજ ઉદ્યોગમાં કોલસો મુખ્ય ઉદ્યોગ ગણાય છે. ભારતમાં કોલસાનો ઉદ્યોગ એ પાયાનો અને ચાવીરૂપ ઉદ્યોગ ગણાય છે કારણકે ભારતના મોટાભાગના ઉદ્યોગો કોલસાનો ઊર્જા તરીકે ઉપયોગ કરે છે અને લગભગ મોટાભાગના ઉદ્યોગો કોલસા ઉપર જ આધાર રાખે છે. કોલસાની મુખ્ય આડ પેદાશોમાં પણ વિશેષ રીતે ઉપયોગી બને છે.

કોલસો ભારતમાં મુખ્યત્ત્વે ઓરિસ્સા, બિહાર, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભારતના તામિલનાડુ, રાજસ્થાન અને કાશ્મીરમાં પણ કોલસાના ઉદ્યોગ આવેલા છે.

♦ ભારતમાં જાહેરક્ષેત્રના સંગઠિત એકમ તરીકે 'The National Coal Development Corporation' કામ કરે છે. એક એવો પણ અંદાજ છે કે ભારતમાં 100 વર્ષ ચાલે તેટલો કોલસાનો જથ્થો છે. અન્ય ઉદ્યોગને જે પ્રશ્નો નડે છે તેવી રીતે કોલસાના ઉદ્યોગને પણ પ્રશ્નો નડે છે. જેમાં વાહનવ્યવહારનો પ્રશ્ન મુખ્ય છે. કોલસો પ્રાપ્ત કરવાની પધ્ધતિ પણ જૂની છે. કોલસાને

અકસ્માતો પણ ઘણા બધા નડે છે. કોલસાના ભાવોનો પણ મુખ્ય પ્રશ્ન છે. ભારત સરકારે 1971 માં 214 કોલસાની ખાણોનું રાષ્ટ્રિયકરણ કર્યું હતું. પરંતુ આ કોલસાની કામગીરી ઘણી નબળી છે.

- આમ, અહી આપણે ભારતીય અર્થતંત્રના પાયાના અને ચાવીરૂપ ગણાતા વિવિધ ઉદ્યોગોની કેટલીક જરૂરી માહિતી મેળવી છે. જે ઉદ્યોગો દેશના આર્થિક વિકાસમાં મદદરૂપ થાય છે તે ઉદ્યોગની માહિતી બાદ હવે આપણે ઉપયોગમાં આવતી વસ્તુઓ વિશેની ટૂંકમાં જ માહિતી મેળવીએ.

## 7.13 ઉત્પાદન થતી વસ્તુઓના આધારિત ઉદ્યોગો :

અર્થતંત્રમાં વિવિધ પ્રકારની ચીજ-વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે. જેમાં કેટલીક વસ્તુઓ ક્યારેક જ ઉપયોગમાં આવતી હોય છે. કેટલીક વસ્તુઓ બીજા ઉદ્યોગ માટે કાચો માલ તરીકે વપરાય છે. કેટલીક વસ્તુઓ પાયાની વસ્તુઓ તરીકે વપરાય છે જે વિશે ટૂંકમાં પરિચયનીચે મુજબ મેળવીએ.

### 7.13.1 પાયાની વસ્તુઓના ઉદ્યોગો :

ખાણ ઉદ્યોગ, સિમેન્ટ, લોખંડ, પોલાદ, રાસાયણિક ખાતર વગેરેનું ઉત્પાદન કરતાંમ ઉદ્યોગોને પાયાના ઉદ્યોગ તરીકે ઓળખવામાં આવે છે કારણ કે આ ઉદ્યોગો વગર દેશના અન્ય ઉદ્યોગોનો વિકાસ શક્ય નથી. દેશમાં આવેલા અન્ય ઉદ્યોગોનો આધાર આ જ પ્રકારના ઉદ્યોગો પર રહેલો છે. આમ, કહી શકાય કે, 'જે ઉદ્યોગોમાં ઉત્પન્ન થતી વસ્તુઓ એ બીજા અન્ય ઉદ્યોગોમાં અને ખાસ કરીને મૂડી સર્જક ઉદ્યોગોમાં મુખ્ય નિક્ષેપ તરીકે વપરાય છે તેને પાયાના ઉદ્યોગ તરીકે જાણવામાં આવે છે.' કારણકે અન્ય તમામ ઉદ્યોગોનો આધાર પાયાની વસ્તુના ઉદ્યોગોનો વિકાસ યોગ્ય ન થાય તો દેશમાં આવેલા બીજા અન્ય ઉદ્યોગોનો વિકાસ શક્ય બનતો નથી. આમ, પાયાના ઉદ્યોગોનું અર્થતંત્રમાં ખૂબ જ મહત્ત્વ રહેલું છે.

### 7.13.2 વચગાળાની વસ્તુઓના ઉદ્યોગો :

કોઈ એક ઉદ્યોગમાં ઉત્પન્ન થતી વસ્તુઓને યંત્રોની મદદથી તેને કોઈ ચોક્કસ સ્વરૂપ આપીને અન્ય ઉદ્યોગમાં કાચામાલ તરીકે લેવામાં આવે તો તેને વચગાળાની વસ્તુઓના ઉદ્યોગ કે મધ્યવર્તી ઉદ્યોગ તરીકે ઓળખવામાં આવે છે.

દા.ત. રૂ માંથી સૂતર બનાવીને કાપડ માટે કાચામાલના રૂપમાં કામ કરે છે.

### 7.13.3 મૂડી વસ્તુઓના ઉદ્યોગો :

જો સામાન્ય ભાષામાં કહીએ તો જે ઉદ્યોગોમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થતો હોય, મોટા પાયા પર મૂડીરોકાણ થતું હોય અને વિપુલ પ્રમાણમાં ચીજ-વસ્તુઓનું ઉત્પાદન થતું હોય તેને મૂડી વસ્તુના ઉદ્યોગો કહેવામાં આવે છે. આ ઉદ્યોગોમાં ઉત્પાદનપ્રક્રિયા ખૂબ જ લાંબા ગાળાની હોય છે. ખાસ કરીને આ પ્રકારના ઉદ્યોગોમાં મૂડીરોકાણ પર જે કંઈ પણ વળતર મળે છે તે અનિશ્ચિત હોય છે. ભારતમાં આ પ્રકારના ઉદ્યોગોમાં મૂડીરોકાણ ખાનગીક્ષેત્ર કરતાં જાહેર ક્ષેત્રનું વધારે હોય છે.

### 7.13.4 ગ્રાહકલક્ષી વસ્તુઓના ઉદ્યોગો :

વસ્તુઓનો વપરાશ ગ્રાહક પ્રત્યક્ષ રીતે વપરાશ કરતો હોય તેવી વસ્તુઓનું ઉત્પાદન કરતાં ઉદ્યોગોને ગ્રાહકલક્ષી વસ્તુઓના ઉદ્યોગો કહેવામાં આવે છે. જે ઉદ્યોગના ઉત્પાદનનો અંતિમ વપરાશ માટે ઉપયોગ કરવામાં આવે છે તેને ગ્રાહકલક્ષી વસ્તુઓના ઉદ્યોગ કહેવામાં આવે છે. જેના બે પ્રકાર પડે છે.

1) ટકાઉ વસ્તુઓના ઉદ્યોગો

2) બિનટકાઉ વસ્તુઓના ઉદ્યોગો

1) **ટકાઉ વસ્તુઓના ઉદ્યોગો :** જે વસ્તુઓ લાંબા સમય સુધી ઉપયોગમાં લેવામાં આવતી હોય તેવી વસ્તુઓને ટકાઉ વસ્તુઓ કહેવામાં આવે છે. દા.ત. ટી.વી., ફ્રિઝ, એ.સી., બાઈક,

કાર, પંખો, લાઈટ વગેરે. આવી વસ્તુઓ ઉત્પાદન કરતાં ઉદ્યોગોને ટકાઉ વસ્તુઓના ઉદ્યોગો કહેવામાં આવે છે.

2) **બિનટકાઉ વસ્તુઓના ઉદ્યોગો :** જે વસ્તુઓ સમયના ટૂંકાગાળામાં ઉપયોગ કરતાં નાશ પામે છે તથા ઉપયોગ ન કરતાં પણ વસ્તુ બગડી જાય છે તેવી વસ્તુઓને બિનટકાઉ વસ્તુઓ કહેવામાં આવે છે. દા.ત. બ્રેડ, માખણ, સાબુ, દૂધ, દહીં વગેરે આવી વસ્તુઓના ઉત્પાદન કરતાં ઉદ્યોગોને બિનટકાઉ વસ્તુઓના ઉદ્યોગો કહેવામાં આવે છે.

- ગ્રાહકલક્ષી વસ્તુઓનો વપરાશ વધારે થતો હોવાથી ખાનગી ઉત્પાદકો આવી વસ્તુઓનું ઉત્પાદન વધારે કરે છે. ગ્રાહકલક્ષી વસ્તુઓનો વપરાશનો ઉદ્યોગ ઓછા મૂડીરોકાણથી શરૂ કરી શકાય છે.
- આમ, આ સમગ્ર પ્રકરણમાં આપણે વિવિધ પ્રકારના ઉદ્યોગોના લક્ષણો, મહત્ત્વ અને મર્યાદાઓ વિશે ટૂંકમાં પરિચય મેળવ્યો છે. આ પછીના પ્રકરણમાં આપણે ભારતમાં ઔદ્યોગિક વિકાસ માટે સરકારે બનાવેલી વિવિધ ઔદ્યોગિક નીતિનો અભ્યાસ કરીશું.

## 7.14 શબ્દાવલી :

| | | |
|---|---|---|
| **પેઢી** | : | વસ્તુ કે સેવાનું ઉત્પાદન કે વેચાણ કરતું કોઈ એક આર્થિક એકમ |
| **ઉદ્યોગ** | : | એકસરખી વસ્તુઓનું ઉત્પાદન કરતી પેઢીઓનો સમૂહ |
| **ઉદ્યોગ નીતિ** | : | દેશના ઔદ્યોગિક વિકાસ માટે બનાવેલ નિયમોનો સમૂહ |
| **આર્થિક પ્રગતિ** | : | માથાદીઠ આવકમાં થતો વધારો એ આર્થિક પ્રગતિ છે. |
| **આર્થિક વૃધ્ધિ** | : | રાષ્ટ્રિય આવકમાં વધારાનો દર / ચીજવસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદનના પ્રમાણમાં થતો વધારો. |
| **આર્થિક વિકાસ** | : | આર્થિક વિકાસ એ બહુપરિમાણીય ઘટના છે. |
| **નાણાંકીય નીતિ** | : | દેશની મધ્યસ્થ બેંક દ્વારા નાણાંના પુરવઠાને નિયંત્રણમાં રાખવા અંગેની નીતિને નાણાંકીય નીતિ કહેવામાં આવે છે. |
| **ફુગાવો** | : | ચીજ વસ્તુઓ અને સેવાઓની કિંમતમાં થતા સતત અને સર્વગ્રાહી ભાવવધારાને ફુગાવો કહેવામાં આવે છે. |
| **ગરીબી** | : | જ્યારે સમાજનો મોટો વર્ગ પોતાની લઘુત્તમ જીવનજરૂરિયાતોને સંતોષી ન શકે તેવી સ્થિતિને ગરીબી કહેવામાં આવે છે. |
| **જાહેર ક્ષેત્ર** | : | ઉત્પાદન એકમની માલિકી, મૂડીરોકાણ અંકુશ વહીવટ સરકાર હસ્તક હોય તેવા એકમો. |
| **ખાનગીક્ષેત્ર** | : | ઉત્પાદન એકમની માલિકી, મૂડીરોકાણ અંકુશ વહીવટ કોઈ ખાનગી વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહની હોય તેવા એકમો. |

**શ્રમપ્રધાન ઉત્પાદન પધ્ધતિ :** ચીજવસ્તુના ઉત્પાદનકાર્યની પધ્ધતિમાં મૂડીના એકમો કરતા શ્રમના એકમો વધારે હોય તેવી ઉત્પાદન પધ્ધતિ.

**મૂડીપ્રધાન ઉત્પાદન પધ્ધતિ :** ચીજવસ્તુના ઉત્પાદનકાર્યની પધ્ધતિમાં શ્રમના એકમો કરતા મૂડીના એકમો વધારે હોય તેવી ઉત્પાદન પધ્ધતિ.

**વિકાસલક્ષી આયાતો:** દેશમાં વિકાસની પ્રક્રિયા વધારવા માટે વિકસતા દેશો કે અલ્પવિકસિત દેશો દ્વારા થતી ટેકનોલોજી, મૂડી વગેરેની આયાતો.

**સમતોલ આર્થિક વિકાસ** : જ્યારે દેશના તમામ ક્ષેત્રોનો એકસરખો વિકાસ થાય ત્યારે તેને સમતોલ આર્થિક વિકાસ કહેવાય

**તમારી પ્રગતિ ચકાસો**

**7.15 ખરાં - ખોટા લખો :**

1) સંસ્થાનવાદી સરકારને ઉદ્યોગ અને ખેતીના વિકાસમાં રસ હતો.
2) ગાંધીવાદી મત મુજબ નાના પાયાના ઉદ્યોગને સ્વાવલંબનની તરફેણ કરવામાં આવી હતી.
3) ભારતમાં મિશ્ર અર્થતંત્ર માટે મધ્યસ્થ આયોજનના ખ્યાલના અપનાવવામાં આવ્યું હતું.
4) પ્રાચીન સમયમાં ભારતમાં સેવા ક્ષેત્રનો વિકાસ થયો હતો.
5) પ્રાચીન સમયમાં ભારત પ્રવાસે આવનાર પ્રવાસી યુ.એન. સંગ જાપાન દેશના હતા.
6) ભારતમાં અંગ્રેજોએ 'ઈસ્ટ ઈન્ડિયા કંપની'ની સ્થાપના કરી હતી.
7) 'રાષ્ટ્રિય કૌશલ્ય વિકાસ મિશન' કાર્યક્રમમાં ખેતીક્ષેત્રનો સમાવેશ થાય છે.
8) 'રાષ્ટ્રિય કૌશલ્ય વિકાસ મિશન' કાર્યક્રમની દરખાસ્ત દસમી યોજનામાં થઈ હતી.
9) માલિકીની રીતે ઉદ્યોગોના વર્ગીકરણના ત્રણ પ્રકાર પડે છે.
10) ગૃહ ઉદ્યોગને કુટિર ઉદ્યોગ કે ગ્રામોદ્યોગ તરીકે ઓળખવામાં આવે છે.
11) ગૃહ ઉદ્યોગોને ધિરાણની સમસ્યા નડતી નથી.
12) ગૃહ ઉદ્યોગોને પરંપરાગત ઉત્પાદન પધ્ધતિનો ઉપયોગ કરે છે.
13) માત્ર 8 લાખથી ઓછો મૂડીરોકાણ ધરાવતા એકમોને અતિ નાના પાયાના એકમ કહેવામાં આવે છે.
14) નાના પાયાના એકમોને મોટાપાયાના એકમો સામે હરીફાઈ નડતી નથી.
15) નાના પાયાના એકમોમાં ખુબ જ વધારે વિદેશી ટેકનોલોજીનો ઉપયોગ થાય છે.
16) મોટા ઉદ્યોગોમાં આધુનિક વિદેશી ટેકનોલોજીનો વધુ ઉપયોગ થાય છે.
17) આંતરિક અને વિદેશી બજારની માંગ પૂરી કરવામાં મોટાપાયાના ઉદ્યોગોનું ખૂબ જ મહત્ત્વ છે.
18) મોટાપાયે ઉત્પાદન અનેનીચું ઉત્પાદન ખર્ચ એ નાના પાયાની અગત્યતા છે.
19) જાહેર સાહસો નફાના ઉદ્દેશ્યથી કામ કરે છે.
20) પછાત વિસ્તારના વિકાસની જવાબદારી ખાનગી ઉદ્યોગ અને સાહસ સંભાળે છે.
21) ખાનગીક્ષેત્રનો મુખ્ય હેતુ નફો કમાવવાનો છે.
22) લોખંડ પોલાદના ઉદ્યોગોને વચગાળાની વસ્તુઓના ઉદ્યોગ તરીકે ઓળખવામાં આવે છે.
23) બ્રેડ બનાવવા માટે ઉપયોગમાં આવતો ઘઉંનો લોટ એ વચગાળાની વસ્તુઓ કહેવામાં આવે છે.
24) ટીવી, ફ્રિઝ, એસી, વગેરે બિનટકાઉ વસ્તુઓ કહેવામાં આવે છે.
25) બ્રેડ, દૂધ, શાકભાજી ટકાઉ વસ્તુઓ કહેવામાં આવે છે.

**7.16 એક - બે વાક્યમાં જવાબ આપો**

**1)** કુટિર ઉદ્યોગ એટલે શું ?

_______________________________________________

_______________________________________________

**2)** ભારતે મધ્યસ્થ આયોજન માટે કેવા પ્રકારના અર્થતંત્રનો સ્વીકાર કર્યો હતો ?

_______________________________________________

_______________________________________________

**3)** મિશ્ર અર્થતંત્ર એટલે શું ?

_______________________________________________

_______________________________________________

4) ભારત સરકારના હસ્તક્ષેપની આવશ્યક્તાના કારણો જણાવો.

_______________________________________________

_______________________________________________

5) પ્રાચીન સમયમાં ક્યા ચીની પ્રવાસી ભારત આવ્યા હતા?

_______________________________________________

_______________________________________________

6) પ્રાચીન સમયમાં કઈ સદીથી ભારતમાં ગૃહ ઉદ્યોગોનું પતન શરૂ થયું છે.

_______________________________________________

_______________________________________________

7) બ્રિટીશ સમયે ભારતના ગૃહ ઉદ્યોગોની પડતીના કારણો વર્ણવો

_______________________________________________

_______________________________________________

8) બ્રિટીશ સમયે પહેલી કાપડની મિલ ક્યારે અને ક્યાં સ્થપાઈ હતી ?

_______________________________________________

_______________________________________________

9) બ્રિટીશ સમયે પહેલી શણની મિલ ક્યારે અને ક્યાં સ્થપાઈ હતી ?

_______________________________________________

_______________________________________________

10) સ્વતંત્ર ભારતની પ્રથમ ઔદ્યોગિક નીતિ ક્યારે જાહેર થઈ હતી ?

_______________________________________________

_______________________________________________

11) કઈ યોજનામાં ' રાષ્ટ્રિય કૌશલ્ય વિકાસ મિશન ' કાર્યક્રમ ઘડાયો હતો ?

_______________________________________________

_______________________________________________

12) આર્થિક સ્વાવલંબન અને સામાજીક ન્યાય સહિતના વિકાસના હેતુઓનો કઈ યોજનામાં સમાવેશ કરવામાં આવે છે ?

_______________________________________________

_______________________________________________

13) ટકાઉ વસ્તુઓ અને બિનટકાઉ વસ્તુઓનો અર્થ લખો.

_______________________________________________

_______________________________________________

14) ગૃહઉદ્યોગોમાં સામાન્ય રીતે કેવા પ્રકારના ઉદ્યોગોનો સમાવેશ થાય છે ?

_______________________________________________

_______________________________________________

15) અતિ નાના પાયાના ઉદ્યોગની વ્યાખ્યા આપો.

_______________________________________________

______________________________________________________________

**16)** નાના પાયાના ઉદ્યોગની વ્યાખ્યા આપી તેના પ્રકાર લખો.

______________________________________________________________

______________________________________________________________

**17)** પૂરક આવક એટલે શું ?

______________________________________________________________

______________________________________________________________

**18)** ઉદ્યોગીકીકરણ એટલે શું ?

______________________________________________________________

______________________________________________________________

**19)** જાહેર ક્ષેત્ર એટલે શું ?

______________________________________________________________

______________________________________________________________

**20)** પ્રાદેશિક અસમાનતા એટલે શું ?

______________________________________________________________

______________________________________________________________

**21)** આવકની અસમાનતાની વ્યાખ્યા જણાવો.

______________________________________________________________

______________________________________________________________

**22)** સમાજવાદ એટલે શું ?

______________________________________________________________

______________________________________________________________

**23)** પાયાની સવલતો એટલે શું ?

______________________________________________________________

______________________________________________________________

**24)** નિર્ણાયક ક્ષેત્ર એટલે શું ? તેમાં ક્યાં - ક્યાં ઉદ્યોગોનો સમાવેશ થાય છે ?

______________________________________________________________

______________________________________________________________

**25)** આંતર માળખું એટલે શું ?

______________________________________________________________

______________________________________________________________

**26)** ખાનગી ક્ષેત્રનો અર્થ આપો.

______________________________________________________________

______________________________________________________________

**27)** આયાત અવેજીકરણ એટલે શું?

______________________________________________________________

______________________________________________________________

**28)** ભારતમાં શણની મિલ ક્યારે અને ક્યાં સ્થપાઈ હતી ?

________________________________________________

________________________________________________

**29)** ભારતની સ્ટિલ ક્ષેત્રની મોટી કંપની કઈ છે ?

________________________________________________

________________________________________________

**30)** હુગલી નદીના કિનારે ક્યા ઉદ્યોગોની સ્થાપના થઈ હતી ?

________________________________________________

________________________________________________

**31)** પાયાની વસ્તુઓના ઉદ્યોગ એટલે શું ?

________________________________________________

________________________________________________

**32)** વચગાળાની વસ્તુઓના ઉદ્યોગની વ્યાખ્યા લખો

________________________________________________

________________________________________________

**33)** મૂડી વસ્તુના ઉદ્યોગની વ્યાખ્યા જણાવો

________________________________________________

________________________________________________

**34)** ટકાઉ વસ્તુઓ કોને કહેવામાં આવે છે?

________________________________________________

________________________________________________

**35)** બિન ટકાઉ વસ્તુઓના નામ જણાવો

________________________________________________

________________________________________________

**ચાર-પાંચ વાક્યમાં જવાબ આપો**

**1)** ઉદ્યોગો અંગે ગાંધીવાદી વિચારો સમજાવો.

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

**2)** ભારતના પ્રાચીન સમય અંગે ચીની મુસાફર યુ.એન. સંગના વિચારો વર્ણવો

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

________________________________________________

3) ભારતમાં આધુનિક ઉદ્યોગોનો વિકાસ વર્ણવો

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

4) ભારત પાકિસ્તાનના વિભાજન સમયે થયેલ વિવિધ વહેંચણી વર્ણવો.

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

5) અગિયારમી પંચવર્ષીય યોજના વિષે ટૂંકમાં સમજાવો.

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

6) ઉદ્યોગોનું વર્ગીકરણ સમજાવો.

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

7) ગૃહ ઉદ્યોગો વિષે સમજૂતી આપો.

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

8) પેદાશની વૈવિધ્યતાની દ્રષ્ટિએ ગૃહ ઉદ્યોગોનું મહત્ત્વ વર્ણવો

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

9) ગૃહ ઉદ્યોગોને કેવી રીતે ધિરાણની સમસ્યા નડે છે ? સમજાવો.

______________________________________________________________

**10)** કાચામાલનો પ્રશ્ન ગૃહ ઉદ્યોગો સાથે કેવી રીતે સંકળાયેલ છે ? સમજાવો.

**11)** નાના પાયાના ઉદ્યોગોની વિવિધ સમયે બદલાયેલ વ્યાખ્યાઓ આપો.

**12)** નાના પાયાના ઉદ્યોગોના લક્ષણો વર્ણવો.

**13)** ફુગાવો નિયંત્રણમાં નાના પાયાના ઉદ્યોગની ભૂમિકા વર્ણવો.

**14)** મધ્યમ અને મોટા પાયાના ઉદ્યોગોનો ભેદ સ્પષ્ટ કરો.

**15)** ઉદ્યોગિકીકરણનો સંગીન પાયો એટલે શું? સમજાવો.

16) જાહેર સાહસોના હેતુઓ જણાવો.

17) જાહેર સાહસોનું મહત્ત્વ સમજાવો.

18) અમલીકરણમાં વિલંબ સંદર્ભે જાહેર સાહસની મર્યાદાઓ વર્ણવો.

19) ખાનગીક્ષેત્રની સમજૂતી આપો.

20) કાગળ ઉદ્યોગ વિશે નોંધ લખો.

21) પાયાની વસ્તુઓના ઉદ્યોગો વિશે સમજૂતી આપો.

**22)** વચગાળાની વસ્તુઓના ઉદ્યોગો વિશે ટૂંકનોંધ લખો

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

**23)** મૂડી વસ્તુઓના ઉદ્યોગો વિશે ટૂંકમાં સમજાવો.

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

24) ગ્રાહકલક્ષી વસ્તુઓ વિશે સમજૂતી આપો.

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

## 7.18 સત્રાંત પ્રશ્નો

1) ભારતના સંદર્ભમાં ગૃહઉદ્યોગોનો અર્થ, મહત્ત્વ અને મર્યાદાઓ વર્ણવો.
2) નાના પાયાના ઉદ્યોગોની અગત્યતા અને તેના વિકાસની મર્યાદાઓ સમજાવો.
3) જાહેર સાહસના વિકાસ માટેના કારણો લખો.
4) ખાનગીક્ષેત્રના વિકાસની મર્યાદાઓ અને તેના વિકાસ માટે સરકારે લીધેલા પગલાં વર્ણવો.
5) સૂતરાઉ કાપડ પર નોંધ લખો.
6) કાગળ ઉદ્યોગ અંગેનો વિગતે પરિચય આપો.
7) ઉત્પાદન થતી વસ્તુઓના આધારે થતું ઉદ્યોગોનું વર્ગીકરણ સમજાવો.

## 7.19 ના જવાબો

(1) × (2) √ (3) √ (4) × (5) × (6) √ (7) × (8) × (9) × (10) √ (11) × (12) √ (13) × (14) × (15) × (16) √ (17) √ (18) × (19) × (20) × (21) √ (22) × (23) √ (24) × (25) ×

## 7.20 સંદર્ભ સુચિ

**BOOKS - GUJARATI**

ડૉ. શ્રીનિવાસરાવ & પ્રા.દવે રૂપેશ (2017) 'ઔદ્યોગિક અર્થશાસ્ત્ર' - ન્યુ પોપ્યુલર પ્રકાશન - સૂરત

પ્રા. પટેલ બબાભાઈ સો.(1997) 'ભારતીય અર્થકારણ' - સી.જમનાદાસની કંપની - અમદાવાદ

પ્રિ.જોશી આર.સી.(2018) 'ભારતીય અર્થતંત્ર' - ન્યુ પોપ્યુલર પ્રકાશન - સુરત

ડૉ. જ્યોતિબેન ડી. નાયક (2010) 'ભારતીય અર્થતંત્ર અને નીતિ વિષયક સુધારા' - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

*** BOOKS ENG-ISH**

AGRAWAL A.N. (2003) 'INDIAN ECONOMY' (29TH EDITION) WISHWA PRAKASHAN.

DUTT GAURAV & MAHAJAN ASHWANI (2016) 'INDIAN ECONOMY' (72ND EDITION) S.CHAND PUBLISHING.

*** ANNUAL REPORTS**

Annual report 2017-18 Gov. of India Ministry of Commerce and industry

ANNUAL REPORT 2015-16 Department of Commerce Ministry of Commerce & Industry

www.mospi.gov.in

*** WEB -INKS**

http://gsweb.in/indian-economy/content/industrial-poLICies/foreign-investment-inflows.aspx

http://mospi.nic.in/statistical-year-book-india/2017/183

http://smartprep.in/2017/02/download-india-year-book-2017-pdf-english-version/

http://www.econleaks.com/industrial-poLICy-and-industrial-development-in=india-part-v/

HTTP://WWW.PUBLICATIONSDIVISION.NIC.IN

https://en.wikipedia.org/wiki/Industrial_poLICy

https://www.scotbuzz.org/2018/01/audyogik-neeti.html

https://www.slideshare.net/sahavish/ind.ustrial-poLICy-from-1948-1991

https://www.slideshare.net/ShikhaGupta31/industrial-poLICyppt.

https://www.slideshare.net/SunilChichra/industrial-poLICy-1980-to-till.

shodhganga.inflibnet.ac.in/bitstream/10603/59577/10/10_chapter%204.pdf

www.econleaks.com/industrial-poLICy-and-industrial-development-in-india-part-iv/

www.preservearticles.com/2012013022068/short-notes-on-industrial-poLICy-of-1980

www.yourarticlelibrary.com/industries/8-socio...of...industrial-poLICy...1980/23440

www.yourarticlelibrary.com/poLICies/major-objectives-of...new...poLICy-1991/23441

*** SURVEY**

ECONOMIC SURVEY 2017-18 PART-I

ECONOMIC SURVEY 2017-18 PART-II

HANDBOOK OF STATISTICS ON THE INDIAN ECONOMY

(https://dbie.rbi.org.in)

***ARTIC-E**

Reddy Krishna (2007) 'Industrial Growth in India During Pre and Post Reform Periods'

https://www.researchgate.net/pubLICation/228246866

Sharma Ravindra kumar (2014) **'Industrial Development of India in Pre and Post Reform Period'** IOSR Journal Of Humanities And Social Science (IOSR-JHSS) Volume-19, Issue 10, Ver.IV www.iosrjournals.org www.iosrjournals.org.

**7.20.1 ઉપયોગમાં આવતી વસ્તુઓનું વર્ગીકરણ & તેમના ઔદ્યોગિક ઉત્પાદનનો વૃધ્ધિદર (%)**

| ક્રમ | ઉદ્યોગો | 1981 | 1991 | 1994 | 1995 | 1996 | 1997 | 1998 | 1999 | 2000 | 2001 | 2013 | 2014 | 2015 | 2016 | 2017 | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | પાયાની વસ્તુઓ | | 10.90 | 3.80 | 9.60 | 10.80 | 3.10 | 6.90 | 1.60 | 5.50 | 3.70 | 2.60 | 0.50 | 2.30 | 3.80 | 5.00 | 4.90 |
| 2 | મૂડી યુક્ત વસ્તુઓ | | 6.70 | 17.40 | 9.20 | 5.30 | 9.30 | 5.80 | 12.60 | 6.90 | 1.80 | -3.40 | 0.30 | -3.70 | -1.10 | 3.00 | 3.20 |
| 3 | મધ્યસ્થી વસ્તુઓ | | 3.70 | 6.10 | 5.30 | 19.40 | 8.10 | 8.00 | 6.10 | 8.80 | 4.70 | 1.50 | 5.10 | 4.60 | 6.10 | 1.50 | 3.30 |
| 4 | ગ્રાહકલક્ષી વસ્તુઆ ` | | 13.80 | 10.40 | 12.10 | 12.80 | 5.20 | 5.50 | 2.20 | 5.70 | 8.00 | 6.00 | 5.40 | 5.70 | 5.00 | 2.80 | 3.90 |
| | A - ટકાઉ વસ્તુઓ | | 10.90 | 14.80 | 16.20 | 25.80 | 4.70 | 7.80 | 5.60 | 14.10 | 14.50 | 11.50 | 4.90 | 5.60 | 4.00 | 3.40 | 2.90 |
| | B - બિનટકાઉ વસ્તુઓ | | 14.10 | 9.40 | 11.20 | 9.80 | 6.60 | 4.80 | 1.20 | 3.20 | 5.80 | 4.10 | 6.10 | 3.70 | 3.80 | 2.60 | 7.90 |

29TH EDITION INDIAN ECONOMY -2009-A.N.AGRAWAL-WISHWA PRAKASHAN & HANDBOOK OF STATISTICS ON THE INDIAN ECONOMY - RBI- 2016-17.

**7.20.2**

ઉદ્યોગના અગ્રણી ક્ષેત્રોમાં વાર્ષિક વૃધ્ધિદર

| વર્ષ | ખાણકામ | મેન્યુફેક્ચરિંગ | વિજળી | સામાન્ય |
|---|---|---|---|---|
| 1982 | 17.70 | 7.90 | 10.20 | 9.30 |
| 1984 | 11.70 | 5.70 | 7.60 | 6.70 |
| 1985 | 8.90 | 8.00 | 12.00 | 8.60 |
| 1986 | 4.10 | 9.70 | 8.50 | 8.70 |
| 1987 | 6.20 | 9.40 | 10.30 | 9.10 |
| 1988 | 3.80 | 7.90 | 7.70 | 7.30 |
| 1989 | 7.90 | 8.70 | 9.50 | 8.70 |
| 1990 | 6.30 | 8.60 | 10.80 | 8.60 |
| 1991 | 4.50 | 9.00 | 7.80 | 8.20 |
| 1992 | 0.60 | -0.08 | 8.50 | 0.60 |
| 1993 | 0.50 | 2.20 | 5.00 | 2.30 |
| 1994 | 3.50 | 6.10 | 7.40 | 6.00 |
| 1995 | 9.80 | 9.10 | 8.50 | 9.10 |
| 1996 | 9.70 | 14.10 | 8.10 | 13.00 |
| 1997 | -1.90 | 7.30 | 4.00 | 6.10 |
| 1998 | 6.90 | 6.70 | 6.60 | 6.70 |
| 1999 | -0.80 | 4.40 | 6.50 | 6.10 |
| 2000 | 1.00 | 7.10 | 7.30 | 6.70 |
| 2001 | 2.80 | 5.30 | 4.00 | 5.00 |
| 2002 | 1.20 | 2.90 | 3.10 | 2.70 |

29TH EDITION INDIAN ECONOMY -2009-A.N.AGRAWAL-WISHWA PRAKASHAN

| | | | | |
|---|---|---|---|---|
| 2003 | 5.8 | 6. | 3.2 | 5.7 |
| 2004 | 5.2 | 7.4 | 4.9 | 7. |
| 2005 | 4.4 | 9.1 | 5.1 | 8.4 |
| 2006 | 1. | 9.1 | 5.2 | 8.2 |
| 2007 | 5.3 | 12.5 | 7.3 | 11.5 |
| 2008 | 5.1 | 9. | 6.3 | 8.5 |
| 2009 | 2.6 | 2.7 | 2.8 | 2.7 |
| 2010 | 9.9 | 10.9 | 6. | 10.5 |
| 2011 | 5.2 | 8.9 | 5.5 | 8.2 |
| 2012 | -1.9 | 3. | 8.2 | 2.8 |
| 2013 | -2.4 | 1.2 | 4. | 1.1 |

| | | | | |
|---|---|---|---|---|
| 2014 | -0.8 | -0.7 | 6.1 | -0.1 |
| 2015 | -0.05 | 1.09 | 8.6 | 1.7 |

72ND EDITION INDIAN ECONOMY -GAURAV DUTT & ASHWANI MAHARAJ-S.CHAND PUBLISHING

| | | | | |
|---|---|---|---|---|
| 2016 | 4.30 | 2.80 | 5.70 | 3.30 |
| 2017 | 5.30 | 4.40 | 5.80 | 4.60 |

HANDBOOK OF STATISTICS ON THE INDIAN ECONOMY - RBI-2016-17

**7.20.3 ઉપયોગમાં આવતી વસ્તુઓનું વર્ગીકરણ & તેમના ઔદ્યોગિક ઉત્પાદનનો વૃધ્ધિદર (%)**

| ક્રમ | ઉદ્યોગો | **1980-85** | **1985-90** | **1994-04** | **2005-15** |
|---|---|---|---|---|---|
| 1 | પાયાની વસ્તુઓ | 8.30 | 7.40 | 4.90 | 5.30 |
| 2 | મૂડીયુક્ત વસ્તુઓ | 7.10 | 15.70 | 8.80 | 9.90 |
| 3 | મધ્યસ્થી વસ્તુઓ | 6.20 | 5.50 | 7.70 | 4.30 |
| 4 | ગ્રાહકલક્ષી વસ્તુઓ | 6.50 | 6.60 | 7.70 | 6.00 |
| | A - ટકાઉ વસ્તુઓ | 15.20 | 12.10 | 12.00 | 8.70 |
| | B - બિનટકાઉ વસ્તુઓ | 5.30 | 5.40 | 5.90 | 4.70 |

72ND EDITION INDIAN ECONOMY -GAURAV DUTT & ASHWANI MAHARAJ-S.CHAND PUBLISHING

**7.20.4 લોખંડ અને પોલાદનું ઉત્પાદન મિલિયન ટનમાં**

| ક્રમ | વર્ષ | લોખંડ પોલાદ |
|---|---|---|
| 1 | 1951 | 1.00 |
| 2 | 1981 | 6.80 |
| 3 | 1991 | 9.60 |
| 4 | 2001 | 30.30 |
| 5 | 2008 | 56.10 |
| 6 | 2009 | 57.20 |
| 7 | 2010 | 60.60 |
| 8 | 2011 | 68.60 |
| 9 | 2012 | 75.70 |
| 10 | 2013 | 81.70 |
| 11 | 2014 | 87.70 |
| 12 | 2015 | 91.50 |

72ND EDITION INDIAN ECONOMY -GAURAV DUTT & ASHWANI MAHARAJ-S.CHAND PUBLISHING

**7.20.5 કાપડનું ઉત્પાદન (ચોરસ મીટરમાં)**

| ક્રમ | વર્ષ | લોખંડ પોલાદ |
|---|---|---|
| 1 | 1951 | 4740 |
| 2 | 1971 | 7600 |
| 3 | 1991 | 22930 |
| 4 | 2001 | 40233 |
| 5 | 2009 | 54966 |
| 6 | 2010 | 60633 |
| 7 | 2011 | 62542 |
| 8 | 2012 | 60453 |

72ND EDITION INDIAN ECONOMY -GAURAV DUTT & ASHWANI MAHARAJ-S.CHAND PUBLISHING

**7.20.6 શણના ઉત્પાદન વપરાશ અને નિકાસ ('000 ટનમાં)**

| ક્રમ | વર્ષ | ઉત્પાદન | નિકાસ | વપરાશ |
|---|---|---|---|---|
| 1 | 1951 | 890 | 790 | 120 |
| 2 | 1971 | 1090 | 640 | 480 |
| 3 | 1991 | 1430 | 220 | 1230 |
| 4 | 2008 | 17.75 | 207 | 1410 |
| 5 | 2012 | 1535 | 169 | 1382 |
| 6 | 2013 | 1591 | 169 | 1399 |
| 7 | 2014 | 1532 | 166 | 1328 |

72ND EDITION INDIAN ECONOMY -GAURAV DUTT & ASHWANI MAHARAJ-S.CHAND PUBLISHING

**7.20.7 ભારતમાં ખાંડનું ઉત્પાદન (મિલિયન ટનમાં)**

| ક્રમ | વર્ષ | PRODUCTION |
|---|---|---|
| 1 | 1951 | 1.10 |
| 2 | 1971 | 3.70 |
| 3 | 1991 | 11.80 |
| 4 | 2001 | 18.50 |
| 5 | 2008 | 26.30 |
| 6 | 2009 | 14.70 |
| 7 | 2010 | 18.80 |
| 8 | 2011 | 24.40 |
| 9 | 2012 | 26.30 |
| 10 | 2013 | 25.20 |
| 11 | 2014 | 24.30 |
| 12 | 2015 | 27.90 |

72ND EDITION INDIAN ECONOMY -GAURAV DUTT & ASHWANI MAHARAJ-S.CHAND PUBLISHING

**7.20.8 સિમેન્ટનું ઉત્પાદન (મિલિયન ટનમાં)**

| ક્રમ | વર્ષ | ઉત્પાદન |
|---|---|---|
| 1 | 1951 | 2.7 |
| 2 | 1971 | 14.3 |
| 3 | 1991 | 48.8 |
| 4 | 2004 | 117. |
| 5 | 2008 | 167.6 |
| 6 | 2009 | 181.4 |
| 7 | 2012 | 223.5 |
| 8 | 2014 | 255. |

72ND EDITION INDIAN ECONOMY -GAURAV DUTT & ASHWANI MAHARAJ-S.CHAND PUBLISHING

**7.20.9 ભારતમાં કાગળ ઉદ્યોગની પ્રગતિ (લાખ ટનમાં)**

| ક્રમ | વર્ષ | ઉત્પાદન |
|---|---|---|
| 1 | 1951 | 1.10 |
| 2 | 1971 | 7.60 |
| 3 | 1991 | 29.00 |
| 4 | 2004 | 36.80 |
| 5 | 2008 | 42.60 |
| 6 | 2009 | 44.70 |
| 7 | 2013 | 101.10 |

72ND EDITION INDIAN ECONOMY -GAURAV DUTT & ASHWANI MAHARAJ-S.CHAND PUBLISHING

**7.20.10 મુખ્ય આઠ ઉદ્યોગોનો વૃધ્ધિ દર %**

| ક્રમ | ક્ષેત્ર | 2013 | 2014 | 2015 | 2016 | 2017 |
|---|---|---|---|---|---|---|
| 1 | કોલ | 3.20 | 1.00 | 8.00 | 4.80 | 3.20 |
| 2 | ક્રુડ ઓઈલ | -0.60 | -0.20 | -0.90 | -1.40 | -2.50 |
| 3 | કુદરતી ગેસ | -14.40 | -12.90 | -5.30 | -4.70 | -1.00 |
| 4 | રીફીનરી ઉત્પાદન | 7.20 | 1.40 | 0.20 | 4.90 | 4.90 |
| 5 | ખાતર | -3.30 | 1.50 | 1.30 | 7.00 | 0.20 |
| 6 | પોલાદ | 7.90 | 7.30 | 5.10 | -1.30 | 10.70 |
| 7 | સિમેન્ટ | 7.50 | 3.70 | 5.90 | 4.60 | -1.20 |
| 8 | વિજળી | 4.00 | 6.10 | 14.80 | 5.70 | 5.80 |
| 9 | એકંદરે આંક | 3.80 | 2.60 | 4.90 | 3.00 | 4.80 |

### 7.20.11 કેન્દ્ર સરકારના સાહસો અને રોકાણ

| સમય | એકમોની સંખ્યા | કુલ રોકાણ (કરોડ રૂપિયા) |
|---|---|---|
| પ્રથમ યોજનાના આરંભ | 5 | 29 |
| બીજી યોજનાના આરંભે | 21 | 81 |
| ત્રીજી યોજનાના આરંભે | 47 | 953 |
| ત્રીજી યોજનાના અંતે | 74 | 2415 |
| ચોથી યોજનાના આરંભે | 85 | 3902 |
| પાંચમી યોજનાના આરંભે | 176 | 15602 |
| છઠ્ઠી યોજનાના આરંભે | 186 | 18225 |
| સાતમી યોજનાના આરંભે | 215 | 42673 |
| આઠમી યોજનાના આરંભે | 246 | 135445 |
| નવમી યોજનાના આરંભે | 243 | 178628 |
| નવમી યોજનાના અંતે | 230 | 390032 |

ભારતીય અર્થકારણ - સી. જમનાદાસની કંપની - પાના નંબર - 142

### 7.20.12 ભારતમાં કેન્દ્ર સરકારના જાહેરક્ષેત્રનો વિકાસ

| સમય | જાહેર સાહસોની સંખ્યા | કુલ મૂડીરોકાણ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| માર્ચ 1951ના અંતે | 5 | 29 |
| માર્ચ 1961 ના અંતે | 47 | 948 |
| માર્ચ 1991 ના અંતે | 246 | 113896 |
| ડિસેમ્બર 2015ના અંતે | 235 | 1096057 |

ભારતીય અર્થતંત્ર - 2. પેજ-107 ન્યુ પોપ્યુલર પ્રકાશન સુરત

### 7.20.13 આયોજનકાળ દરમિયાન ઔદ્યોગિકક્ષેત્ર માટે જાહેરક્ષેત્રે થયેલું ખર્ચ અને ઔદ્યોગિક વિકાસદર

| ક્રમ | યોજના | ઉદ્યોગો અને ખનીજો પાછળ થયેલું ખર્ચ (રૂ. કરોડમાં) | જાહેરક્ષેત્રે થયેલ કુલ ખર્ચની % | ઔદ્યોગિક વિકાસ દર % |
|---|---|---|---|---|
| 1 | પ્રથમ યોજના | 74 | 4.0 | 7.5 |
| 2 | બીજી યોજના | 950 | 20.4 | 6.2 |
| 3 | ત્રીજી યોજના | 1726 | 20.2 | 7.6 |
| 4 | ચોથી યોજના | 3107 | 19.7 | 5.0 |
| 5 | પાંચમી યોજના | 9581 | 23.5 | 5.3 |
| 6 | છઠ્ઠી યોજના | 16948 | 15.5 | 5.5 |
| 7 | સાતમી યોજના | 29220 | 13.4 | 8.5 |
| 8 | આઠમી યોજના | 46922 | 10.8 | 7.5 |
| 9 | નવમી યોજના | 44695 | 4.7 | 4.9 |

| | | | | |
|---|---|---|---|---|
| 10 | દસમી યોજના | 64655 | 3.9 | 8.2 |
| 11 | અગિયારમી યોજના | 153600 | 4.2 | 7.7 |
| 12 | બારમી યોજના | 377302 | 4.9 | 4.8 |

ભારતીય અર્થતંત્ર -2. પેજ-74 ન્યુ પોપ્યુલર પ્રકાશન સુરત

**3.20.14 1991-92 થી 2014-2015 સુધીનો ઔદ્યોગિક વૃધ્ધિ દર**

| વર્ષ | ઔદ્યોગિક વૃધ્ધિ દર (%) |
|---|---|
| 1992 | -0.1 |
| 1993 | 3.6 |
| 1994 | 6.1 |
| 1995 | 9.1 |
| 1996 | 12.0 |
| 1997 | 7.2 |
| 1998 | 3.3 |
| 1999 | 4.3 |
| 2000 | 6.2 |
| 2001 | 6.5 |
| 2002 | 2.7 |
| 2003 | 7.1 |
| 2004 | 7.9 |
| 2005 | 10.0 |
| 2006 | 10.7 |
| 2007 | 12.7 |
| 2008 | 10.3 |
| 2009 | 4.7 |
| 2010 | 9.5 |
| 2011 | 3.8 |
| 2012 | 1.1 |
| 2013 | 5.0 |
| 2014 | 5.9 |
| 2015 | 7.3 |

ભારતીય અર્થતંત્ર-2. પેજ-76 ન્યુ પોપ્યુલર પ્રકાશન સુરત

## એકમ 8

# ભારતનું ઉદ્યોગક્ષેત્ર - II

ભારતમાં ઉદ્યોગોની સ્થિતિ, સરકારની નીતિ (પરિચયાત્મક)

## : રૂપરેખા :


**8.0** ઉદ્દ્શ્યો

**8.1** પ્રસ્તાવના

**8.2** ભારત સરકારની ઔદ્યોગિક નીતિનો પરિચય

- **8.2.1** પ્રસ્તાવના
- **8.2.2** ઔદ્યોગિક નીતિનો અર્થ
- **8.2.3** ઔદ્યોગિક નીતિના હેતુઓ

**8.3** 1948ની ઔદ્યોગિક નીતિ

- **8.3.1** પ્રસ્તાવના
- **8.3.2** 1948ની ઔદ્યોગિક નીતિના મુખ્ય ઉદ્દેશો
- **8.3.3** 1948ની ઔદ્યોગિક નીતિની જોગવાઈઓ
- **8.3.4** સારાંશ

**8.4** 1956ની ઔદ્યોગિક નીતિ

- **8.4.1** પ્રસ્તાવના
- **8.4.2** 1956ની ઔદ્યોગિક નીતિના મુખ્ય ઉદ્દેશો
- **8.4.3** 1956ની ઔદ્યોગિક નીતિની જોગવાઈઓ
- **8.4.4** સારાંશ

**8.5** 1977ની ઔદ્યોગિક નીતિ

- **8.5.1** પ્રસ્તાવના
- **8.5.2** 1977ની ઔદ્યોગિક નીતિના મુખ્ય ઉદ્દેશો
- **8.5.3** 1977ની ઔદ્યોગિક નીતિની જોગવાઈઓ
- **8.5.4** સારાંશ

**8.6** 1991ની ઔદ્યોગિક નીતિ

- **8.6.1** પ્રસ્તાવના
- **8.6.2** 1991ની ઔદ્યોગિક નીતિના મુખ્ય ઉદ્દેશો
- **8.6.3** 1991ની ઔદ્યોગિક નીતિની જોગવાઈઓ
- **8.6.4** સારાંશ

**8.7** શબ્દાવલી

**8.8** તમારી પ્રગતિ ચકાસો

**8.9** એક-બે વાક્યમાં જવાબ આપો

**8.10** ચાર-પાંચ વાક્યમાં જવાબ આપો

**8.11** સત્રાંત પ્રશ્નો

સંદર્ભ સૂચિ

## 8.0 ઉદ્દેશ્યો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમેનીચેની બાબતો અંગે માહિતગાર બનશો.

- સ્વતંત્રતા બાદ ભારતમાં વિવિધ ઔદ્યોગિક વિકાસ માટે લેવાયેલા પગલા વિશે માહિતી મળશે.
- ભારત સરકારે ઔદ્યોગિક વિકાસ માટે બનાવેલ વિવિધ ઔદ્યોગિક નીતિ વિશે જાણકારી મળશે.
- ભારતની વિવિધ ઔદ્યોગિક નીતિનો તુલનામાં અભ્યાસ કરી શકાશે.
- 1991માં કરવામાં આવેલા આર્થિક સુધારા વિશે સમજૂતી મેળીવી શકશો.
- ઔદ્યોગિક નીતિનો પાયાનો ખ્યાલ મેળવી શકાશે.

## 8.1 પ્રસ્તાવના

આપણે અગાઉના પ્રકરણમાં ભારતીય અર્થતંત્રમાં આવેલા વિવિધ ઉદ્યોગો વિશેનો પરિચય મેળવ્યો જેમાં ભારતમાં આવેલ વિવિધ ઉદ્યોગોનો અર્થ, વ્યાખ્યા, લક્ષણો, ઉદ્યોગોનું મહત્ત્વ તથા ઉદ્યોગોની મર્યાદાઓ વિશે જાણકારી મેળવી છે. આ ઉપરાંત ભારતમાં આવેલા વિવિધ ઉદ્યોગોનો પણ ટૂંકમાં પરિચય મેળવ્યો છે. આ પ્રકરણમાં વિવિધ ઔદ્યોગિક નીતિનો પરિચય મેળવીશું. જેમાં વિવિધ ઔદ્યોગિક નીતિનો અર્થ, હેતુઓ, જાણકારી મેળવીશું.

## 8.2 ભારત સરકારની ઔદ્યોગિક નીતિનો પરિચય

### 8.2.1 પ્રસ્તાવના :

કોઈપણ દેશનો ઝડપી આર્થિક વિકાસ કરવો હોય તો તે દેશની પાસે ચોક્કસ સ્પષ્ટ ઔદ્યોગિક નીતિ હોવી જોઈએ. દેશના ઔદ્યોગિક વિકાસ માટે ઔદ્યોગિક નીતિ એ એક મહત્ત્વનું અંગ છે. સામાન્ય રીતે ઔદ્યોગિક નીતિ એટલે ઉદ્યોગોની સ્થાપના, તેમની કામગીરી, તેના વિકાસ અને તેમના સંચાલન અંગેની સરકારના નીતિ નિયમો. સરકારે ઔદ્યોગિક વિકાસ માટે બનાવેલા નિયમો. દેશમાં ઔદ્યોગિકરણની ગતિ અને તેની તરાહને અસર કરતાં વિવિધ સિધ્ધાંતો અને નિયમોનો આ નીતિમાં સમાવેશ થાય છે. આમ, ઔદ્યોગિક નીતિમાં સરકારની રાજકોષીય અને નાણાંકીય નીતિ, જકાત નીતિ, શ્રમ નીતિ, વિદેશી મૂડીરોકાણ પ્રત્યે સરકારના અભિગમ તેમજ જાહેર અને ખાનગી ક્ષેત્ર તરફ સરકારની વિચારસરણી કેવી હશે તે બાબતો પણ દર્શાવવામાં આવે છે. ઔદ્યોગિક વિકાસનો દર એ ઔદ્યોગિક નીતિ પર આધારિત હોવાથી ઔદ્યોગિક નીતિ ખૂબ જ કાળજીપૂર્વક નક્કી થવી જોઈએ.

### 8.2.2. ઔદ્યોગિક નીતિનો અર્થ :

ઔદ્યોગિક નીતિનો ખ્યાલ સર્વગ્રાહી અને વ્યાપક છે. સરકાર ઔદ્યોગિકરણના કાર્યક્રમનો અમલ કરવાની પધ્ધતિ અંગે માર્ગદર્શન અને જરૂરી સવલતો આપવા અંગે કેવા પગલાં કે ઉપાયો હાથ ધરાશે તેના સ્પષ્ટ ખ્યાલ આપવો વગેરે બાબતોનો સમાવેશ ઔદ્યોગિક નીતિમાં કરવામાં આવે છે. આમ, દેશના ઔદ્યોગિક વિકાસ પ્રત્યેના સરકારના અભિગમને સ્પષ્ટ કરતાં મુસદ્દાને ઔદ્યોગિક નીતિ કહેવાય છે. દેશના ઉદ્યોગોના વિકાસને અસર કરતી પ્રત્યક્ષ અને પરોક્ષ એવી અનેકવિધ બાબતોનો સમાવેશ થાય છે. સરકારના નાના ગૃહઉદ્યોગો, મધ્યમ અને મોટા ઉદ્યોગોની પસંદગીનો વ્યૂહ, ઉદ્યોગોના વિકાસની વ્યૂહરચના, ઔદ્યોગિક શ્રમિકો પ્રત્યેનું સરકારનું વલણ, સમતોલ પ્રાદેશિક વિકાસ, વિદેશી મૂડી, સહાય અંગેનો સરકારનો અભિગમ વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

### 8.2.3 ઔદ્યોગિક નીતિના હેતુઓ :

અંગ્રેજ સરકારને બીજા વિશ્વયુધ્ધ પછી ભારત દેશમાં ઉદ્યોગોના વિકાસની જરૂરિયાત ઉભી થઈ હતી. બ્રિટિશ સરકારે 'બોર્ડ ઓફ સાયન્ટીફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ'ની સ્થાપના કરી હતી. પ્લાનીંગ એન્ડ ડેવલોપમેન્ટ વિભાગની શરૂઆત 1944માં થઈ. ઈ.સ. 1945 માં ઔદ્યોગિક નીતિ અંગેના

નિવેદન દ્વારા 1946 માં પ્લાનીંગ બોર્ડની રચના કરવામાં આવી. 1947 માં અહેવાલમાં સંરક્ષણ ઉદ્યોગો, કોલસો, ખનીજ, લોખંડ - પોલાદ, વાહન વગેરે સિવાયના બીજા અન્ય ઉદ્યોગો રાષ્ટ્રિયકરણ અંગેની પસંદગી વ્યક્ત કરવામાં આવી હતી અને આમ,અંગ્રેજોની ગુલામીમાંથી ભારત મુક્ત થયું અને દેશના નેતાઓએ વિવિધ નીતિ બનાવી જેમાંની ઔદ્યોગિક નીતિના હેતુઓનીચે મુજબ છે.

- સૌ પ્રથમ તો દેશમાં જુદાં-જુદાં પ્રકારના ઉદ્યોગોની સ્થાપના અને તેના વિકાસ માટેનું આયોજન કરવું.
- અગ્રિમતા ધરાવતા ઉદ્યોગો નક્કી કરવાં અને તેમને વિકાસ માટેની તક આપવી અને તેનું આયોજન કરવું.
- માત્ર કોઈ એક વિસ્તાર, રાજ્ય કે પ્રદેશ પુરતો ઉદ્યોગોનો વિકાસ ન થાય તે માટે ઉદ્યોગોનો સમગ્ર ભારતમાં વિકાસ થાય તેવું માળખું બનાવવું અને ઉદ્યોગો દરેક પ્રદેશમાં સ્થપાય અને વિકાસ પામે તેવું આયોજન ઘડવું.
- ઉદ્યોગોનું ઉદ્યોગો સાથે અને સરકાર સાથે જોડાણ સાધવું.
- દેશના વિકાસમાં મદદરૂપ થાય તેવા પાયાના, ચાવીરૂપ અને વ્યૂહાત્મક ઉદ્યોગોની જવાબદારી સરકારે રાખવાની.
- આ ઉપરાંત સામાજીક દ્રષ્ટિએ લાભદાયક હોય તેવા અતિ આવશ્યક ઉદ્યોગો પણ સરકારે પોતાના હસ્તક રાખવાના અને તેનો વિકાસ જાહેર ક્ષેત્ર દ્વારા થાય તેવું આયોજન કરવું.
- સાથે-સાથે ખાનગી ક્ષેત્રના ઉદ્યોગોના વિકાસ અંગે પણ યોગ્ય નીતિનું ઘડતર કરવું.
- ઉદ્યોગોને સરળતાથી નાણાં મળી રહે તે માટે નાણાંકીય ધિરાણ આપતી નાણાંકીય સંસ્થાઓ સ્થાપવી.
- જે ઉદ્યોગો ભારતની બેરોજગારી દૂર કરે તેવા રોજગારી પ્રધાન (શ્રમ પ્રધાન) ઉદ્યોગોનો ઝડપી વિકાસ થાય તેનું આયોજન કરવું.
- ઔદ્યોગિક નીતિ ટુંકાગાળાની નહી પરંતુ લાંબાગાળાની હોવી જોઈએ.
- ભારત સરકારે ઔદ્યોગિક નીતિના ઘડતર સમયે વિદેશ વ્યાપાર નીતિને ધ્યાનમાં લેવું જોઈએ.
- દેશમાં તમામ પ્રકારના એટલે ગૃહ, નાના, મધ્યમ, મોટા એમ તમામ પ્રકારના ઉદ્યોગોનો વિકાસ થાય તે ધ્યાનમાં રાખવું જોઈએ.

## 8.3 1948ની ઔદ્યોગિક નીતિ :

### 8.3.1 પ્રસ્તાવના :

અંગ્રેજોના સમયમાં બ્રિટિશ શાસનના સમયે ભારતમાં ઉદ્યોગોનો વિકાસ ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં થયો હતો. આઝાદી બાદ સ્વતંત્ર ભારત દેશના વિકાસ માટે જ્યારે પંચવર્ષીય યોજનાઓ દ્વારા દેશનો વિકાસ કરવો તેવું નક્કી થયું ત્યારે પ્રથમ પંચવર્ષીય યોજનામાં ખેતીક્ષેત્રને જ મહત્ત્વ આપવામાં આવ્યું હતું તેમ છતાં આપણે એમ ન કહી શકીએ કે આપણે ઉદ્યોગો પ્રત્યે દુર્લક્ષ સેવ્યું છે. કારણ કે સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂએ 6 એપ્રિલ 1948ના રોજ સ્વતંત્ર ભારતની પ્રથમ ઔદ્યોગિક નીતિની જાહેરાત બંધારણ સભામાં મૂકી હતી અને આ જ સમયથી ભારતમાં ઔદ્યોગિક વિકાસ માટે ઉદ્યોગોક્ષેત્રે મિશ્ર અર્થતંત્રનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

### 8.3.2 1948ની ઔદ્યોગિક નીતિના મુખ્ય ઉદ્દેશો :

- આઝાદ ભારતમાં તે સમયે બેરોજગારી દૂર કરવાના હેતુથી રોજગારીમાં વધારો થાય તેવા પ્રયાસ કરવા.
- ચીજવસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં વધારો કરવો.
- દરેક પ્રદેશ, દરેક દેશવાસીઓને એક સમાન અને ન્યાયિક સમાન તક મળવી જોઈએ.
- દેશના વણવપરાયેલા સાધનો અને સંસાધનોનો પૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ થાય તેવા પ્રયાસો કરવા.

- રાજ્યના વિકાસની જવાબદારી નક્કી કરવી.
- પ્રજાના જીવન ધોરણમાં સુધારો કરવો.
- ઉદ્યોગોની સાથે-સાથે ખેતીક્ષેત્રનો વિકાસ થાય તે જરૂરી છે.

**8.3.3. 1948ની ઔદ્યોગિક નીતિની જોગવાઈઓ :**

1948ની પ્રથમ ઔદ્યોગિક નીતિની જોગવાઈને મુખ્યત્ત્વેનીચે મુજબ રજૂ કરવામાં આવે છે.

**1)** **સરકાર હસ્તકના ઉદ્યોગો :** કેટલાંક ઉદ્યોગો એવા હોય છે જે દેશના હિતકારક હોય તેવા ઉદ્યોગો સરકાર પોતાના હસ્તક રાખે છે. જેમકે શસ્ત્ર સરંજામ, સંરક્ષણ ઉદ્યોગ, દારૂગોળા, અણુશક્તિનું ઉત્પાદન અને સંચાલન, ટપાલખાતું, રેલ્વે વગેરે આ બધાં ક્ષેત્રો વિશે એમ પણ કહી શકાય કે આ બધા ક્ષેત્રો સંપૂર્ણપણે કેન્દ્ર સરકારનો ઈજારો ભોગવે છે. આ ઉપરાંત એમ પણ કહી શકાય કે કેટલાંક સંજોગોમાં જો સરકાર દેશના હિત માટે જરૂર પડે અન્ય ઉદ્યોગો પણ પોતાને હસ્તક લઈ શકે છે.

**2)** **સરકારના નિયંત્રિત વિભાગ :** ઉપરોક્ત સરકાર હસ્તકના ઉદ્યોગો, બાદ બીજો વિભાગ એવો વિભાગ છે. જ્યાં સરકારના નિયંત્રણમાં વિભાગો છે. સરકાર આવા પ્રકારના ઉદ્યોગો પર નિયંત્રણ રાખે છે. જેમકે, લોખંડ, પોલાદ, કોલસા, હવાઈ જહાજ, વહાણ, ટેલીફોન, ટેલિગ્રાફ વગેરે. આવા પ્રકારના ક્ષેત્ર પર સરકારનું નિયંત્રણ હોય છે અને તેમાં જરૂર પડે પેઢીની સ્થળતા સંચાલન અંગેની જવાબદારી રાજ્યની રહેશે.

**3)** **રાજ્યના નીતિ અને નિયમો પર ચાલતા ક્ષેત્રો :** મીઠું, મોટર, ઓટોમોબાઈલ્સ, ટ્રેક્ટર, ઈલેકટ્રીક, ભારે યંત્રો, મશિન ટુલ્સ, દવાઓ, ખાતર, રબ્બર, ખાંડ, સિમેન્ટ, રૂ, ઉન, કાગળ, છાપકામ, વિજળી, હવાઈ અને દરિયાઈ વાહન વ્યવહાર વગેરે ખાનગીક્ષેત્ર હસ્તક હોય છે. પરંતુ આ તમામ ક્ષેત્રોમાં સરકારના નીતિ, નિયમો આધારિત ચાલતા ક્ષેત્રો છે.

**4)** **આ સિવાયના ઉદ્યોગો :** ઉપરોક્ત દર્શાવેલ સિવાયના બીજા બાકીના બધા જ ઉદ્યોગો ખાનગીક્ષેત્ર માટે વ્યક્તિગત, ભાગીદારી, સહકારી ધોરણે ચલાવવા માટે ખુલ્લા રાખવામાં આવ્યા છે. તેમ છતાં જો આ પ્રકારના ક્ષેત્રોની કામગીરી સંતોષકારક ન હોય તો સરકાર તેમાં દખલગીરી કરી શકે તેવી સંપૂર્ણ સત્તા આપવામાં આવી છે.

**5)** **ગૃહ અને નાના ઉદ્યોગોનું સ્થાન :** અગાઉના પ્રકરણમાં આપણે જોયું કે ભારતીય અર્થતંત્રમાં રોજગારી વધારવા માટે, સ્થાનિક સાધન સંપત્તિનો ઉપયોગ વગેરે દ્રષ્ટિએ ગૃહ અને નાના ઉદ્યોગોનું મહત્ત્વનું સ્થાન રહ્યું છે. આ પ્રકારના ઉદ્યોગો માટે સરકારે વિશેષ જવાબદારી સ્વીકારી છે. આમ, 1948 માં ઔદ્યોગિક નીતિમાં આ પ્રકારના ઉદ્યોગોના વિકાસ માટેની જોગવાઈ સ્વીકારવામાં આવે છે.

**6)** **સંચાલકો અને મજૂરો વચ્ચેના સંબંધો :** ભારતમાં ઉદ્યોગક્ષેત્રે જો સૌથી જ્વલંત પ્રશ્ન જોવા મળે છે તે સંચાલકો અને મજૂરો વચ્ચેના સંબંધો છે. સંબંધો જળવાઈ રહે અને તેના દ્વારા ઉદ્યોગોનું ઉત્પાદન વધે તે જરૂરી છે અને તેવી અપેક્ષાથી મજૂરો માટે સારી આદર્શ સ્થિતિ નિર્માણ કરવાની, મજૂરોને યોગ્ય વ્યાજબી વેતન, રહેઠાણની સારી સગવડ વગેરેનો સમાવેશ આ નીતિમાં કરવામાં આવ્યો હતો.

**7)** **વિદેશી મૂડી :** સ્વતંત્ર ભારત પાસે ઉદ્યોગોના વિકાસ માટે પૂરતી મૂડી ન હતી. દેશ આઝાદ થયો ત્યારે ભારત પાસે વિવિધ સમસ્યાના ઉદ્ભવ થયેલા હતા. આ પરિસ્થિતિમાં ઉદ્યોગોનો વિકાસ કરવો એ મુશ્કેલ કામ હતું અને આ કામ માટે વિદેશી મૂડી ખૂબ જ આવશ્યક હતી પરંતુ વિદેશી મૂડી પતિઓ દેશનો નફો પોતાના દેશમાં લૂંટીને લઈ ન જાય તે માટે સરકારે ઉદ્યોગોનું હિત, માલિકી અને અસરકારક નિયંત્રણ સરકાર હસ્તક રાખવાનું નક્કી કર્યું હતું અને તેની સ્પષ્ટતા પણ કરી હતી.

8) **ઔદ્યોગિક નીતિમાં વહીવટી તંત્ર :** 1948ની ઔદ્યોગિક નીતિમાં એક એવી પણ જોગવાઈ કરવામાં આવી હતી કે સરકાર દેશના ઉદ્યોગોની અયોગ્ય હરિફાઈ અટકાવવા માટે જકાત નીતિ અપનાવશે. કરવેરાના માળખામાં એવા પ્રયાસ કરશે કે જેથી બચત = મૂડી રોકાણ થાય અને મૂડી રોકાણને પ્રોત્સાહન મળે અને સ્થાનિકથી કેન્દ્રીય સ્તર સુધી અસરકારક વહીવટ કરી શકાય.

### 8.3.4 સારાંશ :

આમ, ભારત સરકારે તેની પ્રથમ ઔદ્યોગિક નીતિમાં જ મિશ્રઅર્થતંત્રનો સ્વીકાર કરીને ખાનગીક્ષેત્રને પણ જરૂરિયાત અનુસાર કામગીરી સોપી. સરકારે લગભગ મોટાભાગની પ્રવૃત્તિ પર દેખરેખ રાખવાની નિયંત્રણ રાખવાની શરૂઆતથી જ સ્પષ્ટતા કરી હતી. સરકારે વિદેશી મૂડીનું મહત્ત્વ સ્વીકાર્યું હતું અને દેશના સર્વાંગી વિકાસ માટે તથા દેશમાં વણવપરાયેલા સાધનોના પૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ થાય તે માટે ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ થાય તેવું સ્વીકાર્યું હતું. તેમ છતાં વિવિધ સ્તરની સરકાર વચ્ચે સંકલનનો અભાવ હતો જેનું મુખ્ય કારણ કેન્દ્ર સરકારના દબાણ અને નિયંત્રણ ખૂબ જ વધારે હતા જેથી આ નીતિ દ્વારા ખાનગીક્ષેત્રનો યોગ્ય વિકાસ થયો ન હતો.

## 8.4 1956ની ઔદ્યોગિક નીતિ :

### 8.4.1 પ્રસ્તાવના :

ભારતમાં 1948ની જે ઔદ્યોગિક નીતિ હતી સ્વતંત્રતા પછીના તરતના એક જ વર્ષની નીતિ હતી. તે સમયે દેશે ચોક્કસ પ્રકારના આયોજનનો અમલ કર્યો ન હતો તેથી 1948ની જે ઔદ્યોગિક નીતિ હતી તેની સરખામણીમાં 1956ની ઔદ્યોગિક નીતિ ખૂબ જ અલગ હતી અને આમ પણ માણસ કોઈ પ્રકારનું કામ કરે તેનાથી ભૂલ થાય, તેને શિખામણ મળે પછી ફરી વખત તે તેવા જ પ્રકારના કામમાં ફેરફાર લાવે છે. તેમ 1948 કરતાં 1956ની ઔદ્યોગિક નીતિમાં ઘણા ફેરફારો કરવા પડ્યાં હતાં.

1950ના રોજ દેશભરમાં બંધારણ અમલમાં આવ્યું હતું. 1954માં લોકસભાએ સમાજવાદી સમાજ રચનાનો સ્વીકાર કર્યો હતો. આ જ સમયે બીજી પંચવર્ષીય યોજનામાં ઝડપી ઔદ્યોગિકરણનો પાયો નંખાયો હતો. જેમાં પાયાના અને ચાવીરૂપ અને વ્યૂહાત્મક દ્રષ્ટિએ અગત્યના ઉદ્યોગો સરકારની માલિકી અને સંચાલન હેઠળ મૂકવામાં આવ્યા હતાં. આમ, જવાહરલાલ નહેરૂએ 30 એપ્રીલ 1956 ના ભારતસરકારે તેની ઔદ્યોગિક નીતિનો ઠરાવ રજૂ કર્યો હતો.

### 8.4.2 1956ની ઔદ્યોગિક નીતિના હેતુઓ :

- દેશમાં ઝડપી ઔદ્યોગિકરણનો અમલ થાય તેવા પ્રયાસો કરવા.
- દેશમાં આવેલા મહત્ત્વના, પાયાના, ચાવીરૂપ વ્યૂહાત્મક ક્ષેત્રોમાં જાહેર ક્ષેત્રની ભૂમિકામાં વધારો કરવો.
- ગૃહઉદ્યોગો અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ થાય તેવા પ્રયાસો કરવા
- દેશમાં આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો કરવો.
- સરકારે રોજગારીમાં વધારો કરવો તથા પ્રજાના જીવનધોરણમાં વધારો થાય તેવા પ્રયાસો કરવા જોઈએ.
- નાના પાયાના ઉદ્યોગો અને ગૃહઉદ્યોગોને પ્રોત્સાહન આપવું.

### 8.4.3 1956ની ઔદ્યોગિક નીતિની જોગવાઈઓ :

અહીં, આપણે 1956ની ઔદ્યોગિક નીતિમાં કરવામાં આવેલી મુખ્ય બાબતોનીચે મુજબ કરવામાં આવેલ છે જે વિગતે તપાસીએ.

1) **ઉદ્યોગોનું નવું વર્ગીકરણ :**

1956ની ઔદ્યોગિક નીતિમાં કોઈ પણ ઉદ્યોગોનું વર્ગીકરણ કરવામાં આવ્યું ન હતું. જ્યારે

1956ની ઔદ્યોગિક નીતિમાં ઉદ્યોગોનું ત્રણ ભાગમાં "અ, બ અને ક" માં વર્ગીકરણ કરવામાં આવ્યું હતું.

- જેમાં ભાગ ×અ× માં જે ઉદ્યોગોનો વિકાસ વધારે થઈ શકે તેવા 17 ઉદ્યોગોની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે. જેમાં શસ્ત્ર સરંજામ, અણુશક્તિ, લોખંડ પોલાદ, ખનિજ તેલ, વિમાન બાંધકામ, વિમાન વ્યવહાર, રેલ્વે વ્યવહાર, ભારે યંત્રો, કોલસો વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે-સાથે આ પ્રકારના ઉદ્યોગોમાં ખાનગીક્ષેત્રને પરવાનગી આપવામાં આવી નથી. તથા જાહેરક્ષેત્ર જ તેની અન્ય શાખાઓ ખોલી શકે છે.

- અહીં, ભાગ ×બ× માં એવા ઉદ્યોગો વિશે વાત કરવામાં આવે છે કે જેમાં ખાનગી એકમોને પણ રાજ્યના પ્રયાસોમાં વિકાસ કરવાની પૂરી તક આપવામાં આવશે. આ પ્રકારના ઉદ્યોગોની કુલ સંખ્યા 12 હતી. આવા પ્રકારના ઉદ્યોગો એલ્યુમિનિયમ, મશિનટૂલ્સ, રસાયણ ઉદ્યોગ, દવાઓ, રાસાયણિક ખાતરો, રસ્તા પરનો વાહન વ્યવહાર વગેરેનો સમાવેશ થાય છે. જોકે સરકારે રાષ્ટ્રિયકરણ કરવું કે કેમ તે સરકાર જ નક્કી કરશે.

- આ વિભાગમાં 29 ઉદ્યોગોનો સમાવેશ કર્યો નથી. જેમાં પ્રથમ વિભાગના કુલ 17 અને બીજા વિભાગના કુલ 12 એમ કરીને કુલ '29' ઉદ્યોગો છે. આ 29 ઉદ્યોગો સિવાયના બધા જ ઉદ્યોગોનો સમાવેશ થયો છે. જેનો વિકાસ ખાનગીક્ષેત્ર પર રાખવામાં આવ્યો છે. આ ખાનગીક્ષેત્ર 1951ના ઉદ્યોગો માટેના વિકાસ અને નિયમન ધારાને આધીન રહીને ઉદ્યોગોનો વિકાસ કરી શકશે.

### ★ 1956ની ઔદ્યોગિક નીતિ અને નાના તથા ગૃહઉદ્યોગ :

આમ, આઝાદીથી ભારતમાં નાના અને ગૃહ ઉદ્યોગોનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું હતું. નાના અને ગૃહઉદ્યોગો રોજગારી વધારવામાં, ઉત્પાદનની દ્રષ્ટિએ, સંસાધનોનો પૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ કરવાની દ્રષ્ટિએ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. 1956ની નીતિમાંનીચે મુજબના મુખ્ય પગલાં લેવામાં આવ્યા હતાં.

- નાના પાયાના ઉદ્યોગોનો ઝડપી વિકાસ કરવો.
- નાના પાયાના ઉદ્યોગોને કરવેરામાં રાહત આપવી.
- નાના પાયાના ઉદ્યોગોને ધિરાણની સુવિધા પૂરી પાડવી વગેરે.

### ★ 1956ની ઔદ્યોગિક નીતિ અને પ્રદેશ :

1956ની ઔદ્યોગિક નીતિમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે દરેક પ્રદેશમાં ઉદ્યોગોની સ્થાપના કરવી તથા તેનો વિકાસ કરવો. આ સાથે-સાથે ઉદ્યોગોના વિકાસથી જે તે પ્રદેશનો પણ વિકાસ થઈ શકે તેમ છે પરંતુ આ પ્રકારના વિકાસથી પ્રાદેશિક અસમાનતા ઉભી ન થાય તેનું ધ્યાન રાખવું પડશે. જે સંદર્ભે સરકાર દ્વારા વાહન વ્યવહાર, ઊર્જા, પાણી, વિજળી વગેરે જેવી સગવડ આપવી પડશે.

### ★ 1956ની ઔદ્યોગિક નીતિ અને વિદેશી મૂડી અને મદદ :

1956ની ઔદ્યોગિક નીતિમાં જેવી રીતે દેશના વિકાસ માટે ઝડપી ઔદ્યોગિકરણ માટે વિદેશી મૂડી અને મદદનો સ્વીકાર કરવામાં આવ્યો હતો તેવી જ રીતે 1956ની ઔદ્યોગિક નીતિમાં પણ વિદેશી મૂડીને આવકારવામાં આવી હતી. આ સાથે-સાથે એવું પણ નક્કી કરવામાં આવ્યું હતું કે સ્થાનિક મૂડી અને વિદેશી મૂડી વચ્ચે કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખવામાં આવશે નહી. આમ, વિદેશી મદદ અને મૂડીને આવકારવામાં આવી હતી.

### ★ 1956ની ઔદ્યોગિક નીતિ અને જાહેર સાહસોનો વહીવટ :

1956ની ઔદ્યોગિક નીતિમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે જાહેર સાહસોનો વહીવટ વ્યાપારી ધોરણો અને ધારાઓ પ્રમાણે થવો જોઈએ. તથા તેનું વહીવટી માળખું તથા સત્તાનું

વિકેન્દ્રીકરણ થાય તે બાબતને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું હતું. પરંતુ આ બાબતે એ વાત પણ ધ્યાનમાં રાખવાની હોય છે કે જાહેર સાહસોને કુશળ, તાલીમ પામેલા અને ટેકનીકલ જ્ઞાન ધરાવતા સંચાલકો અને કર્મચારીઓનો અભાવ જોવા મળે છે. તથા સરકાર દ્વારા પણ આ બાબતે કોઈ ગંભીરતા લેવામાં આવી નથી. વાસ્તવિક્તા પણ એ જ છે કે ઝડપી ઔદ્યોગિક વિકાસ માટે તાલીમ પામેલા કર્મચારીની પૂર્ણ આવશ્યક્તા છે.

★ **1956ની ઔદ્યોગિક નીતિ અને ઔદ્યોગિક સંબંધ :**

1956ની ઔદ્યોગિક નીતિમાં જે ઔદ્યોગિક સંબંધ વિશે વાત કરવામાં આવી હતી તે જ વાત 1948ની ઔદ્યોગિક નીતિમાં પણ હતી. કારણકે દેશમાં ઔદ્યોગિક વિકાસની પૂર્વ શરત ઔદ્યોગિક શાંતિ છે. સામાન્ય રીતે ઔદ્યોગિક સંબંધમાં શ્રમિકો અને માલિકો વચ્ચેના સંબંધોનો સમાવેશ થાય છે. શ્રમિકોને યોગ્ય વેતન વસાહતની સુવિધા વગેરે મળે તે જરૂરી છે. આમ, 1956ની ઔદ્યોગિક નીતિમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે.

♦ **સારાંશ :**

આમ, 1956ની જે ઔદ્યોગિક નીતિનું ઉદ્યોગોનું વર્ગીકરણ સંપૂર્ણ રીતે વિસ્તારની રીતે અપૂરતું છે. પરંતુ સરકારને જરૂર જણાય ત્યાં ખાનગીક્ષેત્રની મદદ આવકાર્ય છે. તથા ભાગ ત્રણમાં વધુ માં વધુ ખાનગીક્ષેત્ર ભાગીદાર બને તે જરૂરી હતું. પરંતુ અહીં, નોંધવા જેવી વાત એ પણ હતી કે 1956ની ઔદ્યોગિક નીતિ બાદ ઔદ્યોગિક ઉત્પાદનમાં વધારો થયો છે. ખાનગીક્ષેત્રમાં આંતરિક રીતે બાહ્ય મૂડીરોકાણમાં વધારો થયો હતો. આ સાથે-સાથે જાહેરક્ષેત્રમાં પણ મૂડી રોકાણમાં વધારો થયો છે. ભારતનું ઔદ્યોગિક માળખું વૈવિધ્યપૂર્ણ બન્યું છે. આ સાથે સમાદવાદી સમાજ રચના સમતોલ પ્રાદેશિક વિકાસ જેવાં સામાજીક ઉદ્દેશો સિધ્ધ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. સાથે-સાથે કેટલીક મર્યાદાઓ પણ રહી છે. જેવી કે નાના ઉદ્યોગોનો વિકાસ રૂંધાય છે જ્યારે મોટા ઉદ્યોગોનો વિકાસ થાય છે. જાહેરક્ષેત્ર પર વધુ પડતો વિશ્વાસ મુકવામાં આવ્યો છે. તથા રાજ્યએ શક્તિ કરતા વધારે પ્રમાણમાં જવાબદારી ઉઠાવી છે.

## 8.5 1977ની ઔદ્યોગિક નીતિ :

### 8.5.1 પ્રસ્તાવના :

આઝાદી બાદની ભારતની આ ઔદ્યોગિક નીતિ ખૂબ જ રચનાત્મક નીતિ હતી કારણકે ભારત સરકારમાં સૌ પ્રથમ વાર સંયુક્ત મોરચા જેવી જનતાપક્ષની સરકાર અસ્તિત્ત્વમાં આવી હતી. આમ, કેન્દ્ર સરકારમાં સત્તા બદલાવવાથી જનતાપક્ષની સરકાર અસ્તિત્ત્વમાં આવી હતી. આમ, નવી સરકારે કંઈક નવીન રજૂઆત કરવી જોઈએ તે રીતે જનતાપક્ષની સરકારે પોતાની ઔદ્યોગિક રજૂ કરી હતી. આ સરકારે 23 ડિસેમ્બર 1977 ના રોજ સંસદ સમક્ષ પોતાની ઔદ્યોગિક નીતિની જાહેરાત કરી હતી.

### 8.5.2 1977ની ઔદ્યોગિક નીતિના ઉદ્દેશો :

- ઔદ્યોગિકરણના ઝડપી વિકાસ કરવા માટે રોજગારીમાં ઝડપી વધારો કરવો.
- ખાદી અને ગ્રામોદ્યોગનું વિસ્તરણ કરવું.
- દરેક જીલ્લામાં ઉદ્યોગોના વિકાસ કેન્દ્રોની શરૂઆત કરવી.
- પ્રજાના સામાન્ય જીવન ધોરણમાં સુધારો કરવો.
- જાહેરક્ષેત્રમાં અર્થતંત્રનું મહત્ત્વનું સ્થાન ગણવામાં આવશે.
- પ્રત્યક્ષ ગ્રામ્ય વિસ્તારમાં નાના અને મધ્યમ કદના ઉદ્યોગોનો વિકાસ કરવો જોઈએ.
- ખેતી અને ઉદ્યોગક્ષેત્ર વચ્ચે સુઆયોજીત સંકલન કરવાનો હેતુ જણાય છે.

### 8.5.3 1977ની ઔદ્યોગિક નીતિની મુખ્ય જોગવાઈઓ :

- **ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો અંગેની જોગવાઈ:**

  અગાઉની ઔદ્યોગિક નીતિમાં 180 જેટલી વસ્તુઓને ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોના વિકાસ માટે અનામત રાખવામાં આવ્યાં હતાં. જે નવી ઔદ્યોગિક નીતિમાં કુલ 504 વસ્તુઓને અનામત રાખવામાં આવી હતી.આમ, નવી 324 વસ્તુઓ વધારી હતી. ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો દ્વારા બેરોજગારી અને અર્ધ બેરોજગારી ઘટાડવા તથા શ્રમશક્તિનો પૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે ગૃહ અને નાના પાયાનો ઉપયોગ પર ભાર મૂક્યો હતો તથા નાણાંકીય સહાય આપવી. ખેતી અને ઉદ્યોગ વચ્ચે યોગ્ય સંકલન જળવાય રહે તેવી જોગવાઈ કરવી. ખાદી ઉદ્યોગને પ્રાધાન્ય આપવું.

- **વિદેશી મૂડી અંગેની જોગવાઈઓ :**

  ભારત દેશમાં જે ઉદ્યોગોનો વિકાસ પૂરતાં પ્રમાણમાં થયો નથી ત્યાં વિદેશી મૂડી અને વિદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. વિદેશી મૂડીરોકાણ અંગેની નીતિમાં "ફોરેન એક્ષ્ચેન્જ રેગ્યુલેશન એક્ટ×ની જોગવાઈઓનો કડક અમલ કરવામાં આવશે. વિદેશોમાં ભારતીય નિયોજકોને પ્રોત્સાહન આપવામાં આવશે. કાયમી સંરક્ષણ નીતિનો ત્યાગ કરવામાં આવશે. ઔદ્યોગિક એકમના કુલ મૂ.રો.ના વિદેશી મૂ.રો.ના 40 ટકા સુધી રાખવા દેવામાં આવશે.

- **જાહેરક્ષેત્રના ઉદ્યોગો અંગેની જોગવાઈઓ :**

  જાહેરક્ષેત્રનું 1977ની ઔદ્યોગિક નીતિમાં મહત્ત્વ રહ્યું છે. 1977ની નીતિમાં એવી પણ વાત દર્શાવવામાં આવે છે કે જાહેરક્ષેત્રના ઉદ્યોગો કાર્યક્ષમતાપૂર્વક કામગીરી કરે તો જાહેરક્ષેત્રના ખોટને બદલે નફો કરે તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

- **વિવિધ ઔદ્યોગિક સંબંધો અંગેની જોગવાઈઓ :**

  ભૂતકાળની ઔદ્યોગિક નીતિમાં માત્ર શ્રમિકોને તેમની મજૂરી પૂરતું જ વળતર આપવામાં આવતું હતું. પરંતુ નવી 1977ની ઔદ્યોગિક નીતિ કર્મચારીઓને ઔદ્યોગિક સંચાલનમાં ભાગીદાર બનાવવા આવશે તેવી જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત જે ઔદ્યોગિક એકમો માંદા છે તેવા ઔદ્યોગિક એકમો રાજ્ય હસ્તક કરવામાં આવશે. પહેલાના સમયમાં માલિકો અને મજૂરો વચ્ચે ખૂબ જ ઘર્ષણ થતું હતું જે નવી નીતિમાં એવી જોગવાઈ કરવામાં આવી કે માલિકો અને શ્રમિકો વચ્ચેના સંબંધો સહકારભર્યા રહે તેના પર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત જે શ્રમિકો માંદા ઔદ્યોગિક એકમોમાં કામ કરે છે તેમને રોજગારી અંગેનું રક્ષણ આપવામાં આવશે. તથા માંદા ઔદ્યોગિક એકમો સરકાર પોતાને હસ્તક લઈને તેમની પુનઃસ્થાપના માટે ઝડપી અસરકારક કામગીરી હાથ ધરે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

- **ભાવ સ્થિરતા અંગેની જોગવાઈઓ :**

  1977ની ઔદ્યોગિક નીતિમાં ભાવ સ્થિરતા અંગેની એવી જોગવાઈઓ લેવામાં આવી હતી જેમાં ખેતપેદાશો અને ઔદ્યોગિક પેદાશો વચ્ચેના સાપેક્ષ ભાવો સ્થિર રહે તથા આર્થિક ન્યાય અને સંતુલન રહે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

- **શહેરી વિસ્તાર અંગેની જોગવાઈઓ :**

  ઔદ્યોગિક એકમોની સ્થાપના બાબતે શહેરી વિસ્તારમાં નવા ઔદ્યોગિક એકમો શરૂ કરવા નહી દેવાય. તથા ગ્રામ્ય વિસ્તારોમાં આવા ઔદ્યોગિક એકમોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

- **મોટા પાયાના ઉદ્યોગો અંગેની નીતિ :**

  મોટા પાયાની ઔદ્યોગિક નીતિ અંગે 1977ની નીતિમાં ચાર ભાગ પાડવામાં આવ્યા છે. જેમાં

પ્રથમ ભાગમાં પાયાના ઉદ્યોગો, બીજા ભાગમાં મૂડી વસ્તુઓ ઉત્પન્ન કરતાં ઉદ્યોગો, ત્રીજા ભાગમાં ઉચ્ચ પ્રકારની ટેકનેલોજીનો ઉપયોગ કરતાં રાસાયણિક ખાતર, મશિન ટુલ્સ, જંતુનાશક દવાઓ, ખનિજતેલ વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે ચોથા ભાગમાં અન્ય ઉદ્યોગોનો સમાવેશ કરવામાં આવે છે.

**8.5.4**

1977ની ઔદ્યોગિક નીતિ અંગેની જે વાત કરીએ છે તો આપણને 1956ની ઔદ્યોગિક નીતિ યાદ આવે છે. કારણ કે બંનેમાં કોઈ તફાવત રહેતો નથી. કારણ કે બંને ઔદ્યોગિક નીતિમાં આર્થિક - સામાજીક હેતુઓ એકસરખા જ છે. મિશ્ર અર્થતંત્રનો સ્વીકાર કરવામાં આવ્યો છે. નાના અને ગૃહઉદ્યોગોને વિશેષ સહાય આપવામાં આવી છે પરંતુ મર્યાદાઓ પણ છે.

## 8.6 1991ની ઔદ્યોગિક નીતિ :

ભારતમાં જે 1991ની ઔદ્યોગિક નીતિ હતી તે ભારતમાં આર્થિક સુધારાના કાર્યક્રમ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં આ સુધારાનો અમલનો આરંભ (સ્વ.)શ્રી રાજીવ ગાંધીના કાર્યકાળ દરમિયાન મુકવામાં આવ્યો હતો. 1985માં વડાપ્રધાન પદ સંભાળ્યા બાદ તુરત જ તેમણે સરકારની આર્થિક નીતિમાં સુધારો લાવવાની રૂપરેખા આપી હતી જેને મુખ્ય હેતુ ઉત્પાદક્તામાં સુધારો, અદ્યતન ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ વગેરે પર ભાર મુક્યો હતો. આ આર્થિક નીતિમાં ખાનગીક્ષેત્રને વધારે મહત્ત્વ આપવાની ભૂમિકા હતી. જે માટે કોમ્પ્યુટીકરણ અને ટેકનોલોજીકલ ઉર્ધ્વીકરણ, ઉદારીકરણ , કેટલાંક બિનજરૂરી અંકુશો અને નિયંત્રણોની નાબુદી પગલાં લેવામાં આવ્યા. 1985 થી 90ના પાંચ વર્ષ દરમિયાન વેપારતુલાની સરેરાશ વાર્ષિક ખાધમાં લગભગ બમણો વધારો થયો હતો.

ભારતમાં આર્થિક કટોકટીની ઘટના આમ તો કોઈ નવી વાત નથી. 1980ના દસકાના અંતમાં અને 1990ના દસકાના શરૂઆતના સમયમાં જે તીવ્ર કટોકટી ઉભી થઈ હતી તે કદાચ અભૂતપૂર્વ હતી તેમ કહી શકાય તેવી હતી. 1990-91ના સમયગાળામાં લેણદેણની તુલાની વિકટ સમસ્યા હતી, નિકાસ વૃધ્ધિમાં કોઈ ફેર પડ્યો ન હતો. આ ઉપરાંત સરકારી ઉથલ પાથલ પણ વારંવાર આવી હતી જેમાં નવેમ્બર 1989 અને જૂન 1991ના બે વર્ષના સમયગાળામાં કેન્દ્રમાં ત્રણ વખત સરકાર બદલાઈ હતી. દેશમાં ફુગાવાનો દર 16 ટકા જેટલો ઊંચો હતો અને સરકારની રાજકોષીય ખાદ્ય એ કુલ રાષ્ટ્રિય પેદાશના 8.5 ટકા જેટલી ઊંચી હતી.

આમ, જૂન 1991માં તે વખતની સરકારે જ્યારે સત્તા સંભાળી ત્યારે આર્થિક પરિસ્થિતિ એટલી બધી વણસી ચૂકેલી હતી કે આર્થિકક્ષેત્રે જલદ પગલાં લીધા વિના અર્થતંત્રને ભાંગી પડતું અટકાવવું લગભગ અશક્ય હતું.

શ્રી પી.વી. નરસિંહરાવની સરકારે જૂન 1991માં નવી ઔદ્યોગિક નીતિ દેશના ઔદ્યોગિક વિકાસને નવો વળાંક આપવા માટે તૈયાર કરવામાં આવી હતી. આ ઔદ્યોગિક નીતિનો મૂળભૂત હેતુ સામાન્ય પ્રજાને આર્થિક તથા સામાજીક ન્યાય અપાવવાનો હતો. આમ, આવા પ્રકારના ઉદ્દેશોની સિદ્ધિ માટે ઝડપી ઔદ્યોગિક વિકાસ જરૂરી માનવામાં આવતો હતો.

### 8.6.2 1991ની ઔદ્યોગિક નીતિના હેતુઓ :

- યોગ્ય ઔદ્યોગિક માળખું તૈયાર કરવું.
- ભારતના આયોજકો / નિયોજકોના કૌશલ્યનો પૂર્ણતમ ઉપયોગ કરવો.
- સંશોધન માટે વિકાસના પૂરતા પગલાં ભરવા.
- કાર્યક્ષમતા અને ઉત્પાદક્તા સુધારવી અને વધારવી.
- ઈજારાયુક્ત પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવી.
- શ્રમિકોને રોજગારી પૂરી પાડવાની, તાલીમ આપવાની તથા સામાજીક સુરક્ષાની સગવડ પુરી પાડવી.

- સામાજીક ન્યાય પ્રાપ્ત થાય તેવા પ્રયાસો કરવા.

- દેશના પ્રાપ્ય સાધનોનો ઉત્પાદન બાબતમાં પૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ કરવો.

**8.6.3 1991ની ઔદ્યોગિક નીતિની મુખ્ય જોગવાઈઓ :**

**1) પરવાના અને રજીસ્ટ્રેશન નાબુદી :**

જો ભારતમાં નવા ઉદ્યોગોની શરૂઆત કરવાની હોય કે ચાલુ ઉદ્યોગોનો વિકાસ કરવાનો હોય તો 1951ના ઉદ્યોગો અંગેના કાયદા હેઠળ મંજૂરી મેળવવી જરૂરી હતી પરંતુ 1991ની ઔદ્યોગિક નીતિમાં 15 ઉદ્યોગો સિવાયના બાકીના બધા જ ઉદ્યોગો માટે પરવાના પધ્ધતિ દૂર કરવામાં આવી છે. આ 15 ઉદ્યોગોમાં કોલસો, પેટ્રોલિયમ, ખાંડ, સિગારેટ, જોખમી રમખાણો, દવાઓ, ઔષધો વગેરેનો સમાવેશ થાય છે. આ સિવાયના ઉદ્યોગોમાં ખાનગીક્ષેત્ર દ્વારા મૂડીરોકાણ કરવાની છૂટ હતી. ઉદ્યોગો માટે તમામ ફરજિયાત નોંધણીની વિધિ નાબુદ કરવામાં આવી. નવા સાહસિકોએ માત્ર નવા પ્રોજેક્ટ અને નોંધપાત્ર વિસ્તરણ માટે માહિતી અંગેનું સમજૂતી પત્ર દાખલ કરવાનું રહે છે.

**2) ઈજારાશાહીના કાયદામાં છુટકારો :**

1991 પહેલાની નીતિમાં MRTP કાયદો અમલમાં હતો જે 1991ની ઔદ્યોગિક નીતિમાં કાયદો દૂર કરવામાં આવ્યો. જે અંતર્ગત કંપનીઓએ નવા એકમોની સ્થાપના વિસ્તરણ, વિલિનીકરણ, કોઈ કંપની સાથે જોડાણ કરવું વગેરે માટે કેન્દ્ર સરકારની મંજૂરી લેવાની જરૂર રહેશે નહી.

**3) આયાત અંગેની નીતિ :**

1991ની ઔદ્યોગિક નીતિમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે વિદેશમાંથી મૂડી કે માલની આયાત કરવી હોય તો તેમને કોઈ પણ પ્રકારની મંજૂરી લેવાની રહેતી નથી. જો દેશ પાસે વિદેશી હૂંડીયામણ હોય તો દેશ આયાત કરી શકે તેમ છે. તેવી જ રીતે જો કંપની પાસે વિદેશી હૂંડિયામણ હશે તો તે કંપનીને આપોઆપ આયાત કરવાની મંજૂરી મળી જ જાય છે.

**4) શ્રમિકો અંગેની નીતિ :**

1991 પહેલાની નીતિમાં પણ શ્રમિકોના કલ્યાણ અંગેની નીતિ અમલમાં હતી તેવી જ રીતે 1991ની ઔદ્યોગિક નીતિમાં પણ મજૂરોના હિતોનું રક્ષણ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. ટેકનોલોજીને અનુરૂપ શ્રમિકોને તાલીમ આપવામાં આવશે. મજૂર તથા શ્રમિકોના કલ્યાણકારી યોજનાઓમાં વધારો કરવામાં આવશે.

**5) વિદેશી મૂડીરોકાણ અંગેની નીતિ :**

- વિદેશી મૂડીરોકાણની પ્રક્રિયા સરળ બનાવવામાં આવી.
- FERA માં સુધારો કરવામાં આવ્યો.
- FERA અંતર્ગત મહત્ત્વના 34 ઉદ્યોગોમાં વિદેશી મૂડીનો હિસ્સો 51% સુધી વધારવામાં આવ્યો.
- આ 34 ઉદ્યોગોમાં યંત્રો, કાચોમાલ, ટેકનોલોજી વગેરે માટે સામાન્ય નિયમો લાગુ પાડવામાં આવ્યા.
- વિદેશી મૂડીરોકાણની મંજૂરી માટે એક વિશેષ અધિકાર બોર્ડની રચના કરવામાં આવી.

**6) ઉદ્યોગોના સ્થળ અંગેની નીતિ :**

1991 પહેલાંની ઔદ્યોગિક નીતિમાં ઔદ્યોગિક એકમ સ્થાપવા માટે સરકારની મંજૂરી લેવી પડતી હતી પરંતુ 1991ની નીતિમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે 10 લાખથી વધુ વસ્તી સિવાયના સ્થળે ઔદ્યોગિક એકમો સ્થાપવા માટે કેન્દ્ર સરકારની મંજૂરી મેળવવાની રહેશે નહી. 10 લાખથી વધુ વસ્તીવાળા વિસ્તારોમાં જો ઈલેકટ્રોનીક કમ્પ્યુટર, સોફ્ટવેર અને પ્રિન્ટીંગ જેવાં પ્રદુષણ સર્જક ન હોય તેવા ઉદ્યોગો જ સ્થાપવા અને પ્રદૂષણ સર્જક

ઉદ્યોગો શહેર વિસ્તારથી 25 કિલોમીટર દૂર હોવા જોઈએ તેવી પણ જોગવાઈ કરવામાં આવી હતી. સાથે-સાથે જમીનના વપરાશ અંગેના કાયદાઓ અને પ્રદુષણ સંબંધી નિયમો જે ચાલુ હતા તે ચાલુ જ રાખવા.

આ ઉપરાંત વસ્તીની ગીચતા સાથે સંકળાયેલી સમસ્યાને નિવારવા માટે એવી પણ જોગવાઈ કરી હતી કે પછાત વિસ્તારોમાં અને ગ્રામિણ વિસ્તારોમાં વધુમાં વધુ ઉદ્યોગો સ્થપાય અને તે માટે તેમને પ્રોત્સાહન આપવામાં આવશે.

**7) જાહેરક્ષેત્રના સાહસો અંગેની નીતિ :**

1991 પહેલાનીઔદ્યોગિક નીતિમાં જાહેરક્ષેત્ર માટે 17 એકમોને અનામત રાખવામાં આવ્યા હતાં. પરંતુ 1991ની નીતિમાં 17 એકમોમાંથી 11 એકમો ઘટાડીને માત્ર 6 ક્ષેત્રો જાહેરક્ષેત્રો માટે અનામત રાખવામાં આવ્યા ન હતા તેવા ક્ષેત્રોમાં જાહેરક્ષેત્રને પ્રવેશ કરવાની છૂટ આપવામાં આવી હતી. જાહેર સાહસોના સંચાલનને વધુ સ્વતંત્રતા આપવામાં આવશે અને તેમની જવાબદારીનો ખ્યાલ રાખવામાં આવશે.

**8) નાના અને લઘુ ઉદ્યોગો અંગેની નીતિ :**

1991ની ઔદ્યોગિક નીતિમાં નાના અને લઘુ ઉદ્યોગો માટે કરવામાં આવતા મૂડીરોકાણમાં વધારો કરવાની જોગવાઈ કરી અને તેમાં 2 લાખથી વધારીને 5 લાખ સુધી વધારવામાં આવ્યું, નાના અને લઘુ ઉદ્યોગોને કોઈપણ સ્થળ પર ઉદ્યોગ સ્થાપવાની છુટ હતી તેમને સ્થળબાધ ન હતો. આ ઉદ્યોગો માટે સંસ્થાકીય ધિરાણ, સરકારી ખરીદીને પ્રાધાન્ય, વિજળી, જમીન ફાળવણી, ટેકનોલોજી વગેરે સગવડો આપવામાં આવી. આ પ્રકારના ઉદ્યોગોને 100 ટકા ધિરાણની જરૂરિયાત સંતોષવાની છૂટ આપવામાં આવી. આધુનિકરણ અને ટેકનીકલ સુધારણાને ઉત્તેજન આપી મૂડીબજારનો વ્યાપ વધારવો. સ્થાપિત ઉત્પાદનક્ષમતાના આધારે નાના અને અતિ લઘુ એકમોને સ્થાનિક કાચા માલની ફાળવણીમાં અગ્રતા આપવામાં આવશે. મહિલા સાહસિકને વિશિષ્ટ તાલીમ કાર્યક્રમો દ્વારા વિશેષ સહાય આપવામાં આવશે. હેન્ડલૂમ, હેન્ડીક્રાફ્ટ તેમજ ખાદી, ગ્રામોદ્યોગના વિકાસ માટે એક પેકેજ દાખલ કરવાની દરખાસ્ત હતી.

### 8.6.4 સારાંશ :

1991થી જે ઔદ્યોગિક નીતિ અમલમાં આવી અને તેની જે મુખ્ય જોગવાઈઓ હતી તે ભારતના આર્થિક ઈતિહાસમાં એક નવી જ નીતિ હતી. નાના ઉદ્યોગો, ગૃહઉદ્યોગો, મોટા ઉદ્યોગો, દેશી અને વિદેશી ઉદ્યોગોનો વિકાસ થતાં ભારતના ઔદ્યોગિક માળખું નવું સ્વરૂપ પ્રાપ્ત થઈ શકે છે. 1991ની ઔદ્યોગિક નીતિમાં ખાનગીકરણ, બજાર વ્યવસ્થા અને વૈશ્વિકરણ વગેરે તેના મૂળતત્ત્વો હતા. જેને પરિણામે ભારતનો ઔદ્યોગિક વિકાસ અને આર્થિક વિકાસને ઉત્તેજન મળશે. ભારતમાં 1991ની ઔદ્યોગિક નીતિ અને ત્યારબાદ કરવામાં આવેલા ફેરફારથી ધંધાકીય સ્વરૂપમાં પરિવર્તન આવશે. ઉદારીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકીકરણ પ્રક્રિયાને કારણે આર્થિકક્ષેત્રે બજારતંત્ર દ્વારા આધારિત નિર્ણયો લેવાશે. ઈજારાશાહીવાળા પરિબળો વધશે, બજાર વધારાને પરિણામે બજાર ગ્રાહકલક્ષી બનશે, ગ્રાહક સર્વોપરી બનશે, ગ્રાહકોને વ્યાજબી ભાવે, સારી ગુણવત્તાયુક્ત વસ્તુઓ અને તેની સેવાઓ પ્રાપ્ત થશે. દેશના ઔદ્યોગિક માળખામાં વિવિધ પરિવર્તનો આવશે.

આમ, 1991ની ઔદ્યોગિક નીતિનો જો અભ્યાસ કરીએ તો ભારતીય અર્થતંત્રમાં તેની અસરોનીચે મુજબ જોવા મળે છે. 1991ની ઔદ્યોગિક નીતિથી જાહેરક્ષેત્રના પ્રભાવમાં ઘટાડો થયો છે, ખાનગીકરણનો વ્યાપ વધ્યો છે, ઉદારીકરણમાં પ્રગતિ થઈ છે, પ્રાદેશિક સમતુલામાં વધારો થયો છે, આંતર માળખાકીય સુવિધાઓ અને વેપાર વાણિજ્યની સુવિધાઓમાં પણ વધારો થયો છે. જેથી દેશના આર્થિક વિકાસને વેગ પ્રાપ્ત થશે.

## 8.7 શબ્દાવલી

**આર્થિક સુધારા** : આર્થિકક્ષેત્રે નિયંત્રણો હળવા કરવાની પ્રક્રિયા

**ઉદારીકરણ** : રાજ્ય અંકુશિત અર્થ-વ્યવસ્થામાં સ્વાતંત્ર્ય બજાર પરિબળ દ્વારા આર્થિક નિર્ણયોનો વ્યાપ વધે તે પ્રક્રિયા.

**ખાનગીકરણ** : ઔદ્યોગિક માલિકીનું જાહેરક્ષેત્રમાંથી ખાનગીક્ષેત્રમાં હસ્તાતરણ.

**વૈશ્વિકીકરણ** : દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે વધુ ને વધુ સાંકળવાની પ્રક્રિયા

## 8.8 તમારી પ્રગતિ ચકાસો

♦ **ખરાં - ખોટાં લખો.**

1) ઔદ્યોગિક વિકાસ દર એ ઔદ્યોગિક નીતિ પર આધારિત છે.

2) પ્રથમ ઔદ્યોગિક નીતિ 1947માં ઘડાઈ હતી.

3) ભારતમાં ઉદ્યોગક્ષેત્રે મજુરો અને માલિકો વચ્ચેનો સંબંધ સુમેળ ભર્યો હતો.

4) મજુરો માટે આદર્શ સ્થિતિનું નિર્માણ કરવા અંગેની નીતિ 1948 માં ઘડાઈ હતી.

5) 1948ની ઔદ્યોગિક નીતિ અને 1956ની ઔદ્યોગિક નીતિ બંનેમાં સામ્યતાઓ જોવા મળતી નથી.

6) 1956ની ઔદ્યોગિક નીતિ જવાહરલાલ નહેરૂએ રજુ કરી હતી.

7) શસ્ત્ર સરંજામ, અણુશક્તિ, ભારે યંત્રો વગેરેનો 'ક' વિભાગમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

8) 'અ' વિભાગમાં '28' ઉદ્યોગોનો સમાવેશ થાય છે.

9) 'બ' વિભાગમાં '12' ઉદ્યોગોનો સમાવેશ થાય છે.

10) 'ક' વિભાગમાં જે ઉદ્યોગોનો સમાવેશ થાય છે તે જ ઉદ્યોગોનો સમાવેશ 'અ' અને 'બ' વિભાગમાં કરવામાં આવ્યો છે.

11) ઔદ્યોગિક વિકાસની પૂર્વ શરત ઔદ્યોગિક શાંતિ છે.

12) 1977ની ઔદ્યોગિક નીતિમાં ભાવસ્થિરતા અંગે કોઈ જોગવાઈ કરવામાં આવી ન હતી.

13) 1977ની ઔદ્યોગિક નીતિમાં ગ્રામ્ય વિસ્તારમાં ઔદ્યોગિક એકમોને પ્રોત્સાહિત કરવાની જોગવાઈ કરવામાં આવી.

14) 1977ની ઔદ્યોગિક નીતિમાં પ્રત્યેક જીલ્લામાં ઔદ્યોગિક વિકાસ કેન્દ્રોની સ્થાપના થાય તે હેતુથી રાખવામાં આવ્યો.

15) સ્વ.શ્રી 'રાજીવ ગાંધી' ના કાર્યકાળ દરમિયાન ઔદ્યોગિક ક્ષેત્રે આર્થિક સુધારા અમલમાં આવ્યા હતાં.

16) 1986માં રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યાં હતાં.

17) 1977ની ઔદ્યોગિક નીતિમાં આધુનિક્તા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

18) 1991ની ઔદ્યોગિક નીતિમાં ઈજારાશાહીના કાયદામાં છૂટછાટ આપવામાં આવી હતી.

19) 1991ની ઔદ્યોગિક નીતિમાં વિદેશી મૂડીકોરાણ અંગેની પ્રક્રિયા સરળ બનાવવામાં આવી.

20) 1991ની ઔદ્યોગિક નીતિમાં જાહેરક્ષેત્રના સાહસો અંગેની કોઈ ચર્ચા કરવામાં આવી નથી.

21) 1991 પહેલાની ઔદ્યોગિક નીતિમાં જાહેરક્ષેત્ર માટે 21 ઉદ્યોગો અનામત રાખવામાં આવ્યા હતા.

22) 1991ની ઔદ્યોગિક નીતિમાં નાના અને લઘુ ઉદ્યોગો માટે ખૂબ જ અઘરા નિયમો બનાવવામાં આવ્યાં હતાં.

## 8.9 એક-બે વાક્યમાં જવાબ આપો.

1) ઔદ્યોગિક નીતિ એટલે શું ?

______________________________________________________________

______________________________________________________________

2) ઔદ્યોગિક નીતિને અસર કરતાં પરિબળો વર્ણવો.

______________________________________________________________

______________________________________________________________

3) બ્રિટિશ સરકારે ઉદ્યોગોના વિકાસ અને સંશોધન માટે કઈ સંસ્થાની સ્થાપના કરી હતી?

______________________________________________________________

______________________________________________________________

4) અંગ્રેજ સરકારે 1944 માં કઈ સંસ્થાની સ્થાપના કરી હતી ?

______________________________________________________________

______________________________________________________________

5) પ્લાનીંગ બોર્ડની રચના ક્યારે કરવામાં આવી હતી ?

______________________________________________________________

______________________________________________________________

6) સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન કોણ હતા ?

______________________________________________________________

______________________________________________________________

7) 1948ની ઔદ્યોગિક નીતિની જાહેરાત કોણે કરી હતી ?

______________________________________________________________

______________________________________________________________

8) મિશ્ર અર્થતંત્ર એટલે શું?

______________________________________________________________

______________________________________________________________

9) 1948ની અને 1956ની ઔદ્યોગિક નીતિના ઘડતર અંગે શું સામ્યતા જોવા મળે છે?

______________________________________________________________

______________________________________________________________

10) 1956ની ઔદ્યોગિક નીતિમાં ઉદ્યોગોના કેટલા ભાગમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે?

______________________________________________________________

______________________________________________________________

11) 1956ની ઔદ્યોગિક નીતિમાં 'બ' વિભાગમાં કેવા પ્રકારના ઉદ્યોગોનો સમાવેશ થાય છે?

______________________________________________________________

______________________________________________________________

12) 1956ની ઔદ્યોગિક નીતિમાં 'ક' વિભાગમાં કેવા પ્રકારના ઉદ્યોગોનો સમાવેશ થાય છે?

______________________________________________________________

______________________________________________________________

**13)** 1956ની ઔદ્યોગિક નીતિમાં 'અ' વિભાગમાં કેવા પ્રકારના ઉદ્યોગોનો સમાવેશ થાય છે?

______________________________________________

______________________________________________

**14)** ઔદ્યોગિક અશાંતિ એટલે શું ?

______________________________________________

______________________________________________

**15)** જનતાપક્ષની સરકારે સૌ પ્રથમ ઔદ્યોગિક નીતિ ક્યારે શરૂ કરી હતી?

______________________________________________

______________________________________________

**16)** 1977ની ઔદ્યોગિક નીતિમાં મોટા પાયાના વિવિધ ઉદ્યોગો અંગેનું વિભાજન સમજાવો.

______________________________________________

______________________________________________

**17)** 1977ની ઔદ્યોગિક નીતિ અંતર્ગત ઉચ્ચ પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ ધરાવતા ઉદ્યોગોમાં ક્યા ઉદ્યોગોનો સમાવેશ થાય છે?

______________________________________________

______________________________________________

**18)** સ્વ. શ્રી રાજીવ ગાંધી સૌ પ્રથમ ક્યારે વડાપ્રધાન બન્યા હતાં ?

______________________________________________

______________________________________________

**19)** ભારતમાં 1980 થી 1990ના સમયમાં ભારતીય અર્થતંત્રની સ્થિતિ વર્ણવો.

______________________________________________

______________________________________________

**20)** ભારતમાં 1980 થી 1990ના સમય દરમિયાન ભારતમાં ફુગાવાનો દર કેટલો જોવા મળ્યો હતો ?

______________________________________________

______________________________________________

**21)** 1991ની ઔદ્યોગિક નીતિમાં કેટલા ઉદ્યોગોને પરવાના હેઠળ રાખવામાં આવે છે?

______________________________________________

______________________________________________

**22)** 1991ની ઔદ્યોગિક નીતિમાં ક્યાં ક્યાં ઉદ્યોગો માટે મંજુરી લેવી આવશ્યક છે ?

______________________________________________

______________________________________________

**23)** વિદેશી હૂંડિયામણ એટલે શું ?

______________________________________________

______________________________________________

**24)** ફેરા (FERA) નું પૂરૂં નામ લખો.

______________________________________________

______________________________________________

**25)** 1991ની ઔદ્યોગિક નીતિમાં જાહેરક્ષેત્ર માટે કેટલા એકમો અનામત રાખવામાં આવ્યાં હતાં? ક્યાં ક્યાં ?

________________________________________________________________

________________________________________________________________

## 8.10 ચાર-પાંચ વાક્યમાં જવાબ આપો.

**1)** ઔદ્યોગિક નીતિ એટલે શું? વિસ્તૃત રીતે સમજાવો.

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

**2)** ઔદ્યોગિક નીતિના હેતુઓ વર્ણવો.

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

**3)** 1948ની ઔદ્યોગિક નીતિના મુખ્ય ઉદ્દેશ્યો જણાવો.

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

**4)** 1956ની ઔદ્યોગિક નીતિના મુખ્ય ઉદ્દેશો જણાવો.

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

**5)** 1956ની અને 1948ની ઔદ્યોગિક નીતિમાં જોવા મળતો ભેદભાવ વર્ણવો.

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

**6)** 1956ની ઔદ્યોગિક નીતિમાં કરવામાં આવેલ ઉદ્યોગોનું વર્ગીકરણ સમજાવો.

________________________________________________________________

________________________________________________________________

________________________________________________________________

7) જાહેર સાહસોના વહીવટ સંદર્ભે 1956ની 1948ની ઔદ્યોગિક નીતિની જોગવાઈ વર્ણવો.

8) 1977ની ઔદ્યોગિક નીતિમાં ગૃહ અને નાના પાયાના ઉદ્યોગો અંગેની જોગવાઈઓ વર્ણવો.

9) 1977ની ઔદ્યોગિક નીતિમાં વિવિધ ઔદ્યોગિક સંબંધો અંગેની નીતિનું વર્ણન કરો.

10) 1980ની ઔદ્યોગિક નીતિના હેતુઓ વર્ણવો.

11) 1991ની ઔદ્યોગિક નીતિના હેતુઓ વર્ણવો.

12) 1991ની ઔદ્યોગિક નીતિની મુખ્ય જોગવાઈઓ લખો.

**13)** 1991ની ઔદ્યોગિક નીતિમાં પરવાના અને રજીસ્ટ્રેશન અંગેની વિગતે ચર્ચા કરો.

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

**14)** 1991ની ઔદ્યોગિક નીતિમાં વિદેશી મૂડીરોકાણ અંગેની નીતિ કેવી રીતે રાખવામાં આવી હતી?

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

**15)** 1991ની ઔદ્યોગિક નીતિમાં ઉદ્યોગોના સ્થળ અંગે કેવી નીતિ ઘડવામાં આવી હતી?

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

**16)** જાહેરક્ષેત્રના સાહસો અંગે 1991ની ઔદ્યોગિક નીતિમાં શું જોગવાઈ કરવામાં આવી હતી?

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

## 8.11 સત્રાંત પ્રશ્નો

**1)** ઔદ્યોગિક નીતિ એટલે શું? ઔદ્યોગિક નીતિની જરૂરિયાત અને હેતુઓ વર્ણવો.

**2)** 1948ની ઔદ્યોગિક નીતિની વિગતે ચર્ચા કરો.

**3)** 1956ની ઔદ્યોગિક નીતિની વિસ્તૃત સમજૂતી આપો.

**4)** 1991ની ઔદ્યોગિક નીતિની સમગ્રલક્ષી ચર્ચા કરો.

## 4.8 ના જવાબો

(1) √ (2) × (3) × (4) √ (5) √ (6) √ (7) × (8) × (9) √ (10) × (11) √ (12) × (13) √ (14) √ (15) √ (16) × (17) √ (18) √ (19) √ (20) × (21) × (22) ×

## ♦ સંદર્ભ સુચિ


*** BOOKS - GUJARATI**

ડૉ. શ્રીનિવાસરાવ & પ્રા.દવે રૂપેશ (2017) 'ઔદ્યોગિક અર્થશાસ્ત્ર' - ન્યુ પોપ્યુલર પ્રકાશન - સુરત

પ્રા. પટેલ બબાભાઈ સો.(1997) 'ભારતીય અર્થકારણ' - સી.જમનાદાસની કંપની - અમદાવાદ

*** BOOKS ENG-ISH**

AGRAWAL A.N. (2003) 'INDIAN ECONOMY' (29TH EDITION) WISHWA PRAKASHAN.

DUTT GAURAV & MAHAJAN ASHWANI (2016) 'INDIAN ECONOMY' (72ND EDITION) S.CHAND PUBLISHING.

*** ANNUAL REPORTS**

- Annual report 2017-18 Gov. of India Ministry of Commerce and industry

- ANNUAL REPORT 2015-16 Department of Commerce Ministry of Commerce & Industry

www.mospi.gov.in

*** WEB -INKS**

http://gsweb.in/indian-economy/content/industrial-poLICies/foreign-investment-inflows.aspx

http://mospi.nic.in/statistical-year-book-india/2017/183

http://smartprep.in/2017/02/download-india-year-book-2017-pdf-english-version/

http://www.econleaks.com/industrial-poLICy-and-industrial-development-in=india-part-v/

HTTP://WWW.PUBLICATIONSDIVISION.NIC.IN

https://en.wikipedia.org/wiki/Industrial_poLICy

https://www.scotbuzz.org/2018/01/audyogik-neeti.html

https://www.slideshare.net/sahavish/ind.ustrial-poLICy-from-1948-1991

https://www.slideshare.net/ShikhaGupta31/industrial-poLICyppt.

https://www.slideshare.net/SunilChichra/industrial-poLICy-1980-to-till.

shodhganga.inflibnet.ac.in/bitstream/10603/59577/10/10_chapter%204.pdf

www.econleaks.com/industrial-poLICy-and-industrial-development-in-india-part-iv/

www.preservearticles.com/2012013022068/short-notes-on-industrial-poLICy-of-1980

www.shareyouressays.com/.../7-most-important-features-of-industrial-poLICy-of-1980

www.yourarticlelibrary.com/industries/8-socio...of...industrial-poLICy...1980/23440

www.yourarticlelibrary.com/poLICies/major-objectives-of...new...poLICy-1991/23441

*** SURVEY**
ECONOMIC SURVEY 2017-18 PART-I
ECONOMIC SURVEY 2017-18 PART-II
HANDBOOK OF STATISTICS ON THE INDIAN ECONOMY
(https://dbie.rbi.org.in)

***ARTIC⁃E**

Reddy Krishna (2007) 'Industrial Growth in India During Pre and Post Reform Periods'
https://www.researchgate.net/pubLICation/228246866

Sharma Ravindra kumar (2014) **'Industrial Development of India in Pre and Post Reform Period'** IOSR Journal Of Humanities And Social Science (IOSR-JHSS) Volume-19, Issue 10, Ver.IV www.iosrjournals.org www.iosrjournals.org.

BAOU
Education for All

स्वाध्यायः परमं तपः

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

9 789389 456059

**Dr. Babasaheb Ambedkar Open University**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**